Ṛṣabha once reached Takṣaśilā and this information was given to Bāhubalī. He wanted to worship Ṛṣabha next morning but Ṛṣabha left for the other place. So in his memory Bāhubalī built a *dharamacakra* at the place where

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Ṛṣabha stayed in Takṣaśilā (AN. 260-1).

## VI. Sectarian trends and synthesis

The next stage of the story is on the sectarian trends and we are sure that it is the stage when Śvetāmbara and Digambara sects of the Jainas were separated in a distinct form. Jinabhadra (609 A. D.) follows the Śvetāmbara trend and Digambara Purāṇas beginning with Raviṣeṇa (678 A. D.) follow the Digambara trend with regard to dreams etc. (PP. 3. 123).

As regards wearing of clothes by the ascetics or the Tīrthaṅkaras Vimala's PC is clear on this point. Vimala says that Ṛṣabha while becoming an ascetic left the clothes etc. (PC. 135). And when he says that some of his colleagues became *tāpasas* and began to wear clothes it follows that according to him those ascetics had no clothes when they became ascetics with Ṛṣabha (PC. 3. 143). This tradition of ascetics being naked is maintained by all the Digambara Purāṇas beginning from Raviṣeṇa (678 A. D.). And as a result, they had to deny the liberation to women. For Bāhubalī Vimala says '*vosariya savvasaṅgo* (4. 52) and for Bharata he says '*tiṇamiva caiūṇa rāyavaralacchi*' (4. 89). PP. says Bāhubalī became naked (4. 75).

But AN is clearly following the Śvetāmbara trend which is followed and further developed by Jinabhadra in his VI. AN 206 says that all the Tīrthaṅkaras take one cloth at the time of their becoming ascetics—"*Savve vi egadūseṇa niggatā*". And about the colleages of Ṛṣabha AN 284 says that they were—*sukkambaras* i. e. having white clothes as well as *nirambaras*, i. e. without clothes. In order to oppose the Digambara trend of non-liberation of women AN 184 according to Haribhadra and 181 according to Malayagiri proclaim that man, woman or eunuch can have the Tīrthaṅkarakarma. And this trend can be found in Paṇṇavaṇā (16) also where it is stated that there can be "*itthiliṅgasiddhā*, *purisaliṅgasiddhā* and *napuṁsakaliṅgasiddhā*". This trend is emphasised by Jinabhadra when he says that Marudevī, the mother of Ṛṣabha is the first *siddha* in this *avasarpiṇi* (Vi. 1631). AN 159 simply says that Marudevī was liberated "*egā siddhiṁ pattā marudevā nābhiṇo pattī*". But Jinasena in his Mahāpurāṇa clearly mentions that first *siddha* was Anantavīrya, the son of Bharata (24. 181).

Removal of pride of Bāhaubalī by the daughters of Ṛṣabha as nuns is accepted by VI-1718 but Jinasena's MP (36, 186) has a different story. It was removed when Bharata went to Bāhubalī and worshipped him. This suggests that a woman should not have privilege to preach an ascetic.

Upto Ṛṣabha's time society had no regular marriage system and that was

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

established by Ṛṣabha. So upto that time *Mihuṇadhamma* was prevailing in the society i. e. twins—brother and sister—were behaving like husband and wife. This was also the case with Ṛṣabha and his sister according to Śvetāmbara tradition. Āvaśyakacūrṇi clearly mentions that Sumaṅgalā, Ṛṣabha wife was his sister—"*ito ya bhagavaṁ sumaṅgalāe bhagīnīe saddhiṁ suhaṁ suheṇa viharai*" p. 152.

But according to Digambar Purāṇas Raviṣeṇa says Ṛṣabha's wives were Sunandā and Nandā (3. 260) but it is strange when he says—Bharata was the son of Yaśasvati (20. 124). Jinasena says that Ṛṣabha married Yaśasvatī and Sunandā, both were the sisters of Kaccha and Mahākaccha (MP. 15. 69-70). Bharata and Brāhmi were son and daughter of Yaśasvati and Bāhubalī and Sundarī were of Sunandā (MP. 15. 126. 16. 5, 7). Bāhubalī was the first Kāmadeva (MP 16. 9). This Kāmadeva mythology is a new conception adopted by Digambara Purāṇas.

About this *mihuṇadhamma* however Digambara Harivaṁśapurāṇa of Jinasena II (V. S. 840) who is later than the Jinasena I accepts this theory in his HP (7. 65 PP) but says that this system was abolished by Marudeva, the 12th Kulakara producing only one son (HP, 7. 166) and not daughter.

When we read Mahāpurāṇa of Jinasena it is clear that he is trying to accommodate some Vedic ideas in Jaina mythology. Such a trend can be seen in PC also when it identifies Kṛtayuga with the times of Ṛṣabha (PC. 3. 118).

This trend was developed by Jinasena. He identifies Kulakaras with Manus and their times with Manvantara (MP. 3. 76, 77, 90, 94, 102 etc.) He uses the words Kulakara and Kuladhara and explains their meaning (3. 211-212). Ṛṣabha is identified with Hiraṇyagarbha, Dhātā and Svayambhū(15. 57) and further has given 1000 names of Jinendra (M.P. 25) explaining each of them. About the object of Ṛṣabha's marriage Jinasena says what a good Vedic Brahmin can say (15. 60-64). And in this manner one can find many interesting information about the synthesis of Jaina and Vedic ideas in social, religious and philosophical spheres in Jinasena's MP.

In this paper I have simply tried in short to show some of the stages of development of the story of Ṛṣabha-Bharata and Bāhubalī. Much is left out and if some is interested in it he can find out for himself.

I have to thank here Dr. N. J. Shah and Dr. H. C. Bhayani who have kindly read this paper and gave suggestions.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**Annotations :**

* Paper read at the Third International Sanskrit Conference held at Paris in 1977.

1. *Mottuṁ kasāyajujjhaṁ saṁjamajujjeṇa jujjhimo iṇhiṁ / Parīsahabhaḍehi samayaṁ jāva ṭhio uttamaṭṭhemmi //* PC. 4. 51

2. For description of this colossal see, K. R. Srinivasan, *Aspects of Jaina Art and Architecture*, Ahmedabad, pp. 176-179.

3. Muni Puṇyavijayji's article on *Paḍhamānuyoga*, in *Acharya Vijayavallabhasūri Smārakagrantha*, Mahāvīra Jaina Vidyālaya, Bombay, pp. 49-56; AN. 250, 231; Vi. 1688, 1669; *nāmāvalinibaddhaṁ* PC. 1. 8.

4. Theory of twins (*juyalaga*) is accepted by JP. p. 549, and it is clearly said that in *Susamasusamā* there were no *vivāhāī* (marriages ,etc.), p. 548. So is the case with *sūsamā* also p. 550, about *Susamadusamā* text is not clear, because Marudevā is said to have given birth to Ṛṣabha but Sumaṅgalā is not mentioned, p. 551. According to VH also we do not find mention that Marudevī have birth to Sumaṅgalā but as birth of twins is continued in the times of Ṛṣabha also according to VH, we can conclude that Ṛṣabha and Sumaṅgalā were twins, VS. p. 161.

5. Here Raviṣeṇa says that Potana was the capital of Bāhubalī and further he says that there was war but after that Bāhubalī proposed duel, PP. 4. 68 ff.

6. According to Jambūdvīpaprajñapti this is not the case. It is clearly mentioned that country of Bharavāsa takes its name after the God of that name and even this name is permanent, p. 592. This clearly shows that author's mind is working towards mythicising. But VP (2. 1. 32) and BP (5. 4. 9) support VH Raviṣeṇa (PP. 4. 59) and Jinasena (MP. 15. 159) also support VH.

7. According to the Jainas the dynasty of Īkṣvāku begins with Ṛṣabha (Vh. p. 164) AN 180-181 : Vi—*āsīya ikkhubhoī ikkhāgā teṇa khattiyā honti*—1610. But PC. says it began with Āiccajasa (5. 9), the son of Bharata (5. 3.).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## Bibliography

AC = Jinadāsa, Āvaśyakacūrṇi, Ratlam, 1928.

AN = Āvaśyakaniryukti included in VI.

AN = Haribhadra's Com. 1916-17.

AN = Malayagiri's Com. 1932-36.

BP = Śrīmadbhāgavata-mahāpurāṇam Gitāpress, Gorakhpur, V. S. 2018 Cauppannamahāpurisacariya of Śīlāṅka, Prakrit Text Society, 1961.

HP = Jinasena II, Harivaṁśapurāṇa, Bhāratiya Jñānapith, Kashi, 1962

Jambūdvīpāprajñapti, Suttāgame Part II, 1954.

MB = Mahābhārata, Poona.

MP = Mahāpurāṇa of Jināsena, Bhāratiya Jñānapith, Kashi 1944.

PC = *Paumacaria* of Vimala, I, II. Prakrit Text Society, 1962, 1968.

PP = *Padmacarita* of Raviṣeṇa, Manik Chandra Digambara Jain Granthamala, No. 22. Bombay, V. S. 1985.

VH = Saṅghadāsa's *Vaṣudevahiṇḍī,* Bhavanagar, 1930.

VI = Viśeṣāvaśyakabhāṣya, Part II of Jinabhadra, L. D. Series, Ahmedabad, 1968.

VP = *Viṣṇupurāṇa,* Gitā Press, Gorakhpur, V. S. 2024.

□ □ □

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# A Note on the Word *Pratyekabuddha* in Jainism★

Buddha and Mahāvīra were contemporaneous great men of their times and as both of them were opponent to the Vedic religion and Philosophy and as they belonged to the Śramaṇa cult it is but natural that some of their conceptions regarding religious and other matter were common. I want to deal in this note with their conception of the *buddha* and particularly with that of *Pratyekabuddha*.

The word *buddha* generally means an enlightened person, and we see that this word is used for the Jaina *tīrthaṅkaras* also just like the Buddha.

In *Ācā*. 4.74 we have *"se hu paṇṇāṇamante buddhe ārambhovarae"*; *Ācā*. 6.11 *"buddhehieyam paveiyam"*; also same in *Ācā*. 8.28; *Ācā*. -8.8.2. *"-Buddhā dhammassa pāragā"*. In *Sūya*, it can be found in the following passages -1.3.31; 1.8.24. *"je u buddhā mahābhāgā vīrā sammattadamisiṇo"*; 1.9.32; 1.10.6 *"Buddhe samāhiyarāe"*; 1.11.22 - "nivvaṇaparamā buddhā"; in 1.11.25 etc., it is said about the Buddha that there are persons who though are not real *buddhas* call themselves *buddhas*- *"abuddhā buddhavādino / buddha mo tti ya maṇṇantā"*; 1.11.36 - *"je ya buddhā atikkantā je ya buddha anāgayā / santi tesiṁ paiṭṭhāṇaṁ bhūyāṇaṁ jagaī jahā //* The words *Tathāgata* as well as *buddha* are also used-see 1.2.40; 1.13.2; 1.2.6 and also in *Ācā* 3.60. *Sūya* mentions the word *buddha* at so many places. The *Āgamaśabdakośa* for references to the word *buddha* (p. 535.) may be referred.

For the Jainas and the Buddhists the Buddhas are of two types *Svayaṁsambuddha* and the *Pratyekabuddha*. *Svayaṁsambuddha* is the one who does not require any preaching by others. Same is the case with the *Pratyekabuddha* : see for the Buddhist conception Ria Klappenborg, *The Paccekabuddha; A Buddhist Ascetic,* (Leiden, E. J. Brill, 1974.). For the Jaina

★ N. H. Samtani and H. S. Prasad (eds.) *Amalā Prajñā : Aspects of Buddhist Studies*, P. V. Bapat Vol., Indian Books Centre, Delhi, 1989.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

conception, I give below some references Umāsvāti in his *Tattvārthabhāṣya* 10.7. says : "*asti svayaṁbuddhaḥ. sa dvividhaḥ arhaṁśca Tīrthaṅkaraḥ, pratyekabuddhasiddhaśca*". It follows from that both the *Tīrthaṅkara* and the *Pratyekabuddha* do not require any preaching from others. The other two types of the Buddhas are "Buddhabodhita" i. e. those who require the preachings from the Buddha and for them Umāsvati says that they are also of two types *parabodhakasiddhāḥ* and *Sveṣṭākārīsiddhāḥ* i. e. those who preach and those who are only interested in their own good so that they do not preach. This contention of Umāsvati is also accepted by Pūjyapāda in his *Sarvārthasiddhi*, the commentary on *Tattvārtha* 10.9., as well as by Akalaṅka in his *Rājavārtika*-10.9.

*Uttarajjhayaṇāim* uses the word *buddha* to mean the "wise precepter" as well as for the "Tīrthaṅkara Mahāvīra" and also for Kesi and Goyama, *Utta* 8, 17 etc. 327, 574, 582, 984, 1432; 839, 843.

In the *Avassayasutta* the word *buddha* is used for the "Siddha" 53.

The word *Patteyabuddha (Pratyekabuddha)* is not found in early Jaina canonical works like *Ācāraṅga Sūyagaḍa, Uttarajjhayanāim* and *Dasaveyaliya-sutta* but it is found in the late stratum of *Bhagavaī*, (25.320) *Sthānāṅga* 219, and in the appendix to *Samavāya* (p. 921) where the information about *Paṇhāvāgaraṇa* is given. It is strange that though the commentary on *Utta*. ch. 9, *Namipavvajjā* depicts Nami and other *Pratyekabuddhas*, the text is silent about Nami's identification as *Pratyekabuddha* (see *Utta. Niryukti*. 264-270 and its Com. by Śāntyācārya, pp. 299-305). Under these circumstances we may say that the idea of *Pratyekabuddha* was originally conceived by the Buddhists and then it was adopted by the Jainas.

In *Utta*. Com. It is clear though Pratyekabuddha is not having any teacher but has some cause (*nimitta*) to ponder over the worthlessness of the *saṁsāra* and as a result he remembers his previous birth and renounces the worldly life and becomes a monk and finally is liberated from this world.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## Bibliography

*Ācā* = *Ācārańga*

*Sūya* = *Sūyagaḍāńga*

*Bhagavaī* = *Bhagavatīsūtra*

*Sthānańga Samayaya* = *Samavāyańga*—all these five are included in *Ańgasuttani*, published by Jaina Vishva Bharati, Ladlun, V. S. 2031.

*Āgama Śabdakośa* = Published by Jaina Vishva Bharati, Ladlun, 1980.

*Utta* = *Uttarajjhayaṇaim*

*Dasaveyaliya* = Pub. Mahavir Jaina Vidyalaya, 1977.

*Āvaṣyakasutra* = Pub. Mahavir Jaina Vidyalaya, 1977.

*Uttarajjhayanasutta* with *Niryukti* and Com. by Śāntyācārya, Vol. II Devachand Lalbhai Granthamala, 1916.

□ □ □

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# REVIEWS

*Praśastapādabhāṣya* with Śrīdhara's *Nyāyakandalī* : Edited and translated into Hindi by Pt. Durgadhara Jha, published by Varanaseya Sanskrit University, Varanasi, 1963 : Price Rs. 25=00.

We are really happy to know that in memory of the great Sanskrit Scholar Dr. Ganganath Jha a Series has been started by the Varanaseya Sanskrit University and we can rightly say that no better choice could have been made than the undertaking of the publication of the Nyāyakandali on Praśastapādabhāṣya which was out of print for many years and which was in demand so much that scholars had to pay high price for the same. We must thank Prof. Kshetresachandra Chattopadhaya, the General Editor of the Series for his choice of this valuable book. The editor Pt. Durgadhara Jha has translated the Kandali in lucid Hindi and written an Introduction explaining the tenets of the Vaiśeṣika system. But he has observed silence on matters pertaining to authors life. We must congratulate him for preparing this nice edition. We know how exacting and tedious the task of editing is. He has enhanced the ultility of the edition by translating the difficult text on logic. The editor has emended the text on his own sweet will. This procedure is really helpful and one should adopt it if there were no other mss of the text available and if there were no other helpful and corroborative literature published. Otherwise is the case in the present instance. Varied mss of the text are recently found out at various places. And the vast Buddhist and Jaina literature pertaining to the subject has been published since the first publication of the Nyāyakandali in A. D. 1895. The utilisation of this literature could have enabled him to correct the text with authoritative support. I say all this not to minimise the value of the present edition but to suggest a course to be followed by any editor.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*Early Mādhyamika in India and China* : by Richard H. Robinson; Motilal Banarsidass, Delhi, 1976, Price Rs.45/-.

This is the Indian reprint of the book by Dr. Robinson. He was the great scholar of early Chinese Literature and Philosophy. His main contribution in this book is that for the first time he studied the Mādhyamika school in India with special reference to its development in China in proper perspective. He was not satisfied with the studies of Mādhyamika philosophy by the scholars of repute like Steherbātsky, La Vallee Poussin and Schayer. To some extant he was satisfied with the work of Dr. T. R. V. Murti, who compared the Mādhyamika philosophy with that of Kant, Hegel-Bradley. Still it was necessary to know the influence of the Mādhyamika philosophy in China when it was introduced by Kumārajīva between A. D. 401 and 409 and out of this influence how it was developed in China. This task is ably conducted by Dr. Robinson. First he has described the Early Indian Mādhyamika and discussed the life and works of Kumārajīva who introduced the philosophy in China and then he has discussed the three main authors of China-Hui-Yuan, Seng-jui and Seng-Chao and their contribution to the Mādhyamika philosophy. At the end he has given the translation of the original Chinese language 10 documents into English so that one can study for himself the Chinese madhyamika philosophy.

No doubt this is most important contribution by Dr. Robinson and we in India should be grateful to this great scholar.

□ □ □

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# GUJARĀTĪ SECTION

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમયુગના વ્યવહાર અને નિશ્ચયનયો

## ૧. અધિગમના વિવિધ ઉપાયો

જૈન દર્શનમાં વસ્તુના નિરૂપણમાં સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદનો આશ્રય લેવામાં આવે છે, અને એ સ્યાદ્વાદ કે અનેકાંતવાદનો આધાર વિભિન્ન નયો છે. ભગવાન મહાવીરે અનેક પ્રશ્નોના ઉત્તરો ભગવતીસૂત્રમાં આપ્યા છે. તેનું વિશેષ અધ્યયન કરીએ તો એ વાત સ્પષ્ટ થાય છે કે તેમના તે ઉત્તરો હઠાગ્રહીના નથી. તેમાં કદાગ્રહ દેખાતો નથી, પણ વસ્તુને વિવિધ રીતે તપાસવાનો પ્રયત્ન છે; અને વસ્તુને વિવિધ રીતે તપાસવી હોય તો તેમાં દૃષ્ટિકોણો બદલવાની જરૂર પડે છે. આ બદલાતા દૃષ્ટિકોણોને શાસ્ત્રીય પરિભાષામાં નયો કહેવામાં આવે છે. જૈન આગમોમાં વસ્તુને જોવાના જે વિવિધ ઉપાયો બતાવવામાં આવ્યા છે, તેમાં જુદી જુદી જાતનાં વર્ગીકરણો નજરે પડે છે. જેમ કે—

### (૧) દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ વગેરે

તેમાંના એક વર્ગમાં એક પ્રકાર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવનો છે, આનો જ બીજો પ્રકાર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ-ગુણનો છે, ત્રીજો પ્રકાર દ્રવ્ય-ક્ષેત્ર, કાલ-ભવ-ભાવનો છે અને ચોથો પ્રકાર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભવ-ભાવ-સંસ્થાનનો છે. પ્રથમ પ્રકારના દ્રવ્યાદિ ચાર એ જ મુખ્ય છે અને એમાંના ભાવના જ વિશેષો ભવ, ગુણ કે સંસ્થાન છે, કારણ કે ભાવ એ પર્યાય છે અને ભવ, ગુણ કે સંસ્થાન પણ પર્યાયવિશેષો જ છે. આથી આ વર્ગની પ્રતિષ્ઠા દ્રવ્યાદિ ચતુષ્ટયને નામે વિશેષરૂપે જૈન દર્શનના ગ્રંથોમાં જોવામાં આવે છે.

### (૨) દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક વગેરે

દૃષ્ટિઓના બીજા વર્ગીકરણમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક દૃષ્ટિ મુખ્ય છે; જ્યારે એને જ બીજી રીતે દ્રવ્યાર્થિક અને પ્રદેશાર્થિક રૂપે અથવા ઓઘઆદેશ અને વિધાનઆદેશરૂપે પણ મૂકવામાં આવી છે. આગમગત આ બે દૃષ્ટિઓ જ મુખ્યરૂપે નયો તરીકે પ્રતિષ્ઠિત થઈ છે; અને તે બે દૃષ્ટિઓના આગળ જઈ પાંચ નયો, છ નયો અને સાત નયો તથા વચનના જેટલા પ્રકાર હોય તેટલા નયો—એમ ભેદો કરવામાં આવ્યા છે. પણ તેના સાત ભેદો એ દર્શનયુગમાં વિશેષરૂપે માન્ય થયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### (૩) નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ

ત્રીજા વર્ગમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર નિક્ષેપો અથવા એથી વધુ નિક્ષેપોનું સ્થાન છે. આમાં મુખ્યરૂપે શાબ્દિક વ્યવહારનો આધાર શોધવાની પ્રવૃત્તિ છે. નિક્ષેપો અનેક છતાં દર્શનયુગમાં અને આગમોની ટીકાઓમાં પણ ઉક્ત ચાર નિક્ષેપોને જ મુખ્ય માનવામાં આવ્યા છે.

### (૪) જ્ઞાનનય અને ક્રિયાનય

ચોથા વર્ગમાં જ્ઞાનનય અને ક્રિયાનય, એટલે કે, જીવનમાં જ્ઞાનને મહત્ત્વ આપવાની દૃષ્ટિ અને ક્રિયાને મહત્ત્વ આપવાની દૃષ્ટિ : મૂળ આગમમાં આ બે નયો વિશે ઉલ્લેખ નથી પણ નિર્યુક્તિભાષ્યોમાં તે સ્પષ્ટ છે. -**વિશેષા૦** ગા૦ ૩૫૯૧, ૩૬૦૦, ૩૬૦૧.[1]

### (૫) વ્યવહાર અને નિશ્ચય

અને પાંચમા વર્ગમાં ભગવતીસૂત્ર અને બીજા આગમિક ગ્રંથોમાં ઉલ્લિખિત વ્યવહાર અને નિશ્ચયનયનો સમાવેશ છે.

### (૬) નય અને પ્રમાણ

અને છેવટે નય અને પ્રમાણથી વસ્તુનો અધિગમ થાય છે—એમ મનાયું છે. આનો અર્થ એ છે કે છૂટા છૂટા દૃષ્ટિકોણોથી અર્થાત્ નયોને આધારે થતું દર્શન એ આંશિક છે, ત્યારે પ્રમાણથી કરાયેલું દર્શન પૂર્ણ છે. આમ વસ્તુતઃ જ્યારે નય અને પ્રમાણરૂપ ઉપાયનું અવલંબન લેવામાં આવે ત્યારે જ વસ્તુના અંતિમ અને પૂર્ણ સ્વરૂપનું ભાન થાય છે.

## ૨. વ્યવહાર અને નિશ્ચયનય અથવા સંવૃતિસત્ય અને પરમાર્થસત્ય

### વિશ્વને સત્ય અને મિથ્યા માનનારાં દર્શનો

ભારતીય દર્શનો સ્પષ્ટ રીતે બે વિભાગમાં વહેંચાઈ જાય છે. એકમાં બાહ્ય દશ્ય અને વાચ્ય વિશ્વને સત્ય માનનારાં અને બીજામાં મિથ્યા અથવા માયિક માનનારાં છે. શાંકરવેદાંત, શૂન્યવાદ, વિજ્ઞાનવાદ આદિ દર્શનો બાહ્ય વિશ્વને મિથ્યા, માયિક, સાંવૃતિક કે પ્રપંચ માની તેની વ્યાવહારિક સત્તા અથવા સાવૃતિક સત્તા સ્વીકારે છે; જ્યારે શૂન્ય, વિજ્ઞાન કે બ્રહ્મને પારમાર્થિક સત્ સ્વીકારે છે. આથી વિપરીત બાહ્ય દેખાતા જગતને સત્ય માનનારા વર્ગમાં પ્રાચીન બૌદ્ધો, જૈનો, ન્યાયવૈશેષિક, સાંખ્ય, મીમાંસકો આદિ છે.

દૃષ્ટિબિંદુના આ ભેદને કારણે અદ્વૈતવાદ અને દ્વૈતવાદ એવા બે ભેદોમાં સામાન્ય રીતે દર્શનોને વહેંચી શકાય છે. અદ્વૈતવાદીઓએ પોતાના દર્શનમાં સામાન્ય જનની દૃષ્ટિએ જે કાંઈ દેખાય છે તેને લૌકિક કે વ્યાવહારિક કે સાંવૃતિક કહ્યું. જ્યારે જ્ઞાની પુરુષની દૃષ્ટિમાં જે આવે છે તેને પારમાર્થિક, અલૌકિક કે પરમ સત્ય કહ્યું. આમાં દર્શનભેદની કલ્પનાને આધારે અપેક્ષાભેદને વિચારમાં સ્થાન મળ્યું. તેને આધારે વ્યવહારદૃષ્ટિ, સંવૃતિ, અવિદ્યા, વ્યવહારનય અથવા વ્યવહારસત્ય અને પરમાર્થદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ, નિશ્ચયનય કે પરમાર્થસત્ય જેવા શબ્દો તે તે દર્શનમાં વપરાવા લાગ્યા છે. છતાં પણ આ બધાંનો અર્થ સૌને એકસરખો માન્ય નથી તે કહેવાની ભાગ્યે જ જરૂર છે. આનું કારણ એ છે કે તે તે દર્શનની મૌલિક વિચારધારામાં જે ભેદ છે તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈને લૌકિક સત્યમાં પણ ભેદ પડે છે.

વેદાન્તદર્શનોમાં મૌલિક વિચારનો આધાર ઉપનિષદો છે, જ્યારે બૌદ્ધ શૂન્યવાદ હોય કે વિજ્ઞાનવાદ, તેમના મૌલિક વિચારનો આધાર બુદ્ધનો ઉપદેશ છે. તત્ત્વની પ્રક્રિયામાં જે ઉપનિષદ્ દર્શન અને જે પ્રકારનું બુદ્ધ દર્શન એ બેમાં જે પ્રકારનો ભેદ છે તે જ પ્રકારનો ભેદ વેદાન્તના અને બૌદ્ધના અદ્વૈતવાદમાં પડવાનો. ઉપનિષદ્‌માં બ્રહ્મમાંથી કે આત્મામાંથી સૃષ્ટિનિષ્પત્તિની જે પ્રક્રિયા હોય તેને આધારે લૌકિક સત્યનું નિરૂપણ વેદાન્તમાં કરવામાં આવે; અને તેથી વિપરીત બુદ્ધના ઉપદેશમાં જે સૃષ્ટિપ્રક્રિયા હોય તેને મૂળ માની લૌકિક સત્યનું નિરૂપણ કરવામાં આવે. આમ બાહ્ય જગતના ભેદને લૌકિક સત્યના નામે બન્ને વિરોધીઓ ઓળખતા હોય, છતાં પણ તેમની પ્રક્રિયાનો ભેદ તો રહે જ છે અને લૌકિક સત્યને નામે વેદાન્તની બધી જ વાત બૌદ્ધ ન સ્વીકારે અને બૌદ્ધની બધી જ વાત વેદાન્ત ન સ્વીકારે એમ પણ બને છે.

અદ્વૈતવાદીઓના ઉક્ત શબ્દપ્રયોગોની પાછળ જે એક સમાન તત્ત્વ છે તે તો એ છે કે અવિદ્યા જ્યાં સુધી હોય છે ત્યાં સુધી પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થતો નથી અને જ્યારે અવિદ્યાનું આવરણ દૂર થાય છે ત્યારે પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. આ બાબતમાં અદ્વૈતવાદ અને દ્વૈતવાદનું પણ ઐક્ય છે જ. જે ભેદ છે તે એ કે અવિદ્યાને કારણે તે તે દર્શનોએ ગણાવેલ તત્ત્વનો સાક્ષાત્કાર થતો નથી. અર્થાત્ અવિદ્યા દૂર થતાં જે પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે તે અદ્વૈતવાદ અને દ્વૈતવાદમાં ભિન્ન ભિન્ન છે.

પ્રસ્તુતમાં જૈન સંમત વ્યવહાર અને નિશ્ચયનયનો વિચાર સંદર્ભમાં કરવો છે. પ્રથમ કહેવાઈ જ ગયું છે કે જૈન દર્શન અદ્વૈતવાદી નથી. આથી તેમાં જ્યારે વ્યવહાર અને નિશ્ચયનય જેવા શબ્દોનો પ્રયોગ થાય ત્યારે તે શબ્દોનો તાત્પર્યાર્થ કાંઈક જુદો જ હોવો જોઈએ; અન્યથા તે પણ અદ્વૈતવાદની હરોળમાં જઈને બેસી જાય. પણ જૈન દર્શનના વિકાસમાં એવી ભૂમિકા ક્યારેય આવી જ નથી; જ્યારે તેમાં દ્વૈતવાદની ભૂમિકા છોડીને સંપૂર્ણ રીતે અદ્વૈતવાદી વલણ અપનાવવામાં આવ્યું હોય.

પ્રસ્તુતમાં વ્યવહાર અને નિશ્ચય વિશે આગમયુગ એટલે કે ભગવાન મહાવીર પછી લગભગ હજાર-બારસો વર્ષ સુધીનું આગમિક શ્વેતામ્બર સાહિત્ય લઈ વિચાર કરવાનો ઇરાદો છે. તે એટલા માટે કે આ બે નયોનો અર્થવિસ્તાર ક્રમે કરી કેવી રીતે થતો ગયો છે અને તેમાં તે તે કાળની દાર્શનિક ચર્ચાઓએ કેવો ભાગ ભજવ્યો છે તે શોધી કાઢવાનું કામ દર્શનના ઇતિહાસના અભ્યાસી માટે સરળ પડે.

## ૩. આગમમાં વ્યવહાર-નિશ્ચય : ઇન્દ્રિયગમ્ય અને ઇન્દ્રિયથી અગમ્ય

ભગવતીસૂત્રગત વ્યવહાર અને નિશ્ચયનાં જે ઉદાહરણ છે તેમાંથી એક વસ્તુ ફલિત થાય છે કે વસ્તુનું ઇન્દ્રિયો વડે કરાયેલું દર્શન આંશિક હોય છે અને સ્થૂલ હોય છે. વળી તે અનેક લોકોને એકસરખું થતું હોઈ લોકસંમત પણ હોય છે અને એવી લોકસંમતિ પામતું હોઈ તે બાબતમાં લોકો કશી આપત્તિ પણ કરતા નથી અને તે બાબતમાં શંકા વિના પારસ્પરિક વ્યવહાર સાધે છે. આથી આવા દર્શનને વ્યવહારસત્ય માનવામાં લોકવ્યવહારનો આશ્રય લેવામાં આવેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી તે વ્યવહારનય કહેવાયો છે; જ્યારે વસ્તુનું એવું પણ રૂપ છે જે ઇન્દ્રિયાતીત છે, ઇન્દ્રિયો તે જાણી શકતી નથી, પણ આત્મા પોતાની નિરાવરણ દશામાં પૂર્ણ પ્રજ્ઞા વડે તે જાણે છે. વસ્તુના આ રૂપને તેનું યથાર્થ રૂપ માનવામાં આવ્યું છે અને તેને ગ્રહણ કરનાર તે નિશ્ચયનય છે.

**ભગવતીસૂત્ર**(૧૮.૬. સૂ૦ ૬૩૦)માં ભગવાને સ્પષ્ટ કર્યું છે કે ગોળને ગળ્યો કહેવો તે વ્યવહારનય છે, પણ નિશ્ચયનયે તો તેમાં બધા પ્રકારના રસો છે. ભમરાને કાળો કહેવો તે વ્યવહારનય છે અને તેમાં બધા વર્ણો છે તે નિશ્ચયનય છે. આ બાબતમાં રૂપ,રસ,ગંધ,સ્પર્શ આદિ વિશેના હળદર વગેરે અનેક ઉદાહરણો આપી સ્પષ્ટ કર્યું છે કે નરી આંખ વગેરે ઇન્દ્રિયો વડે જે વર્ણો, રસો ઇત્યાદિ આપણે જાણીએ છીએ અને તે તે દ્રવ્યોમાં તે તે વર્ણાદિ છે એમ કહીએ છીએ, તે બધો વ્યવહાર છે, પણ વસ્તુતઃ નિશ્ચય દૃષ્ટિએ તો તે તે દ્રવ્યોમાં બધા જ વર્ણાદિ છે. અગ્નિ જેવી વસ્તુ આપણને ભલે ગરમ જ દેખાતી હોય અને બરફ જેવી વસ્તુ ભલે માત્ર ઠંડી જ લાગતી હોય પણ તેના નિર્માણમાં જે પુદ્ગલ પરમાણુઓ છે તે પરમાણુઓમાંના વધારે પરમાણુ જો ઉષ્ણસ્પર્શરૂપે પરિણત થયા હોય તો તે ઉષ્ણ લાગે, પણ તેનો અર્થ એવો નથી કે તેમાં શીત પરમાણુઓનો અંશ છે જ નહિ. વળી, જે પરમાણુ અમુક કાળે ઉષ્ણરૂપે પરિણત હોય તે જ પરમાણુ અગ્નિ ઉપર પાણી પડતા શીતરૂપે પરિણત થઈ જાય છે; એટલે કે શીતરૂપે પરિણત થવાની શક્તિ તેમાં છે, અથવા તો શીતગુણ અવ્યક્ત હતો તે વ્યક્ત થાય છે. તેનો જો સર્વથા અભાવ હોત તો તે ખરશૃંગની જેમ ઉત્પન્ન જ થઈ શકત નહિ. માટે માનવું પડે છે કે અગ્નિદ્રવ્યના પરમાણુઓમાં પણ શીતગુણને સ્થાન છે. આપણે સ્થૂલ રીતે અથવા તો જે વર્ણનું કે રસાદિનું પ્રમાણ વધારે હોય તેને પ્રાધાન્ય આપીને વ્યવહાર ચલાવીએ છીએ. પણ એનો અર્થ એ નથી કે તે તે દ્રવ્યમાં અન્ય વર્ણાદિનો સર્વથા અભાવ છે. ભગવાને આ પ્રકારનો ખુલાસો કર્યો તેનું સહસ્ય એ છે કે જૈન દર્શનમાં પ્રત્યેક પરમાણુમાં તે તે વર્ણાદિરૂપે પરિણત થવાની શક્તિ સ્વીકારાઈ છે. અમુક કાળે ભલે કોઈ પરમાણુ કાળો હોય, પણ તે અન્ય કાળે રક્ત થઈ શકે છે. આને જ કારણે જૈન દર્શનમાં અન્ય વૈશેષિક આદિની જેમ પાર્થિવ, જલીય આદિ પરમાણુઓની જાતિ જુદી માનવામાં નથી આવી, પરંતુ મનાયું છે કે અત્યારે જે પરમાણુ પૃથ્વીરૂપે પરિણત હોય તે જ પરમાણુ અન્યકાળે જલ કે તેજ-અગ્નિરૂપે પરિણત થઈ શકે છે. આને કારણે સ્થૂલ દૃષ્ટિ અથવા તો ઇન્દ્રિયપ્રત્યક્ષ, જે જૈન દર્શન અનુસાર વસ્તુતઃ પ્રત્યક્ષ પણ નથી પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે, તેને આધારે આપણને અમુક વસ્તુ કાળી કે ઉષ્ણ દેખાતી હોય છતાં પણ તાત્ત્વિક રીતે, એટલે કે સર્વજ્ઞે જે રીતે તેને જોઈ છે તે રીતે તો તે માત્ર તે જ વર્ણ કે સ્પર્શાદિવાળી નથી, પણ તેમાં બધા જ વર્ણાદિ છે એમ નિશ્ચયનયનું મન્તવ્ય છે.

વળી નરી નાંખે ઉપરથી કાળો રંગ દેખાય છતાં વસ્તુની અંદરના અવયવોમાં રહેલ અને આંખ સામે નહિ આવેલ અવયવોમાં બીજા રંગો હોય તેને તો આંખ દેખી શકે નહિ અને ભમરો કાળો છે એમ તો આપણે કહીએ છીએ પણ બહાર દેખાતો ભમરો એ જ કાંઈ ભમરો નથી પણ ખરી રીતે સમગ્ર અંદરબહાર જે પ્રકારનો તે હોય તે ભમરો છે. આ પરિસ્થિતિમાં તેને કાળો કહેવો તે માત્ર વ્યવહારની ભાષા છે. તેમાં બીજા પણ રંગો હોઈ તેને નિશ્ચયથી બધા વર્ણયુક્ત સ્વીકારવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં એક વાતનું વિશેષ ધ્યાન રાખવાનું છે કે નિશ્ચયનય વ્યવહારનયે જાણેલ કાળાનો નિરાસ નથી કરતો; પણ તે જ માત્ર છે અને બીજા નથી એવો ભાવ એમાં હોય તો તેનો નિષેધ નિશ્ચયનય કરે છે. નિશ્ચયનય માત્ર વ્યવહારની સ્થૂલતા અને એકાંગિતાનો નિરાસ કરે છે. એટલે કે વ્યવહારે જાણેલ, નિશ્ચય દ્વારા સર્વથા નથી ઠરતું, પણ તે આંશિક સત્ય છે, સ્થૂલ સત્ય છે એમ નક્કી થાય છે.

## સાત નયાન્તર્ગત વ્યવહાર

આગળ કહેવાઈ ગયું છે કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક મૂળ નયો હતા તેના જ કાળક્રમે પાંચ-છ-સાત એવા ભેદો કરવામાં આવ્યા છે. એ નયોના ભેદોમાં પણ એક વ્યવહારનય ગણાવવામાં આવ્યો છે. એટલે નિશ્ચયના અનુસંધાનમાં આવતો વ્યવહારનય અને આ સાત ભેદોમાંનો વ્યવહારનય એક છે કે જુદા તે પણ વિચારવું જોઈએ.

**અનુયોગદ્વારસૂત્ર**માં પ્રસ્થ વગેરેનાં દૃષ્ટાંતથી સાત નયોને સમજાવવામાં આવ્યા છે. ત્યાં પ્રસ્થ દૃષ્ટાંતમાં (**અનુયોગ** સૂ૦ ૧૪૪) સાતે નયોના અવતરણ પ્રસંગે અવિશુદ્ધ નૈગમનો પ્રારંભ—પ્રસ્થ માટે સંકલ્પ કરી કોઈ વ્યક્તિ જંગલમાં તે માટે લાકડા કાપવા જાય છે ત્યારે 'પ્રસ્થ માટે જાઉં છું' એમ કહે છે ત્યારથી—થાય છે; એટલે કે તેણે લાકડા માટે જાઉં છું એમ ન કહ્યું પણ સંકલ્પમાં રહેલ પ્રસ્થ માટે જાઉં છું એમ કહ્યું તે નૈગમનય છે, પણ તે અવિશુદ્ધ છે. પછી તે લાકડું કાપે છે ત્યારે, તેને છોલે છે ત્યારે, તેને અંદરના ભાગમાં કોતરે છે ત્યારે અને તેની સફાઈ કરે છે—સુંવાળપ આપે છે ત્યારે પણ તે પ્રસ્થ વિશેની જ વાત કરે છે. તે બધા પ્રસંગે તે ઉત્તરોત્તર પ્રસ્થની નજીક છે પણ જ્યાં સુધી તે પ્રસ્થ તેના અંતિમ રૂપમાં તૈયાર ન થયું હોય ત્યાં સુધી તે કાંઈ વાસ્તવિક વ્યવહારયોગ્ય પ્રસ્થ કહેવાય નહિ. આથી આ બધા નૈગમનયો ઉત્તરોત્તર અવિશુદ્ધમાંથી વિશુદ્ધ, વિશુદ્ધતર નૈગમો છે; અને જ્યારે પ્રસ્થ બનાવવાની બધી ક્રિયાઓ પૂરી થઈ જાય અને તેને પ્રસ્થ એવું નામ આપી શકાય ત્યારે તેને જે પ્રસ્થ એમ કહેવાય છે તે પણ વિશુદ્ધતર નૈગમનયનો વિષય છે અને તૈયાર થયા પછી તે વ્યવહારમાં પ્રસ્થ તરીકે વપરાય છે ત્યારે પણ તે પ્રસ્થ નામે ઓળખાય છે તેથી વ્યવહારનયનો વિષય બને છે. એટલે કે નૈગમનયના અંતિમ વિશુદ્ધ નૈગમે 'પ્રસ્થ' નામ ધરાવવાની યોગ્યતા જ્યારે આવી ત્યારે તેને પ્રસ્થ કહ્યું અને તે જ્યારે તે રૂપે વ્યવહારમાં આવ્યું અને લોકમાં તે રૂપે પ્રચલિત થઈ ગયું ત્યારે તે પ્રસ્થ વ્યવહારનયનો વિષય બની ગયું. સારાંશ એ છે કે નૈગમમાં પ્રસ્થરૂપમાં ન હોય ત્યારે પણ તે પ્રસ્થ કહેવાયું; પણ વ્યવહારમાં તો ત્યારે જ પ્રસ્થ કહેવાય જ્યારે તે પ્રસ્થરૂપે વાપરી શકાય તેવું બની ગયું હોય.

સારાંશ છે કે અહીં વ્યવહારનયનો વિષય તે તે નામે લોકમાં ઓળખાતી વસ્તુ—વિશેષ વસ્તુ એમ થાય છે. માત્ર સામાન્ય લાકડાને વ્યવહારનય પ્રસ્થ નહિ કહે; જો કે એ જ લાકડું પ્રસ્થ બન્યું છે કારણ કે લોકવ્યવહારમાં લાકડા તરીકે તો પ્રસ્થ અને બીજાં પણ અનેક લાકડાં છે, પણ એ બધાં લાકડાંના પ્રકારોમાંથી વિશેષ આકૃતિવાળાં લાકડાંને જ પ્રસ્થ કહેવામાં આવે છે, બધાને નહિ; તત્ત્વની ભાષામાં કહેવું હોય તો વ્યવહારનય સામાન્યગ્રાહી નહિ પણ વિશેષગ્રાહી છે એમ ફલિત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દૃષ્ટાંત દ્રવ્યનું છે પણ ક્ષેત્રની દૃષ્ટિએ વ્યવહારનયનું ઉદાહરણ વસતિ (અનુ૰ સૂ૰ ૧૪૪) દૃષ્ટાંતને નામે ઓળખાય છે. તમે ક્યાં રહો છો ?—એવા પ્રશ્નના ઉત્તરમાં કોઈ 'લોકમાં રહું છું' એમ શરૂ કરીને ઉત્તરોત્તર કહે કે 'તિર્યગ્ લોકમાં', 'જંબૂદ્વીપમાં', 'ભારતમાં', 'દક્ષિણ ભારતમાં', 'પાટલીપુત્રમાં', 'દેવદત્તના ઘરમાં' અને છેવટે 'દેવદત્તના ઘરના ગભગૃહમાં રહું છું'—એમ કહે છે. આ અવિશુદ્ધ નૈગમથી શરૂ કરીને વિશુદ્ધતર નૈગમના ઉદાહરણ છે. વિશુદ્ધતર નૈગમે જે ઉત્તર આપ્યો કે ગર્ભગૃહમાં રહું છું, લોકવ્યવહારમાં એવો ઉત્તર મળે તો જ તે કાર્યસાધક બને, આથી તેવો જ ઉત્તર વ્યવહારનયને પણ માન્ય છે.

ગર્ભગૃહ પણ સમગ્ર લોકનો એક ભાગ હોઈ 'લોકમાં રહું છું' એ ઉત્તર અસદુત્તર તો નથી, પણ તે ઉત્તરથી લૌકિક વ્યવહાર ચાલી શકે નહિ એટલે લોકવ્યવહાર માટે જરૂરી છે કે સમગ્ર લોકમાંનો પ્રતિનિયત પ્રદેશ નિવાસસ્થાન તરીકે જણાવવામાં આવે. આમ આ દૃષ્ટાંતથી પણ વ્યવહાર વિશેષગ્રાહી છે એમ નિશ્ચિત થાય છે. જેમ પૂર્વ દૃષ્ટાંતમાં લાકડું એ જ પ્રસ્થ છતાં લાકડાની વિશેષ આકૃતિ સિદ્ધ થાય ત્યારે જ તે પ્રસ્થની ક્રિયા કરી શકે છે અને લોકવ્યવહારમાં આવે છે, તેથી વિશેષ પ્રકારનું લાકડું એ પ્રસ્થ એવા નામને પામી, માપણીનો લોકવ્યવહાર સિદ્ધ કરે છે. એટલે કે સંકલ્પમાં રહેલ પ્રસ્થ નહિ, પણ બાહ્ય પ્રસ્થની આકૃતિ ધારણ કરેલો પદાર્થ લોકમાં પ્રસ્થનું કામ આપે છે. માટે તે જ પ્રસ્થ વ્યવહારનયનો વિષય છે.

આ પ્રકારે પૂર્વોક્ત બન્ને દૃષ્ટાંતો દ્વારા વ્યવહારનય વિશેષગ્રાહી છે એ વાતને સમર્થન મળે છે. જે ભેદ છે તે એ કે નૈગમે સંકલ્પના વિષય લાકડાને પણ પ્રસ્થ કહ્યું અને વ્યવહારે પ્રસ્થાકાર લાકડાને પ્રસ્થ કહ્યું. આમ આમાં દ્રવ્ય અને તેના પર્યાયને નજર સમક્ષ રાખી પ્રસ્થ દૃષ્ટાંત છે; જ્યારે વસતિ દૃષ્ટાંતમાં અવયવ અને અવયવીના વિચારના આધારે નૈગમ-વ્યવહારની વિચારણા કરી હોય તેમ જણાય છે કારણ કે નૈગમે તો સમગ્ર લોકરૂપ અવયવી દ્રવ્યને પોતાનો વિષય બનાવી ઉત્તરોત્તર સંકુચિત એવા ખંડોને તે સ્પર્શે છે અને છેવટે વિશુદ્ધતર નૈગમ તેના સંકુચિતતર પ્રદેશને પકડીને નિવાસસ્થાનનો નિર્દેશ કરે છે. નૈગમે ચીંધી આપેલા તે પ્રદેશને જ વ્યવહાર પણ વ્યક્તિના નિવાસસ્થાન તરીકે સ્વીકારી લે છે. આમ અખંડ દ્રવ્યમાંથી તેના ખંડને વ્યવહાર સ્પર્શે છે. આ દૃષ્ટિએ પ્રસ્થ અને વસતિ દૃષ્ટાંતનો ભેદ હોઈ આને દ્રવ્ય નહિ પણ મુખ્યપણે ક્ષેત્રની દૃષ્ટિએ દૃષ્ટાંત આપ્યું છે તેમ કહી શકાય.

**અનુયોગદ્વાર**માં (સૂ૰ ૧૪૪) ત્રીજું ઉદાહરણ પ્રદેશ દૃષ્ટાંતનું છે. આમાં કોઈ કહે છે કે સંગ્રહનયને મતે પાંચના (દ્રવ્યના) પ્રદેશ છે તે આ પ્રમાણે—ધર્મપ્રદેશ, અધર્મપ્રદેશ, આકાશપ્રદેશ, જીવપ્રદેશ અને સ્કંધપ્રદેશ. પણ આની સામે વ્યવહારનયનું કથન છે કે તમે જે પાંચના (દ્રવ્યના) પ્રદેશ કહો છો તે બરાબર નથી; તેમાં તો ભ્રમ થવાને સંભવ છે; જેમ કે કોઈ કે પાંચ ગોષ્ઠિક (એક કુટુંબના) પુરુષોનું સુવર્ણ છે તો તેમાં તે સુવર્ણ ઉપર સૌનો સરખો ભાગ લાગે; તેમ પાંચના પ્રદેશ કહેવાથી તે પ્રદેશો પાંચેના ગણાય—કોઈ એકના નહિ. માટે કહેવું જોઈએ કે પ્રદેશના પાંચ પ્રકાર છે. આમ સંગ્રહમાં પ્રદેશ સામાન્ય માનીને નિરૂપણ હતું જ્યારે વ્યવહારમાં પ્રદેશ વિશેષને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે; અર્થાત્ વ્યવહાર ભેદપ્રધાન છે. વ્યવહારનયના આ દૃષ્ટાંતથી સ્પષ્ટ થાય છે કે વ્યવહારમાં ઉપયોગી સામાન્ય નહિ પણ તેના ભેદો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એટલે તે ભેદમૂલક વ્યવહારને પ્રાધાન્ય આપે છે.

પૂર્વોક્ત બે દૃષ્ટાંતો અને આમાં શો ભેદ છે એ પ્રશ્ન વિચારણીય છે. પ્રસ્થ દૃષ્ટાંત તો સ્પષ્ટપણે દ્રવ્ય અને તેના પર્યાય વિશે છે; એટલે કે ઊર્ધ્વતાસામાન્ય દ્રવ્ય અને તેના પર્યાયો વિશે છે. વસતિ દૃષ્ટાંતમાં દ્રવ્ય અને તેના પ્રદેશની વાત છે; એટલે કે એક જ દ્રવ્યના ખંડની વાત છે. આમાં તે ખંડને પર્યાય કહી તો શકાય, પણ તે પરિણમનને કારણે નહિ, પણ ખંડને કારણે. એટલે મુખ્ય રીતે આ દૃષ્ટાંત દ્રવ્યવ્યવહારનું નહિ પણ ક્ષેત્રવ્યવહારનું છે. અને પ્રદેશદૃષ્ટાંત જે છેલ્લું છે તેમાં દ્રવ્ય સામાન્ય એટલે ઊર્ધ્વતાસામાન્ય નહિ પણ તિર્યગ્ સામાન્ય સમજાય છે અને પછી તે સામાન્યના વિશેષો, ભેદો કે પર્યાયોનો વિચાર છે. આમ આ ત્રણે દૃષ્ટાંતો એક રીતે ભેદગ્રાહી, વિશેષગ્રાહી, પર્યાયગ્રાહી છતાં તેમાં વ્યવહારનો સૂક્ષ્મ ભેદ વિવક્ષિત છે. વ્યવહારનય ભેદગ્રાહી છે—આ વસ્તુ આચાર્ય પૂજ્યપાદે વ્યવહારનયની જે વ્યાખ્યા કરી છે તે પરથી પણ સિદ્ધ થાય છે. પરસામાન્યમાંથી ઉત્તરોત્તર અપરાપર સામાન્યના ભેદો કરવા એવી વ્યાખ્યા પૂજ્યપાદે વ્યવહારની બાંધી આપી છે.

આ ચર્ચાના પ્રકાશમાં જો આપણે અનુયોગ સૂત્રગત વ્યવહારની "वच्चइ विणिच्छियत्थं ववहारो सव्वदव्वेसु"-(**અનુયો૰** સૂત્ર ૧૫૨ પૃષ્ઠ ૨૬૪; આ ગાથા **આવશ્યકનિર્યુક્તિ**માં પણ છે—ગા૰ ૭૫૬) આ વ્યાખ્યાનો અર્થ કરીએ તો સર્વદ્રવ્યોમાં વિનિશ્ચિત અર્થને એટલે કે સામાન્ય નહિ પણ વિશેષે કરી નિશ્ચિત અર્થાત્ ઉત્તરોત્તર ભેદોને—વિશેષોને વ્યવહાર પોતાનો વિષય બનાવે છે—એવો સ્પષ્ટ અર્થ ફલિત થાય છે. આના પ્રકાશમાં આચાર્ય હરિભદ્રે વ્યવહારનયના અનુયોગગત લક્ષણનો જે અર્થ કર્યો છે તે વાજબી ઠરે છે. તેમણે વ્યાખ્યામાં કહ્યું છે કે 'व्रजति निराधिक्ये चयनं चयः, अधिकश्चयो निश्चयः=सामान्यम् । विगतो निश्चयः विनिश्चयः= विगतसामान्यभावः' (પૃ૰ ૧૨૪) અર્થાત્ વ્યવહારનયને મતે સામાન્ય નહિ પણ વિશેષ મુખ્ય છે. એ જ આચાર્યે વળી આવશ્યકનિર્યુક્તિની વ્યાખ્યામાં આ પ્રમાણે કહ્યું છે : "विशेषेण निश्चयो विनिश्चयः । आगोपालाङ्गनाद्यवबोधो न कतिपयविद्वत्सन्निबद्ध इति ।" **आवश्यकनिर्युक्ति** હારિ૰ ગા૰ ૭૫૬; આના ભાષ્ય માટે જુઓ **વિશેષા૰** ૨૨૧૩થી.

## બન્ને વ્યવહારમાં લોકાનુસરણ

નિશ્ચયના અનુસંધાનમાં વ્યવહારનય અને સાતનયના એક પ્રકાર તરીકે વ્યવહારનય એ બન્નેમાં જે વસ્તુ સાધારણ છે તે વિશેષગ્રાહી છે, અને વળી બન્ને વ્યવહારનયો લોકવ્યવહારમાં ઉપયોગી વિશેષને મહત્ત્વ આપે છે. વિશેષ સ્થૂલ બુદ્ધિગ્રાહ્ય છે પણ સામાન્ય સૂક્ષ્મ બુદ્ધિગ્રાહ્ય છે, અને લોકવ્યવહાર તો સ્થૂલ બુદ્ધિથી જ વિશેષ થાય છે તેથી નિશ્ચયના અનુસંધાનમાં વ્યવહારનયને મુખ્યરૂપે લોકવ્યવહારને અનુસરનાર માનવામાં આવ્યો અને સૂક્ષ્મબુદ્ધિગ્રાહ્ય વસ્તુને નિશ્ચયનો વિષય માનવામાં આવી. અને આ સ્થૂલ-સૂક્ષ્મના વિચારભેદમાંથી જ નિશ્ચય અને વ્યવહારનયની આખી વિચારણાએ ક્રમે કરી માત્ર દ્રવ્યાનુયોગનું જ નહિ પણ ચરણાનુયોગનું ક્ષેત્ર પણ સર કર્યું છે.

અહીં એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે સાત નયાન્તર્ગત વ્યવહારને વિશે તે વિશેષને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષય કરે છે એ વાતનું સમર્થન કર્યા પછી પણ 'विनिच्छयत्थं' એ પદનો બીજો જે અર્થ આચાર્ય જિનભદ્ર કરે છે, તે નિશ્ચયનયના અનુસંધાનમાં આવતા વ્યવહારનો જે અર્થ છે તેનું અનુસરણ કરે છે; એટલે કે આગમગત ભમરાનું દૃષ્ટાંત આપીને જનપદમાં પ્રસિદ્ધ જે અર્થ તેને વ્યવહાર વિષય કરે છે એમ જણાવે છે—**વિશેષા૰** ગા૰ ૨૨૨૦. આથી સાત નયાન્તર્ગત વ્યવહાર અને નિશ્ચયના અનુસંધાનમાં આવતો વ્યવહાર બન્ને નજીક આવી જાય છે.

## ૪. નિર્યુક્તિમાં વ્યવહાર અને નિશ્ચય : પૃથ્વી આદિ કાય વિશે

આવશ્યકની અને બીજી નિર્યુક્તિઓમાં વ્યવહાર—નિશ્ચયનું ક્ષેત્ર વ્યાપક બન્યું હોય તેમ જણાય છે. આચારના ક્ષેત્રે અનેક પ્રશ્નો ઊભા થતા હતા તેથી આચાર વિશે અને તેને સ્પર્શતા દ્રવ્યાનુયોગના પદાર્થો વિશે પણ સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા ઊભી થઈ હતી. તેથી આપણે નિર્યુક્તિઓમાં એવાં સ્પષ્ટીકરણો જોઈએ છીએ.

શ્રમણોએ સ્થૂલ-સૂક્ષ્મ સર્વ પ્રકારના જીવની હિંસાથી બચવાની પ્રતિજ્ઞા લીધી હોય છે. સ્થૂલ જીવો તો દેખાય એટલે તેમની હિંસાથી બચવું સરલ હતું, પણ સૂક્ષ્મ જીવો દેખાતા નથી. આથી તેમની હિંસાથી કેવી રીતે બચવું, એ સમસ્યા હતી. સામાન્ય રીતે જોતાં જ્યાં એમ લાગે કે અહીં સૂક્ષ્મ જીવનો સંભવ નથી ત્યાં પણ કેવલીની દૃષ્ટિએ સૂક્ષ્મ જીવોનો સંભવ હોય એમ બને અને વળી જ્યાં સૂક્ષ્મ જીવોનો સામાન્ય રીતે સંભવ મનાય ત્યાં પણ કેવળીને સૂક્ષ્મ જીવોનો અભાવ જણાય એવું પણ બને છે. તો એવે પ્રસંગે સાધક, જેને કેવળ જ્ઞાન નથી, તે શું કરે? આવા જ કોઈ પ્રશ્નમાંથી પૃથ્વી આદિને વ્યવહાર અને નિશ્ચયે સચિત્ત-અચિત્ત માનવાની પ્રક્રિયા શરૂ થઈ હશે, તેનો પડઘો નિર્યુક્તિમાં પડ્યો છે. પિંડનિર્યુક્તિમાં નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ સચિત્ત પૃથ્વીકાયથી માંડી સચિત્ત વનસ્પતિકાય સુધીનો વિચાર કરવામાં આવ્યો છે.

—**પિંડનિર્યુક્તિ** ગા૰ ૧૦-૧૧; ૧૬-૧૭; ૩૫-૩૬; ૩૮-૩૯; ૪૩-૪૪.

પૃથ્વીકાય વિશે કહેવામાં આવ્યું છે કે નિશ્ચયથી સચિત્ત પૃથ્વીકાય પર્વતાદિનો મધ્યભાગ છે. પણ વ્યવહારથી સચિત્ત પૃથ્વીકાય અચિત્ત અને મિશ્રથી ભિન્ન હોય તે જાણવી. આ જ પ્રમાણે અપ્કાય આદિ વિશે કહેવામાં આવ્યું છે કે તળાવ, વાવ આદિનું પાણી વ્યવહારથી સચિત્ત છે અને લવણાદિ સમુદ્રના મધ્યભાગ વગેરેનું પાણી નિશ્ચયથી સચિત્ત છે. એ જ પ્રમાણે તેજસ્કાય આદિ વિશે પણ વ્યવહાર-નિશ્ચયથી વિચાર કરવામાં આવ્યો છે. એમ કહેવાયું છે કે તળાવનું પાણી સામાન્ય રીતે સચિત્ત જ હોય છે. પણ ભગવાન મહાવીરે પોતાના કેવળ જ્ઞાન વડે જાણ્યું કે અમુક તળાવનું પાણી અચિત્ત થઈ ગયું છે અને છતાં પણ તેનું પાણી પીવાની અનુજ્ઞા તેમણે પોતાના શિષ્યોને આપી નહિ. તે એટલા માટે કે આગળ ઉપર આ ઉપરથી ધડો લઈ બીજા સાધુઓ તેવા જ બીજા તળાવના પાણીને અચિત્ત માની પીવાનું શરૂ કરે તો દોષ લાગવાનો સંભવ હતો. આથી તેવા દોષને ટાળવા માટે તેમણે તે વિશિષ્ટ તળાવના પાણીને પીવાની પણ અનુજ્ઞા ન આપી, કારણ કે સામાન્ય રીતે તળાવનું પાણી સચિત્ત જ હોય છે એટલે તેમણે જે તળાવમાં સૂક્ષ્મ જીવોનો અભાવ જોયો હતો તેને પણ વ્યવહારદૃષ્ટિએ સચિત્ત માનવા પ્રેરણા આપી અને તેનું પાણી પીવાની અનુજ્ઞા આપી નહિ. —**નિશીથ** ગા૰ ૪૮૫૯; **બૃહત્કલ્પ** ૯૯૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચય-વ્યવહારથી સચિત્તનો આવો જ વિચાર ઓઘનિર્યુક્તિમાં પણ કરવામાં આવ્યો છે.

—**ઓઘનિર્યુક્તિ** ગા૦ ૩૩૭-૩૬૩.

## આત્મવિઘાત વિશે

પિંડનિર્યુક્તિમાં દ્રવ્ય આત્મા અને ભાવ આત્માના ભેદ પાડવામાં આવ્યા છે, જ્ઞાનાદિ ગુણવાળું જે દ્રવ્ય તે દ્રવ્યાત્મા છે એટલે કે પૃથ્વીકાય આદિ જીવાસ્તિકાય દ્રવ્ય તે દ્રવ્યાત્મા છે; અને જ્ઞાન-દર્શન-ચરણ (ચારિત્ર) એ ત્રણ ભાવાત્મા છે. પરના પ્રાણાદિનો વધ કરનાર સાધુ તે પરની ઘાત તો કરે જ છે, પણ સાથે સાથે તે પોતાના ચરણરૂપ ભાવ આત્માનો પણ વિઘાત કરે છે ત્યારે પ્રશ્ન થાય છે કે તો પછી તે વખતે તેના જ્ઞાનાત્મા અને દર્શન આત્મા વિશે શું માનવું ? ઉત્તરમાં વ્યવહાર અને નિશ્ચયનયનો આશ્રય કરીને કહેવામાં આવ્યું છે કે નિશ્ચયનયને મતે ચરણાત્માનો વિઘાત થયો હોય તો જ્ઞાન-દર્શનનો પણ વધ માનવો જોઈએ; અને વ્યવહારનયને મતે ચરણાત્માનો વિઘાત થયો હોય તો જ્ઞાન-દર્શન આત્માના વિઘાતની ભજના છે.

—**પિંડનિર્યુક્તિ** ગા૦ ૧૦૪-૧૦૫.

આનું રહસ્ય એમ જણાય છે કે નિશ્ચયનય એ અહીં એવંભૂત નય જેવો છે. એટલે તે કાળે ચરણાત્મવિઘાત કહો કે આત્મવિઘાત કહો એમાં કશો ભેદ નથી. તેથી જ્યારે ચરણાત્માનો વિઘાત થયો ત્યારે તદભિન્ન જ્ઞાન-દર્શન આત્માનો પણ વિઘાત થયો જ છે. કારણ, ચરણપર્યાયનું પ્રાધાન્ય માનીને આત્માને ચરણાત્મા કહ્યો છે પણ ઘાત તો પર્યાયાપન્ન આત્માનો જ થયો છે, તેથી તે પર્યાયની સાથે કાલાદિની અપેક્ષાએ અન્ય પર્યાયોનો અભેદ માનીએ તો ચરણાત્માના વિઘાત સાથે જ્ઞાન-દર્શનાત્માનો પણ વિઘાત ઘટી જાય છે.

વ્યવહારનય એ ભેદવાદી હોઈ ચરણ એટલે માત્ર ચરણ જ; તેથી ચરણના વિઘાત સાથે જ્ઞાનદર્શનનો વિઘાત જરૂરી નથી, તેથી વ્યવહારનયે ભજના કહેવામાં આવી છે.

ચરણવિઘાતે જ્ઞાન-દર્શનવિઘાત માનવો જોઈએ એ નિશ્ચયનયનો ખુલાસો ભાષ્યયુગમાં જે કરવામાં આવ્યો છે તે વિશે આગળ ઉપર કહેવામાં આવશે.

## કાલ વિશે

શ્રમણની દિનચર્યામાં કાલને મહત્ત્વનું સ્થાન છે, આથી કાલવિચાર કરવો પ્રાપ્ત હતો. ગણિતની મદદથી વિશુદ્ધ દિનમાન કાઢી પૌરુષીનો વિચાર કરવામાં આવે તે નિશ્ચયકાલ જાણવો પણ લોકવ્યવહારને અનુસરી પૌરુષી માની વ્યવહાર કરવો તે વ્યવહારકાલ છે.

—**ઓઘનિર્યુક્તિ** ગા૦ ૨૮૨-૨૮૩.

વળી, **આવશ્યક નિર્યુક્તિની ચૂર્ણિ**(પૃ૦ ૪૨)માં ખુલાસો કરવામાં આવ્યો છે કે નિશ્ચયનયને મતે દ્રવ્યાવબદ્ધ ક્ષેત્રથી કાલ જુદો નથી. દ્રવ્યાવબદ્ધ ક્ષેત્રની જે પરિણતિ તે જ કાલ છે. જેમકે ગતિપરિણત સૂર્ય જ્યારે પૂર્વ દિશામાં દેખાય ત્યારે તે પૂર્વાહ્ણ કહેવાય; અને જ્યારે તે આકાશના મધ્યમાં ઉપર દેખાય ત્યારે મધ્યાહ્નકાલ છે; અને જ્યારે ગતિપરિણત તે સૂર્ય પશ્ચિમ દિશામાં દેખાય તે અપરાહ્ણકાલ કહેવાય. માટે નિશ્ચયનયને મતે દ્રવ્યપરિણામ એ જ કાલ છે. મૂલ આગમમાં જ્યારે જીવ-અજીવને કાલ કહેવામાં આવ્યા ત્યારે આ જ નિશ્ચયદૃષ્ટિનો આશ્રય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવામાં આવ્યો હતો એમ માનવું રહ્યું.

**સામાયિક કોને ?**

નિર્યુક્તિમાં સામાયિક કોને પ્રાપ્ત થાય છે તેનો ગત્યાદિ અનેક બાબતોમાં વિચાર કરવામાં આવ્યો છે. તેમાં દૃષ્ટિ એટલે સમ્યગ્દર્શનને લઈને જે વિચાર છે તે વ્યવહાર અને નિશ્ચય બન્ને દૃષ્ટિએ કરવાની સૂચના આપી છે; એટલે કે વ્યવહારનયે સામાયિક વિનાનાને જ સામાયિક થાય અને નિશ્ચયનયે સામાયિક સંપન્ને જ સામાયિક થાય.

—**આવશ્યકનિર્યુક્તિ** ગા૦ ૮૧૪(દીપિકા)

**અહિંસા વિચાર**

ઓઘનિર્યુક્તિમાં ઉપકરણના સમર્થનમાં જણાવવામાં આવ્યું છે કે બાહ્ય ઉપધિ છતાં જો શ્રમણ આધ્યાત્મિક વિશુદ્ધિ ધરાવતો હોય તો તે અપરિગ્રહી જ કહેવાય છે.—આ છે નિશ્ચયદૃષ્ટિ.

"अज्झत्थविसोहिए उवगरणं बाहिरं परिहरंतो ।
अप्परिग्गहीत्ति भणिओ जिणेहिं तेलुक्कदंसीहिं ॥"

—**ઓઘનિ૦** ગા૦ ૭૪૫

આમાંથી જ હિંસા-અહિંસાની વિચારણા કરવાનું પણ અનિવાર્ય થયું; કારણ, જે કાંઈ અન્ય વ્રતો છે તેના મૂળમાં તો અહિંસાવ્રત જ છે. એટલે નિર્યુક્તિકાર કહે છે કે અહિંસાનો આધાર પણ આત્મવિશુદ્ધિ જ છે. આ સંસાર તો જીવોથી સંકુલ છે; તેમાં જીવવધ ન થાય એમ બને નહિ, પણ શ્રમણની અહિંસાનો આધાર તેની આત્મવિશુદ્ધિ જ છે—

"अज्झप्पविसोहीए जीवनिकाएहिं संथडे लोए ।
देसियमहिंसगत्तं जिणेहिं तेलोक्कदंसीहिं ॥ ७४७ ॥"

કારણ કે અપ્રમત્ત આત્મા અહિંસક છે અને પ્રમત્ત આત્મા હિંસક છે—આ નિશ્ચય છે.

"आया चेव अहिंसा आया हिंसत्ति निच्छिओ एसो ।
जो होइ अप्पमत्तो अहिंसओ हिंसओ इयरो ॥ ७५४ ॥"

આની ટીકામાં શ્રીમદ્ દ્રોણાચાર્ય જણાવે છે કે લોકમાં હિંસા-વિનાશ શબ્દની પ્રવૃત્તિ જીવ અને અજીવ બન્ને વિશે થતી હોઈ નૈગમનયને મતે જીવની અને અજીવની બન્નેની હિંસા થાય છે એમ છે. અને તે જ પ્રમાણે અહિંસા વિશે પણ છે. સંગ્રહ અને વ્યવહારને મતે પણ ષટ્જીવનિકાયને વિશે હિંસાનો વ્યવહાર છે; અર્થાત્ અહિંસાનો વ્યવહાર પણ તે નયોને મતે ષટ્જીવનિકાય વિશે જ છે. ઋજુસૂત્રનયને મતે પ્રત્યેક જીવ વિશે જુદી જુદી હિંસા છે. પણ શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત નયોને મતે આત્મા જ હિંસા કે અહિંસા છે. આ જ નિશ્ચયનયનો અભિપ્રાય છે. નિશ્ચયનય એ દ્રવ્ય અને પર્યાયનો ભેદ માનીને નહિ, પણ પર્યાયનું પ્રાધાન્ય માની પોતાનું મંતવ્ય રજૂ કરે છે; એટલે કે આત્માની હિંસા કે અહિંસા નહિ પણ આત્મા જ હિંસા કે અહિંસા છે—એમ નિશ્ચયનયનું મન્તવ્ય છે.

નિર્યુક્તિકારને મતે જે શ્રમણ યતમાન હોય; એટલે કે અપ્રમત્ત હોય તેનાથી થતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરાધના એ બંધકારણ નથી, પણ તેની આત્મવિશુદ્ધિને કારણે તે નિર્જરારૂપ ફલ દેનારી છે. જે નિશ્ચયનયનું અવલંબન લે છે અને જે સમગ્ર આગમનો સાર જાણે છે તેવા પરમર્ષિઓનું પરમ રહસ્ય એ છે કે આત્મપરિણામ એ જ હિંસા કે અહિંસા માટે પ્રમાણ છે અને નહિ કે બાહ્ય જીવની હિંસા કે અહિંસા. પરંતુ આ નિશ્ચયની વાતનું કેટલાક લોકો અવલંબન તો લે છે, પણ તેના વિશેનો યથાર્થ નિશ્ચય એટલે કે ખરા રહસ્યનું યથાર્થ જ્ઞાન જેમને નથી, તેઓ તો બાહ્ય ક્રિયામાં પ્રમાદી થઈને ચારિત્રમાર્ગનો લોપ જ કરે છે. સારાંશ એ છે કે પરિણામ પર જ ભાર મૂકી જેઓ બાહ્ય આચરણ; એટલે કે વ્યવહારને માનતા નથી તેઓ ચારિત્રમાર્ગના લોપક છે—માટે વ્યવહાર અને નિશ્ચય બન્નેનો સ્વીકાર જરૂરી છે—

"जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सो होइ निज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥

परमरहस्समिसीणं समत्तगणिपिडगझरितसाराणं ।
परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं ॥

निच्छयमवलंबंता निच्छयओ निच्छयं अयाणंता ।
नासंति चरणकरणं बाहिरकरणालसा केइ ॥"

—**ओघनिर्युक्ति** ૭૫૯-૬૧

"आह-यद्ययं निश्चयस्ततोऽयमेवालम्ब्यतां किमन्येनेति ? उच्यते—निश्चयमवलम्बमानाः पुरुषाः 'निश्चयतः' परमार्थतो निश्चयमजानानाः सन्तो नाशयन्ति चरणकरणम् । कथम् ? 'बाह्यकरणालसाः' बाह्यं वैयावृत्त्यादि करणं तत्र अलसाः-प्रयत्नरहिताः सन्तश्चरणकरणं नाशयन्ति । केचिदिदं चाङ्गीकुर्वन्ति यदुत परिशुद्धपरिणाम एव प्रधानो न तु बाह्यक्रिया । एतच्च नाङ्गीकर्तव्यम् । यतः परिणाम एव बाह्यक्रियारहितः शुद्धो न भवतीति । ततश्च निश्चय-व्यवहारमत-मुभयरूपमेवाङ्गीकर्तव्यमिति ।" —**ओघनिर्युक्ति** टीका गा० ૭૬૧

## વંદનવ્યવહાર વિશે

શ્રમણોમાં વંદનવ્યવહારની રીત એવી છે કે જે જ્યેષ્ઠ એટલે કે દીક્ષાપર્યાયે જ્યેષ્ઠ હોય—વયથી જ્યેષ્ઠ હોય તે વંદ્ય છે. પણ જ્યારે સૂત્રવ્યાખ્યાન થતું હોય ત્યારે જે સૂત્રધારક હોય તેને જ્યેષ્ઠ માનીને બીજા વંદન કરે. આ પ્રકારના વ્યવહાર ઉપરથી પ્રશ્ન ઉપસ્થિત થયો કે સૂત્રધારકને પણ જો જ્યેષ્ઠ કહી શકાતા હોય તો જેઓ માત્ર દીક્ષાપર્યાયથી—વયથી જ્યેષ્ઠ હોય અને સૂત્ર કે તેનું વ્યાખ્યાન જાણતા ન હોય તેમને વંદન કરવાથી શો લાભ ?—

"चोएति जइ हु जिट्ठो कहिंचि सुत्तत्थधारणाविगलो ।
वक्खणलद्धिहीणो निरत्थयं वंदणं तम्मि ॥"

—**આવ૦ નિ૦** ગા૦ ૭૧૨ (દીપિકા)

વળી સૂત્રવ્યાખ્યાનપ્રસંગે જ્યેષ્ઠની વ્યાખ્યામાં વયજ્યેષ્ઠ કરતાં રત્નાધિકને જ્યેષ્ઠ માનવો એમ મનાયું તો પછી રત્નાધિક શ્રમણ ભલેને વયથી લઘુ હોય પણ જો વયથી જ્યેષ્ઠ એવો શ્રમણ તેની પાસે વંદન કરાવે તો તે શું એ રત્નાધિકની અશાતના નથી કરતો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"अह वयपरियाएहिं लहुगो वि हु भासओ इहं जेट्ठो ।
रायणियवंदणे पुण तस्स वि आसायणा भंते ॥"

—**આવ૦ નિ૦** ગા૦ ૭૧૩ (દીપિકા)

આ શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું છે કે જયેષ્ઠની વ્યાખ્યા પ્રસંગાનુસાર કરવામાં આવે છે. સામાન્ય રીતે વ્રતગ્રહણનો પર્યાય જયેષ્ઠના નિર્ણયમાં કામ આવે છે, પણ સૂત્રવ્યાખ્યાનપ્રસંગમાં તો વ્રતપર્યાયને નહિ પણ લબ્ધિને મુખ્ય માનવામાં આવે છે. અને આથી સૂત્રવ્યાખ્યાન કરવાની જેનામાં લબ્ધિ હોય તે વયથી ભલે ને લઘુ હોય પણ તે જયેષ્ઠ ગણાય. આથી એવા રત્નાધિક જયેષ્ઠને વયજયેષ્ઠે વંદન કર્યું તેમાં કશું જ અનુચિત નથી. વળી વ્યાખ્યાન પ્રસંગે તો વયજયેષ્ઠે નમસ્કાર કર્યો છે. આથી રત્નાધિકની આશાતનાનો પ્રસંગ પણ નથી.

"जइ वि वयमाइएहिं लहुओ सुत्तत्थधारणापडुओ ।
वक्खाणलद्धिमंतो सो चिय इह घेप्पई जेट्ठो ॥

आसायणा वि णेवं पडुच्च जिणवयणभासयं जम्हा ।
वंदणयं राइणिए तेण गुणेणं पि सो चेव ॥"

—**આવ૦ નિ૦** ગા૦ ૭૧૪-૭૧૫ (દીપિકા)

આચાર્યે આવો નિર્ણય આપ્યો તે પાછળ તેમની દૃષ્ટિ શી હતી તેનું સ્પષ્ટીકરણ તેમણે વ્યવહાર અને નિશ્ચયનયના અવલંબનથી કર્યું છે. તેમણે જણાવ્યું છે કે વ્યવહારનું અનુસરણ કરવામાં આવે ત્યારે વયજયેષ્ઠ એ જયેષ્ઠ ગણાય. પણ નિશ્ચયનયને મતે તો દીક્ષાપર્યાય કે વય એ પ્રમાણ નથી, પણ ગુણાધિક્ય એ પ્રમાણ છે. માટે બન્ને નયોને આધારે પ્રસંગ પ્રમાણે વર્તન કરવામાં કશો જ દોષ નથી, જૈન ધર્મમાં એક જ નય નહિ, પણ બન્ને નય જ્યારે મળે ત્યારે તે પ્રમાણ બને છે. માટે બન્ને નયોને માનીને પ્રસંગાનુસાર વંદનવ્યવહાર કરવો. આ બન્ને નયોને મહત્ત્વ આપવું એટલા માટે જરૂરી છે કે ગુણાધિક્ય એ આંતરિક ભાવ છે અને સર્વ પ્રસંગે એ આંતરિક ભાવનું જ્ઞાન છદ્મસ્થ માટે સંભવ નથી, માટે જ્યાં આંતરિક ભાવ જાણવામાં આવે એવે પ્રસંગે તેને મહત્ત્વ આપી વંદનવ્યવહારની યોજના નિશ્ચયદૃષ્ટિને મહત્ત્વ આપી કરવામાં આવે તેમાં કશું ખોટું નથી, પણ સામાન્ય રીતે તો દીક્ષાપર્યાયે જે જયેષ્ઠ હોય તેને જયેષ્ઠ માનીને વંદનવ્યવહારની યોજના વ્યવહારનયે કરવી એ સુગમ લોકસંમત માર્ગ છે, કારણ, ગુણાધિક્ય જાણવું લોકને માટે સુગમ નથી, પણ દીક્ષાપર્યાય જાણવો સુગમ છે; એટલે વ્યવહારનયે માની લીધું કે જેનો દીક્ષાપર્યાય વધારે તે મોટો એટલે વંદનીય—

"न वओ एत्थ पमाणं न य परियाओ वि णिच्छयमएण ।
ववहारओ उ जुज्जइ उभयनयमयं पुण पमाणं ॥

निच्छयओ दुन्नेयं को भावे कम्मि वट्टइ समणो ।
ववहारओ उ कीरइ जो पुव्वठिओ चरित्तम्मि ॥"

—**આવ૦ નિ૦** ગા૦ ૭૧૬-૭૧૭ (દીપિકા)

આમાંની અંતિમ ગાથા **બૃહત્કલ્પભાષ્ય**માં પણ છે. જુઓ ગા૦ ૪૫૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘવ્યવસ્થા જાળવવા માટે આ પ્રકારનો વ્યવહાર જરૂરી છે, અન્યથા ગુણજ્યેષ્ઠ ગણાવા સૌ પ્રયત્ન કરે અને અવ્યવસ્થા ઊભી થાય. અને ગુણનું પરીક્ષણ સર્વથા સંભવ નથી, તેમ સર્વથા અસંભવ પણ નથી, માટે સામાન્ય વ્યવહાર એવો કે વ્રતજ્યેષ્ઠ તે જ્યેષ્ઠ અને વંદનીય પરંતુ વિશેષ પ્રસંગે જ્યાં ગુણાધિક્યના જ્ઞાનનો નિશ્ચય થાય ત્યાં તે ગુણાધિક પુરુષ પણ વંદનીય બને. આ જ કારણે લોકદષ્ટિથી અથવા તો વ્યવહારનયથી કરેલી વ્યવસ્થાને સ્વયં અર્હત્—કેવળીભગવાન્ પણ અનુસરે છે—એવું સ્પષ્ટીકરણ મૂળ ભાષ્યકારે કર્યું છે. આ જ વ્યવહારની બળવત્તા છે. મૂળ ભાષ્યકાર જણાવે છે કે વ્યવહાર પણ બળવાન્ છે, કારણ કે જ્યાં સુધી ગુરુને એવી જાણ ન હોય કે મારો શિષ્ય કેવળી થઈ ગયો છે ત્યાં સુધી તે અર્હત્ પોતાનો ધર્મ સમજીને છદ્મસ્થ એવા ગુરુને વંદન કરે છે-

"ववहारो वि हु बलवं जं छउमत्थं पि वंदइ अरहा ।
जा होइ अणाभिण्णो जाणंतो धम्मयं एयं ॥"

—**આવ૦ નિ૦** મૂલ ભાષ્ય-૧૨૩

આ ગાથા **બૃહત્કલ્પ ભાષ્ય**માં પણ છે. જુઓ ગા૦ ૪૫૦૭.

નિર્યુક્તિગત વ્યવહારનિશ્ચયની જે ચર્ચા છે તે એક એ વાત સિદ્ધ કરે છે કે વ્યવહારમાંથી યથાર્થતાનો અંશ ઓછો થાય છે; એટલે કે આગમમાં વ્યવહારનું તાત્પર્ય એવું હતું કે તેમાં સત્યનો—યથાર્થતાનો અંશ હતો; જેમકે વ્યવહારદષ્ટિએ જ્યારે ભ્રમરને કાળો કહેવામાં આવ્યો ત્યારે તેમાં કાળો ગુણ હતો, પણ તેનો સદંતર અભાવ હોય અને ભમરાને કાળો વ્યવહારનયે કહ્યો એમ નથી. નિશ્ચયનય કાળા ઉપરાંત બીજા વર્ણોનું અસ્તિત્વ કહે છે, પણ કાળાનો અભાવ બતાવતો નથી. વળી, પ્રસ્થને વ્યવહારમાં લઈ શકાય એવા આકારવાળું લાકડું થાય ત્યારે પ્રસ્થ તરીકે વ્યવહારનયને સંમત હતું. એ પણ બતાવે છે કે લોકવ્યવહારના મૂળમાં યથાર્થતા તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું નથી. આથી વ્યવહારનય યથાર્થથી તદ્દન નિરપેક્ષ નથી. પણ નિર્યુક્તિ કાળમાં વ્યવહારમાં આ યથાર્થતા ઉપરાંત ઔચિત્યનું તત્ત્વ; એટલે કે મૂલ્યનું તત્ત્વ ઉમેરાયું છે. આને કારણે વ્યવહારનયનું ક્ષેત્ર વ્યાપક બન્યું છે. સંસારમાં વયથી જે જ્યેષ્ઠ હોય તે જ્યેષ્ઠ ગણાય છે તેનો તો સ્વીકાર વ્યવહારનય કરે જ છે, પણ નિશ્ચયનયની દષ્ટિએ વયજ્યેષ્ઠ કરતાં ગુણજ્યેષ્ઠનું મહત્ત્વ હોઈ નિશ્ચયનયમાં વયજ્યેષ્ઠનો જ્યેષ્ઠ તરીકે સ્વીકાર નથી. ભમરાનો કાળો ગુણ નિશ્ચયનયની દષ્ટિએ અયથાર્થ નથી, પણ તે ઘણામાંનો એક છે, આ વિચારણા યથાર્થતાને આધાર માનીને થઈ છે, પણ જ્યેષ્ઠ કોને કહેવો એ વિચારણામાં વ્યવહાર—નિશ્ચયનો આધાર યથાર્થતાને બદલે મૂલ્યાંકન છે. આથી આ કાળમાં દ્રવ્ય અને ભાવનો અર્થવિસ્તાર પણ થયો છે. બાહ્ય લોકાચાર એ દ્રવ્ય, અને તાત્ત્વિક આચાર એ ભાવ. વ્યવહારનય આવા દ્રવ્યને અને નિશ્ચયનય આવા ભાવને મહત્ત્વ આપે છે. આથી જ જે તત્ત્વદષ્ટિએ; એટલે કે યથાર્થની દષ્ટિએ અચિત્ત હતું તેને પણ લોકાચાર-વ્યવહારની સુગમતા અને વ્યવસ્થાની દષ્ટિએ સચિત્ત માનવામાં આવ્યું. આમ વ્યવહાર લોકાનુસરણ કરવા જતાં અયથાર્થ તરફ પણ વળી ગયો છે. વ્યવહારનયનું આ વલણ બૌદ્ધોની સંવૃતિ કે વેદાંતના વ્યવહારસત્ય જેવું છે. પણ સાથે સાથે તેનું જે મૂળ વલણ તે પણ આ કાળમાં ચાલુ રહ્યું છે તેની નોંધ પણ લેવી જોઈએ. વળી, નિશ્ચય પણ આ કાળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાર્થ કે તત્ત્વ તરફ જઈ રહ્યો છે; એટલે કે તે વ્યવહારથી સાવ છૂટો થવા જઈ રહ્યો છે.

વળી, લોકવ્યવહારમાં ભાષા મુખ્ય ભાગ ભજવે છે; અને ઘણી વાર ભાષા તત્ત્વથી જુદું જ જણાવતી હોય છે. પણ લોકો વિચાર કર્યા વિના અતાત્ત્વિકને તાત્ત્વિક માની વ્યવહાર ચલાવતા હોય છે. આ પ્રકારના અતાત્ત્વિક વ્યવહારને સ્થાને તાત્ત્વિક વાતની સ્થાપના એ નિશ્ચયનો ઉદ્દેશ બને છે. આથી કહી શકાય કે લોકનું એટલે સમાજનું, બહુજનનું સત્ય એ વ્યવહારનય, પણ કોઈ વિરલ વ્યક્તિ માટેનું સત્ય તે નિશ્ચયનય છે. એ બે વચ્ચેનો આવો ભેદ કાળમાં સ્પષ્ટ થાય છે.

## ૫. ભાષ્યોમાં વ્યવહાર અને નિશ્ચય : લોકવ્યવહારપરક અને પરમાર્થપરક

વ્યવહાર અને નિશ્ચયનયની આગમગત ભૂમિકામાં આપણે જોઈ ગયા છીએ કે એક સ્થૂલગામી છે અને બીજો સૂક્ષ્મગામી છે. આ જ વસ્તુને લઈને આચાર્ય જિનભદ્રે સ્પષ્ટીકરણ કર્યું છે કે વ્યવહારનય એ લોકવ્યવહારપરક છે અને નિશ્ચયનય એ પરમાર્થપરક છે. આ વસ્તુનો વિર્દેશ તેમણે ભગવતીસૂત્રગત ઉદાહરણનો આધાર લઈને જ કર્યો છે—

"लोगव्ववहारपरो ववहारो भणइ कालओ भमरो ।
परमत्थपरो भणइ णेच्छइओ पंचवण्णेत्ति ॥"

—**વિશેષા૦** ગા૦ ૩૫૮૯

આચાર્ય જિનભદ્રે કેવળ વ્યવહારને જ નહિ, પણ નૈગમને પણ લોકવ્યવહારપરક જણાવ્યો છે—

"णेगमववहारा लोगव्ववहारतप्परा" —**વિશેષા૦** ૩૭

પણ જ્યારે ભાષ્યકાર વ્યવહારનયને લોકવ્યવહારપરક જણાવે છે અને નિશ્ચયને પરમાર્થપરક જણાવે છે ત્યારે એ પણ ધ્યાનમાં લેવું જોઈએ કે નિર્યુક્તિકાળમાં તે નયોનો જે ક્ષેત્રવિસ્તાર અને અર્થવિસ્તાર થયો હતો તે પણ ભાષ્યકાળમાં ચાલુ જ છે. તે હવે આપણે જોઈશું.

## વ્યવહાર-નિશ્ચય અને નયો

આચાર્ય જિનભદ્રે જ્યારે વ્યવહારને લોકવ્યવહારપરક કહ્યો અને નિશ્ચયનયને પરમાર્થપરક કહ્યો ત્યારે વળી તેમને તે બન્નેની એક જુદા પ્રકારે વ્યાખ્યા કરવાનું સૂઝ્યું. આપણે જાણીએ છીએ કે આચાર્ય જિનભદ્રે જૈન દર્શનને સર્વનયમય કહ્યું છે; એટલે કે જે જુદાં જુદાં દર્શનો છે તે એકેક નયને લઈને ચાલ્યા છે, પણ જૈન દર્શનમાં સર્વ નયોનો સમાવેશ છે—"इदमिह सव्वणयमयं जिणमतमणवज्जमच्चंतं"—**विशेषा॰** ७२ ।

તેમણે કહ્યું છે કે—

"अहवेगनयमयं चिय ववहारो जं न सव्वहा सव्वं ।
सव्वनयसमूहमयं विणिच्छओ जं जहाभूअं ॥३५९०॥"

—**વિશેષા૦**

સંસારમાં જે વિવિધ મતો છે તે એકેક નયને આધારે છે, તેથી તે વ્યવહારનય કહેવાય કારણ કે તેમાં સર્વ વસ્તુનો વિચાર સર્વ પ્રકારે કરવામાં આવતો નથી, પણ સર્વનયના સમૂહરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે મત છે, એટલે કે જે જૈન દર્શન છે, તે નિશ્ચયનય છે, કારણ કે તે વસ્તુને યથાભૂતરૂપે—યથાર્થરૂપે ગ્રહણ કરે છે. આનો અર્થ એ થયો કે લોકમાં જે વિવિધ દર્શનો છે તે વ્યવહારદર્શનો છે અને જૈન દર્શન તે પારમાર્થિક દર્શન હોઈ નિશ્ચયદર્શન છે.

વળી, નિશ્ચયનય જો સર્વનયોનો સમૂહ હોય તો તે પ્રમાણરૂપ થયો અથવા તો અનેકાંત કે સ્યાદ્વાદ થયો એ પણ એનો અર્થ સમજવો જોઈએ; એટલે કે નિશ્ચયનય એ નયશબ્દથી વ્યવહૃત છતાં તે સર્વનયોના સમૂહરૂપ છે. એટલે તે નય તો કહેવાય જ, છતાં પણ તેનું બીજું નામ પ્રમાણ છે, એમ દર્શનકાળમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

## નયોનો શુદ્ધ-અશુદ્ધ વિભાગ

આગમોની નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ આદિ ટીકાઓમાં વ્યવહાર—નિશ્ચયનયો દ્વારા વિચારણાનું ક્ષેત્ર વ્યાપક બન્યું છે. તેમાં દ્રવ્યાનુયોગ ઉપરાંત ચરણાનુયોગમાં પણ નિશ્ચય-વ્યવહારનો પ્રવેશ થયો છે. અને વળી નિશ્ચયનય એટલે શુદ્ધનય એમ પણ માનવામાં આવ્યું છે. આના મૂળમાં સમગ્રનયો વિશે શુદ્ધ નય અને અશુદ્ધ નય કયો એવો જે વિચાર કરવામાં આવ્યો છે, તે છે. આપણે અનુયોગદ્વારની આ પૂર્વે કરેલી ચર્ચામાં જોયું છે કે તેમાં નૈગમનય ઉત્તરોત્તર અવિશુદ્ધમાંથી વિશુદ્ધ, વિશુદ્ધતર, વિશુદ્ધતમ કેમ બને છે તેની વિચારણા તો હતી જ. તેને આધારે સમગ્ર નયોના સંદર્ભમાં શુદ્ધ-અશુદ્ધની વિચારણા કરવી એ ટીકાકારો માટે સરલ થઈ પડે તેમ હતું. આવી વિચારણા આચાર્ય જિનભદ્રના વિશેષાવશ્યક ભાષ્યમાં અને તેની ટીકામાં થયેલી જોવા મળે છે. તેમણે સામાયિકક્રિયાના કરણ વિશેના વિચારપ્રસંગે બધા નયોને બે વિભાગમાં વહેંચી નાખ્યા છે : શુદ્ધ અને અશુદ્ધ. અને કહ્યું છે કે અશુદ્ધ નયોની અપેક્ષાએ તે અકૃત છે અને શુદ્ધ નયોની અપેક્ષાએ કૃત છે. પણ સમય એટલે કે સિદ્ધાન્ત એવો છે કે તે કૃતાકૃત છે. સારાંશ એ છે કે વિભિન્ન નયો તેને કૃત કે અકૃત કહે છે પણ સ્યાદ્વાદને આધારે તેને કૃતાકૃત માનવું જોઈએ—એટલે કે પ્રમાણ દૃષ્ટિએ તે કૃતાકૃત છે.

—**વિશેષા૦** ગા૦ ૩૩૭૦

આ ગાથાની ટીકા સ્વોપજ્ઞ તો મળતી નથી, કારણ કે તે અધૂરી જ રહી ગઈ છે પણ તેની પૂર્તિ કરનાર કોટ્ટાર્યની ટીકામાં જણાવવામાં આવ્યું છે કે—"अशुद्धनयाः द्रव्यार्थप्रधानाः नैगमसंग्रहव्यवहाराः । तेषां मतेन अकृतं सामायिकं नित्यत्वात् नभोवत् । द्रव्यार्थतः सर्वमेव वस्तु नित्यमिति पक्षधर्मत्वम् । शुद्धनयास्तु ऋजुसूत्रादयः । तेषां मतेन कृतं सामायिकं अनित्यत्वात् घटवत् । पर्यायार्थतः सर्वमेव अनित्यं कृतकं च वस्तु इति पक्षधर्मत्वम् । एवमेकान्ते भङ्गद्वयम् । अथ कृताकृतत्वमुभयरूपं स्याद्वादसमयसद्भावात् । तत् पुनरुभयरूपत्वं द्रव्यार्थपर्यायार्थनयविवक्षावशात् भवति ।"

—**विशेषा॰ कोट्टार्यटीका** ।

સારાંશ એ છે કે નૈગમ, સંગ્રહ અને વ્યવહારનયો દ્રવ્યાર્થપ્રધાન છે; અને તે અશુદ્ધ નયો છે. દ્રવ્યાર્થપ્રધાન હોઈ તે વસ્તુને નિત્ય માને છે, પણ ઋજુસૂત્રાદિ એટલે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ પર્યાયાર્થપ્રધાન છે અને શુદ્ધ નયો છે. પર્યાયપ્રધાન હોઈ તે નયો વસ્તુને અનિત્યરૂપે માને છે પણ સ્યાદ્વાદમાં તો બધા નયોનો સમાવેશ હોઈ તે દ્રવ્ય અને પર્યાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્નેને સ્વીકારી વસ્તુને નિત્યાનિત્ય માને છે.

કોટ્ટાર્યની આ ટીકાનું અનુસરણ કરીને આ૦ કોટ્યાચાર્ય અને આ૦ હેમચંદ્ર મલધારી પણ શુદ્ધ-અશુદ્ધ નયોનો ઉક્ત વિભાગ માન્ય રાખે છે.

વળી, એક વસ્તુ એ પણ આમાં ધ્યાન દેવા જેવી છે કે નયો તે એક-એક અંત હોઈ એકાંત છે અને સ્યાદ્વાદ તે એકાંતોનો સમન્વય કરતો હોઈ અનેકાંત છે.

નયોના આવા શુદ્ધાશુદ્ધ વિભાગને ધ્યાનમાં રાખીને જ આચાર્ય જિનભદ્રે નિશ્ચયનયને શુદ્ધ નય કહ્યો છે, કારણ કે તેમને મતે વ્યવહાર એ અશુદ્ધ નયમાં સમાવિષ્ટ છે તે આપણે ઉપર જોયું. આચાર્ય જિનભદ્રે મૂળ ગાથામાં "नेच्छइयनयमएण अन्नाणी"(**विशेषा.** ગા૦ ૧૧૫૧) ઇત્યાદિ કહ્યું છે પણ તેની પોતે જ રચેલી ટીકામાં કહ્યું છે કે—"शुद्धनयाभिप्रायोऽयम्"—ઇત્યાદિ. આથી ફલિત થાય છે કે તેઓ નિશ્ચયનયને શુદ્ધ નય માને છે.

નૈગમ-સંગ્રહ-વ્યવહાર એ સમગ્રની સંજ્ઞા વ્યાવહારિક નય પણ છે એવો મત ચૂર્ણિમાં વ્યક્ત થયેલો છે અને એ જ પ્રસંગે ઋજુસૂત્રાદિ ચારને ચૂર્ણિમાં શુદ્ધ નયને નામે ઓળખાવ્યા છે. આથી એ પણ ફલિત થઈ જાય છે કે શેષ નૈગમાદિ અશુદ્ધ નયો છે, જેનું બીજું નામ વ્યાવહારિકનયો પણ છે.—"ववहारगहणेण य णेगम-संगह-ववहारा ववहारिगत्ति गहिता.... उज्जुसुतादीणं पुण चउण्हं सुद्धनयाणं......**आव. चूर्णि** पृ. ४३० ।

આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે વ્યવહાર એ અશુદ્ધ નય છે અને નિશ્ચય એ શુદ્ધ નય છે એવો અભિપ્રાય આગમની ટીકાના કાળમાં સ્થિર થયો હતો.

વળી, અહીં એક બીજી વિશેષતા તરફ પણ ધ્યાન દેવું જરૂરી છે; તે એ કે, આગળ આપણે જોયું કે, વ્યવહાર એ વિશેષને માની ચાલે છે પણ શુદ્ધાશુદ્ધના વિભાગમાં વ્યવહાર દ્રવ્યાર્થપ્રધાન છે; એટલે કે તે સામાન્યને માને છે એમ કહેવાય. અને નિશ્ચય એ પર્યાયાર્થિક હોઈ વિશેષને વિષય કરે છે. આનું સ્પષ્ટીકરણ એમ સંભવે કે વૈશેષિકો અને નૈયાયિકો જેને સામાન્યવિશેષ કહે છે એટલે કે જે અપરસામાન્યને નામે ઓળખાય છે તે સત્તા સામાન્યની અપેક્ષાએ વિશેષ છતાં પોતાના વિશેષોની અપેક્ષાએ સામાન્ય છે, એટલે તેને અપેક્ષાભેદે સામાન્ય કે વિશેષ કહી શકાય. તાત્પર્ય એ થયું કે વ્યવહાર પરસામાન્યને નહિ પણ અપરસામાન્યને વિષય કરે છે, જે સત્તાસામાન્યની અપેક્ષાએ વિશેષ છે. આથી વ્યવહારનયને સામાન્યગ્રાહી કહ્યો તે, અને વિશેષગ્રાહી કહ્યો તે, બન્નેમાં કશો વિરોધ રહેતો નથી.

### વ્યવહારનો વિષય

સાત નયમાં જે વ્યવહારનય છે તેના વિષયનું વિવેચન કરતાં ભાષ્યકાર આચાર્ય જિનભદ્ર જણાવે છે કે વિશેષથી ભિન્ન એવું સામાન્ય કોઈ છે જ નહિ કારણ કે ખરવિષાણની જેમ તે ઉપલબ્ધ થતું નથી—

"न विसेसत्थंतरभूअमत्थि सामण्णमाह ववहारो ।
उवलंभववहाराभावाओ खरविसाणं व ॥" —**વિશેષાવશ્યક ભાષ્ય**-૩૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે પ્રથમ જોઈ ગયા છીએ કે વ્યવહારનય સામાન્યગ્રાહી નહિ પણ વિશેષગ્રાહી છે; એનું જ આ સમર્થન છે.

## ગુરુ-લઘુ વિશે

ગુરુ-લઘુનો વિચાર તાત્ત્વિ.૦ક રીતે અને વ્યાવહારિક રીતે નિશ્ચય અને વ્યવહારનયો વડે આચાર્ય જિનભદ્રે કર્યો છે તે પ્રસંગ આપણે છે—આવશ્યક નિર્યુક્તિમાં જણાવવામાં આવ્યું હતું કે ઔદારિક, વૈક્રિયાદિ ગુરુલઘુ દ્રવ્યો છે અને કર્મ, મન, ભાષા એ અગુરુલઘુ દ્રવ્યો છે. (**વિશેષા૦** ગા૦ ૬૫૮ એ **આવ૦ નિ૦**ની ગાથા છે, વળી જુઓ **આવશ્યક ચૂર્ણિ** પૃ૦ ૨૯)

આ નિર્યુક્તિગાથાનું સ્પષ્ટીકરણ કરતાં આચાર્ય જિનભદ્ર દણાવે છે કે વ્યવહારનયને મતે કોઈ દ્રવ્ય ગુરુ હોય છે, જેમ કે લેષ્ટુ-ઢેખારો. કોઈ લઘુ હોય છે, જેમ કે દીપશિખા. કોઈ ગુરુલઘુ—ઉભય હોય છે જેમ કે વાયુ. અને કોઈ અગુરુલઘુ—નોભય હોય છે જેમ કે આકાશ. પણ નિશ્ચયનયને મતે તો સર્વથા લઘુ કે સર્વથા ગુરુ કોઈ દ્રવ્ય હોતું જ નથી પણ બાદર—સ્થૂલ દ્રવ્ય ગુરુલઘુ છે અને બાકીના બધા દ્રવ્યો અગુરુલઘુ છે. —**વિશેષા૦** ગા૦ ૬૫૯-૬૬૦

આ બાબતમાં વ્યવહારનય પ્રશ્ન કરે છે કે જો ગુરુ કે લઘુ જેવું કોઈ દ્રવ્ય હોય જ નહિ તો જીવપુદ્ગલોનું ગમન જે ઊર્ધ્વ અને અધઃ થાય છે તેનું શું કારણ ? અમે તો માનીએ છીએ કે જે લઘુ હોય તે ઊર્ધ્વગામી બને અને જે ગુરુ હોય તે અધોગામી બને. આથી જીવ-પુદ્ગલોને ગુરુ અને લઘુ માનવા જોઈએ, કારણ કે તેમનું ગમન ઊંચે પણ થાય છે અને નીચે પણ થાય છે—**વિશેષા૦** ગા૦ ૬૬૧-૬૬૨. માટે માત્ર ગુરુલઘુ અને અગુરુલઘુ એમ બે પ્રકાર નહિ પણ ગુરુ, લઘુ ગુરુલઘુ અને અગુરુલઘુ—એવા ચાર પ્રકારનાં દ્રવ્યો માનવા જોઈએ એવો વ્યવહારનયનો મત છે.

વ્યવહારનયના આ મન્તવ્યનો ઉત્તર નિશ્ચયનય આપે છે કે વ્યવહારનયમાં જે ઊર્ધ્વગમનનું કારણ લઘુતા અને અધોગમનનું કારણ ગુરુતા માનવામાં આવે છે તે અનિવાર્ય કારણ નથી, કારણ દ્રવ્યની લઘુતા કે ગુરુતા એ જુદી જ વસ્તુ છે અને દ્રવ્યનો વીર્યપરિણામ એ સાવ જુદું જ તત્ત્વ છે. અને વળી દ્રવ્યનો ગતિપરિણામ તે પણ જુદું જ તત્ત્વ છે. આમાં કાંઈ કાર્યકારણભાવ જેવું નથી. —**વિશેષા૦** ગા૦ ૬૬૩

આમ માનવાનું કારણ એવું છે કે પરમલઘુ મનાતા પરમાણુ પણ ઊંચે જવાને બદલે નીચે પણ ગમન કરે છે: તો પછી તેમાં શો હેતુ માનશો ? એટલે કે જો લઘુતા એ ઊર્ધ્વગમનમાં હેતુ હોય તો પરમાણુ ઊંચે જવાને બદલે નીચે કેમ જાય ? તેના નીચા જવામાં લઘુતા સિવાય બીજું જ કાંઈ કારણ માનવું રહ્યું. વળી ધૂમાદિ જે નરી આંખે દેખાય છે તે સ્થૂલ છે છતાં તે ઊર્ધ્વગમન કેમ કરે ? જો સ્થૂલતા એ અધોગમનમાં નિમિત્ત હોય તો ધૂમ નીચે જવો જોઈએ; પણ તે તો ઊંચે જાય છે. આમ કેમ બન્યું ? વળી, મહાગુરુ એવા વિમાનાદિ નીચે જવાને બદલે આકાશમાં ઊંચે કેમ ઊડી શકે છે ? વળી, સાવ સૂક્ષ્મ દેહવાળો દેવ પણ મોટા પર્વતને કેમ ઊંચો કરે છે ? —**વિશેષા૦** ગા૦ ૬૬૪-૬૬૫

જો ભારી પર્વત નીચે જવાને બદલે ઊંચો જાય છે તેમાં દેવના વીર્યને કારણ માનશો તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારસંમત ગુરુતા એકાંતે અધોગમનનું કારણ છે એ અયુક્ત ઠરે છે; અને એ જ પ્રમાણે લઘુતા એ ઊર્ધ્વગમનનું એકાંતે કારણ છે એ પણ અયુક્ત ઠરે છે; વળી ગતિ-સ્થિતિપરિણામને કારણે પણ જીવ-પુદ્ગલોની ગતિસ્થિત થતી હોઈ તેમાં પણ ગુરુતા કે લઘુતાની કારણતાનું અતિક્રમણ છે જ. આથી વ્યવહારનયનો મત અયુક્ત ઠરે છે. —**વિશેષા૦** ગા૦ ૬૬૭

આમ પ્રસ્તુતમાં લોકવ્યવહારમાં જે સ્થૂલ દૃષ્ટિથી ઊર્ધ્વ-અધોગમનના કારણરૂપે લઘુતા-ગુરુતાને માનવાની પ્રથા હતી તે વિરુદ્ધ તત્ત્વવિચાર કરીને તેની કારણતાનો નિરાસ નિશ્ચયનય કરે છે. આમાં વ્યવહાર-નિશ્ચયનયનો વિચાર સાંવૃતિક-પારમાર્થિક સત્યના વિચાર તરફ પ્રગતિ કરતો હોય એમ જણાય છે.

વળી ન્યાય વૈશેષિકમાં ગુરુત્વમાત્ર માન્યું છે અને લઘુત્વને તેના અભાવરૂપ માન્યું છે અને ગુરુત્વને કારણે પતન માન્યું છે તે વિચાર પણ આચાર્યની સમક્ષ છે જ.

## જ્ઞાન-ક્રિયા વિશે

નિર્યુક્તિના વિચાર પ્રસંગે આપણે જોયું છે કે તેમાં જેનો ચારિત્રાત્મા વિહત થયો તેનો જ્ઞાન-દર્શન આત્મા પણ વિઘાતને પામ્યો એવો વિચાર છે. આના જ અનુસંધાનમાં ભાષ્યમાં નિશ્ચયનયને મતે જે એમ કહેવામાં આવ્યું છે કે જો જ્ઞાનનું ફળ સમ્યગ્ ક્રિયામાં ન આવે તો તે જ્ઞાનને અજ્ઞાન માનવું (**વિશેષા૦** ૧૧૫૧)તે ઉક્ત પક્ષની બીજી બાજુ રજૂ કરે છે. જે પ્રકારે ચારિત્રનો નાશ થવાથી જ્ઞાન-દર્શન પણ નષ્ટ થયેલા નિશ્ચયનય માને છે તે જ પ્રકારે જો જ્ઞાન, ક્રિયામાં ન પરિણમે તો તે જ્ઞાનને પણ અજ્ઞાન માનવું જોઈએ એવો નિશ્ચયનો અભિપ્રાય છે. અહીં યથાર્થતા કરતાં મૂલ્યાંકનની દૃષ્ટિએ મહત્ત્વ આપવામાં આવ્યું છે. શ્રમણજીવનમાં કે કોઈ પણ જીવનમાં જ્ઞાન કરતાં ક્રિયાનું મહત્ત્વ એટલા માટે છે કે મોક્ષનું સાક્ષાત્ કારણ ક્રિયા એટલે કે ચારિત્ર બને છે, કારણ કે કેવળજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી ચારિત્રની પરાકાષ્ઠા નથી થતી ત્યાં સુધી મોક્ષ નથી. આથી જ્ઞાન અને ચારિત્ર એ બેમાં ચારિત્રનું મૂલ્ય મોક્ષદૃષ્ટિએ વધે છે. આથી ચારિત્રના તાજવે તોળીને જ્ઞાનની સાર્થકતા કે નિરર્થકતાને નજર સમૃદ્ધ રાખીને તેના જ્ઞાન-અજ્ઞાન એવા ભેદ કરવામાં આવ્યા છે, અને નહિ કે તેની યથાર્થતા કે અયથાર્થતાને આધારે.

## કર્તૃત્વ વિશે

આચાર્ય જિનભદ્ર સમક્ષ એ પ્રશ્ન હતો કે સામાયિક કોણે કર્યું ? આનો ઉત્તર તેમણે વ્યવહાર-નિશ્ચયનો આશ્રય લઈને આપ્યો છે કે વ્યવહારથી તો તે જિનેન્દ્ર ભગવાન અને ગણધરે સામાયિક કર્યું છે અને નિશ્ચયનયે તો જે વ્યક્તિ સામાયિક ક્રિયા કરે છે તેણે જ તે કર્યું છે. તાત્પર્યાર્થ એવો છે કે સામાયિક શ્રુત જે બાહ્ય છે તેની રચના તો તીર્થંકર અને ગણધરે કરી છે તેથી તે તેના કર્તા કહેવાય. પણ સામાયિક એ તો સમભાવની ક્રિયા છે અને તે તો આત્મગુણ હોઈ જે આત્મા તે ક્રિયા કરે તેણે જ તે અંતરંગ સામાયિક કર્યું હોઈ તે જ તેનો કર્તા કહેવાય. આમ સામયિક શ્રુત અને સામાયિક ભાવ એ ક્રમે વ્યવહાર અને નિશ્ચયના વિષય બને છે.

—**વિશેષા** ગા૦ ૩૩૮૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સમ્યક્ત્વ અને જ્ઞાનોત્પત્તિ વિશે (ક્રિયમાણ-કૃત વિશે)

ક્રિયાકાળમાં કાર્યનિષ્પત્તિ માનવી કે નિષ્ઠાકાળમાં—આ જૂનો વિવાદ છે. આની સાથે અસત્કાર્યવાદ અને સત્કાર્યવાદ પણ સંકળાયેલા છે. ભગવાન મહાવીર અને જમાલીનો મતભેદ પણ આ વિશે જ હતો. આ વિવાદનો વ્યવહાર અને નિશ્ચયનયના મતોમાં સમાવેશ કરવાનો પ્રયત્ન આ૦ જિનભદ્રે ભાષ્યમાં કર્યો છે. તેમાં મિથ્યાત્વના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થયે સમ્યક્ત્વ એટલે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિના પ્રસંગે તેમણે વ્યવહાર-નિશ્ચયની જે યોજના કરી છે તે આ પ્રમાણે છે—વ્યવહારનયને મતે સમ્યક્ત્વ અને જ્ઞાન જેનામાં ન હોય એટલે કે જે મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાની હોય તેને સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ નિશ્ચયનયનો મત છે કે સમ્યક્ત્વ અને જ્ઞાનથી સહિતને જ સમ્યગ્ જ્ઞાન થાય છે.

"सम्मत्तनाणरहियस्स नाणमुप्पज्जइ त्ति ववहारो ।
नेच्छइयनओ भासइ उप्पज्जइ तेहिं सहिअस्स ॥"

—**વિશેષા૦** ગા૦ ૪૧૪. વળી જુઓ **આવશ્યકચૂર્ણિ** પૃ૦ ૧૮, ૨૩

અહીં વ્યવહાર અને નિશ્ચયનયો વચ્ચે જે શંકા-સમાધાન છે તે આ પ્રમાણે છે :

**વ્યવહાર :** સમ્યગ્જ્ઞાનીને સમ્યગ્જ્ઞાન થતું હોય તો તો એનો અર્થ એ થયો કે જે જાત-ઉત્પન્ન-સત્ છે તે જ ઉત્પન્ન થાય છે, અજાત-અસત્ નહિ. પણ આપણે જોઈએ છીએ કે જે જાત છે તે ઉત્પન્ન થતું નથી, પણ જે અજાત હોય છે તે જાત-ઉત્પન્ન થાય છે, જેમકે માંટીના પિંડમાંથી અજાત એવો ઘડો જાત થાય છે. પણ જો ઘડો પ્રથમથી જ જાત હોય તો તેને ઉત્પન્ન કરવાપણું કાંઈ રહેતું નથી; એટલે કે તેને વિશે કશું જ કરવાપણું રહેતું નથી, માટે અજાતની ઉત્પત્તિ માનવી જોઈએ, જાતની નહિ. અને વળી જાતની પણ જો ઉત્પત્તિ માનવામાં આવે, એટલે કે જે કૃત છે તેને પણ કરવામાં આવે તો પછી કરવાનો ક્યાંય અંત જ નહિ આવે; એટલે કે કાર્યસમાપ્તિ કદી થશે જ નહિ. માટે માનવું જોઈએ કે મિથ્યાત્વી જીવમાં સમ્યક્ત્વ અને સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થાય છે, જે તેનામાં પ્રથમ હતાં નહિ, પણ એમ ન માની શકાય કે સમ્યગ્જ્ઞાનીને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. —**વિશેષા૦** ગા૦ ૪૧૫

વળી, કૃતને પણ કરવામાં આવે તો ક્રિયાનું કાંઈ ફળ મળે નહિ. અને વળી પૂર્વમાં ન હોય તે જ ક્રિયાના ફળરૂપે દેખાય છે તો કૃતને કરવાપણું ન હોવાથી સત્‌ની ક્રિયા નહિ પણ અસત્‌ની ક્રિયા માનવી ઘટે. વળી, એવું પણ નથી કે જે કાળમાં ક્રિયા શરૂ થઈ એ જ કાળમાં નિષ્પત્તિ થાય, પણ દીર્ઘકાલની ક્રિયા પછી ઘટાદિ દેખાય છે માટે તેની ક્રિયાનો કાળ દીર્ઘ માનવો જોઈએ. આમ વિચારતાં મિથ્યા જ્ઞાનીને દીર્ઘકાળ પછી સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ માનવું જોઈએ. —**વિશેષા૦** ગા૦ ૪૧૬

વળી, કોઈ પણ કાર્યનો આરંભ કરીએ છીએ ત્યારે આરંભમાં તો તે દેખાતું નથી, પણ ક્રિયાની સમાપ્તિ થયે તે દેખાય છે, માટે પણ ક્રિયાકાળમાં કાર્યને સત્ માની શકાય નહિ, તે જ રીતે ગુરુ પાસેથી તત્ત્વનું શ્રવણ કરવાની ક્રિયા ચાલી રહી હોય ત્યારે તત્કાળે કોઈ જ્ઞાન થઈ જતું નથી પણ શ્રવણાદિ ક્રિયાની સમાપ્તિ થયે જ્ઞાન થાય છે. સારાંશ એ છે કે ક્રિયાકાળમાં કાર્ય દેખાતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી માટે તે નથી પણ ક્રિયાની નિષ્ઠા થયે તે દેખાય છે તો ક્રિયાકાળમાં નહિ પણ ક્રિયાનિષ્ઠાકાળમાં તે માનવું જોઈએ. માટે માનવું જોઈએ કે મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાની સમ્યક્ત્વ અને જ્ઞાનને પામે છે, પણ સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્જ્ઞાની નહિ. —**વિશેષા**૦ ગા૦ ૪૧૭

**નિશ્ચયનય :** અજાત હોય તે જાત થાય એ માની શકાય તેવી વાત નથી, કારણ કે જે અજાત છે તે અભાવરૂપ છે અને અભાવની તો ખરવિષાણની જેમ ઉત્પત્તિ સંભવતી જ નથી. માટે અજાતની ઉત્પત્તિ માનવી જોઈએ નહિ. અને જો અજાત પણ ઉત્પન્ન થતું હોય તો ખરવિષાણ પણ ઉત્પન્ન થાય. માટે અસત્‌ની નહિ પણ સત્‌ની ઉત્પત્તિ માનવી જોઈએ. આથી જ અમે કહીએ છીએ કે સમ્યક્ત્વીને અને સમ્યગ્જ્ઞાનીને સમ્યક્ત્વ અને સમ્યગ્જ્ઞાન થાય છે, મિથ્યાત્વીને નહિ. —**વિશેષા**૦ ગા૦ ૪૧૮

વળી, જેમ સત્‌ની ક્રિયા માનવામાં ક્રિયાનો વિરામ નહિ થાય તેમ અસત્‌ની ક્રિયા માનવામાં ક્રિયાનો વિરામ નહિ થાય, કારણ, તમે અસત્ એવા ખરવિષાણ વિશે ગમે એટલી ક્રિયા કરો પણ તે કદી ઉત્પન્ન જ થવાનું નહિ. આમ ક્રિયાવિરામનો અભાવ તો બન્ને પક્ષે સમાન છે. પણ વધારામાં અસત્કાર્યપક્ષે એ ક્રિયાવિરામ આદિ દોષોનો પરિહાર શક્ય નથી. સત્ એવા આકાશાદિ વિશે પર્યાયાન્તરની અપેક્ષાએ ક્રિયાવિરામ ઘટી શકે છે, પણ અસત્‌માં તો એવો પણ સંભવ રહેતો નથી. વળી, ઉત્પત્તિની પૂર્વે કાર્ય સર્વથા અસત્ હોય તો તે જેમ ઉત્પત્તિ પછી દેખાય છે તેમ ખરવિષાણ પણ પછી કેમ નથી દેખાતું ? માટે માનવું જોઈએ કે કાર્ય, ઉત્પત્તિની પૂર્વે ખરવિષાણ જેમ સર્વથા અસત્ નથી. આમ સર્વથા અસત્‌ની ઉત્પત્તિ માનવામાં દોષો છે, જેનું નિવારણ થઈ શકતું નથી. —**વિશેષા**૦ ગા૦ ૪૧૯

વળી, કાર્યનિષ્પત્તિમાં દીર્ઘકાળની વાત કરી તે પણ યુક્ત નથી, કારણ કે ઘડાની ઉત્પત્તિ પહેલાં સ્થાસાદિ અનેક કાર્યો ઉત્પન્ન થાય છે તે કાર્યો પ્રતિસમયે ઉત્પન્ન થાય છે અને તે પરસ્પર વિલક્ષણ પણ છે. આમ ઘણાં બધાં કાર્યો માટે લાંબો કાળ ગયો તેમાં એ બધો કાળ ઘટક્રિયાનો હતો એમ કેમ કહેવાય ? —**વિશેષા**૦ ગા૦ ૪૨૦

વળી, કાર્યની ક્રિયાના આરંભમાં તે દેખાતું નથી માટે તે સત્ હોઈ શકે નહિ એવો જે આક્ષેપ કરવામાં આવ્યો છે તેનો ઉત્તર એ છે કે તમે જે ક્રિયાનો તો આરંભ કહો છો તે તેની ક્રિયાનો તો આરંભ છે નહિ તો પછી તે ત્યારે કેવી રીતે દેખાય ? જેમ પટનો આરંભ કરીએ ત્યારે ઘટ જોવાની આશા રાખવી એ વ્યર્થ છે તેમ ઘટ પહેલાનાં જે સ્થાસાદિ કાર્યો છે તેની ક્રિયાના પ્રારંભમાં પણ જો ઘટ ન દેખાય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. અને સ્થાસાદિ કાંઈ ઘડો નથી જેથી તેના આરંભે તે દેખાય. માટે આરંભમાં દેખાતો નથી—ઇત્યાદિ જે આક્ષેપ છે તે યુક્ત નથી. —**વિશેષા**૦ ગા૦ ૪૨૧

વળી, ઘડો અંતિમ ક્ષણમાં દેખાય છે માટે તેને તે ક્ષણમાં સત્ માનવો જોઈએ, પૂર્વક્રિયાકાળમાં નહિ—એ જે તમે કહ્યું તેમાં અમારે એટલું જ કહેવાનું છે કે ઘડાનો પ્રારંભ તો અન્ત્યક્રિયાકાળમાં જ છે તેથી તે અન્ત્યક્રિયાકાળે દેખાય છે. આમાં શું અજુગતું છે ?

વળી, વર્તમાનકાળમાં જ્યારે તે ક્રિયમાણ છે ત્યારે તેને કૃત ન માનો અને અકૃત માનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો પછી તેને કૃત ક્યારે માનશો ? અતીત કાળ તો નષ્ટ હોઈ અસત્ છે તો તે તેને કેવી રીતે કરી શકશે ? અને વળી ભવિષ્યકાળ તો હજી અનુત્પન્ન હોઈ અસત્ છે, તો તેમાં પણ તે કૃત કેવી રીતે થાય ? માટે ક્રિયમાણને જ કૃત માનવું જોઈએ. —**વિશેષા૰** ગા૰ ૪૨૨

જો ક્રિયમાણ કૃત હોય તો પછી ક્રિયમાણ હોય ત્યારે કેમ દેખાતું નથી—એવો જે આક્ષેપ કરવામાં આવ્યો છે તે પણ યુક્ત નથી, કારણ કે પ્રતિ સમયમાં જે જુદાં જુદાં કાર્યો નિષ્પન્ન થઈ રહ્યાં છે તેથી નિરપેક્ષ થઈને તમે માત્ર ઘડાનો જ અભિલાષ ધરાવો છો. આથી તે તે કાર્યના કાલને ઘડાનો કાળ ગણીને તમે માનવા લાગી જાવ છો કે મને ક્રિયાકાળમાં ઘડો દેખાતો નથી. આ તમારી સ્થૂલબુદ્ધિનું પરિણામ છે. તે તે કાળમાં થતા કાર્યની ઉપેક્ષા ન કરો તો તે તે કાળે તે તે કાર્ય દેખાશે જ, ભલે ઘડો ન દેખાય. અને જ્યારે ઘડો ક્રિયામણ હશે ત્યારે તમને ઘડો પણ કૃત દેખાશે જ, માટે જરા સૂક્ષ્મબુદ્ધિથી વિચારો. —**વિશેષા૰** ગા૰ ૪૨૩

**વ્યવહાર :** પણ કાર્ય અન્ત્ય સમયમાં જ થાય એમ શા માટે માનવું ? પ્રથમ સમયમાં પણ તે કેમ ન થાય ?

**નિશ્ચય :** એટલા માટે કે કાર્ય કારણ વિના તો થતું નથી, અને જે કાળે કારણ હોય છે તે જ કાળે કાર્ય થાય છે. માટે તે અન્ય કાળમાં થતું પણ નથી અને તેથી દેખાતું પણ નથી. આ પ્રકારે એ બાબત સિદ્ધ થઈ કે ક્રિયાકાળમાં જ કાર્ય હોય છે; એટલે કે ક્રિયમાણ કૃત છે, અને નહિ કે ક્રિયા ઉપરાંત થઈ જાય પછી; એટલે ક્રિયાનિષ્ઠા થયે કાર્ય થતું નથી.
—**વિશેષા૰** ગા૰ ૪૨૪

વળી, જ્ઞાનનો જ્યારે ઉત્પાદ થઈ રહ્યો છે; એટલે કે જ્ઞાનની ઉત્પત્તિની ક્રિયા થઈ રહી છે ત્યારે પણ જો જ્ઞાનને અસત્ માનવામાં આવે તો પછી તે ઉત્પાદ કોનો ? અને એ કાળમાં પણ જો અજ્ઞાન હોય તો પછી જ્ઞાન કયા કાળમાં થશે ? માટે માનવું જોઈએ કે સમ્યગ્જ્ઞાનીને સમ્યગ્જ્ઞાન થાય છે, અજ્ઞાનીને નહિ. —**વિશેષા૰** ગા૰ ૪૨૫

વળી, જે તમે એમ માનો છો કે શ્રવણાદિ કાલ જુદો છે અને તે પછી જ્ઞાનોત્પત્તિ થાય છે—ઇત્યાદિ. એ બાબતમાં અમારું મન્તવ્ય છે કે શ્રવણાદિ કાલ છે તે જ તો જ્ઞાનોત્પત્તિનો કાળ છે. પણ સામાન્ય શ્રવણ નહિ પણ વિશિષ્ટ પ્રકારનું જે શ્રવણ છે; એટલે કે એવું શ્રવણ જે સાક્ષાત્ મતિજ્ઞાનનું કારણ છે, તેનો કાળ તે જ મતિજ્ઞાનનો કાળ સમજવાનો છે અને તેવો તો અન્ત્ય ક્ષણમાં સંભવે, જ્યારે મતિજ્ઞાન ઉત્પન્ન થાય છે. —**વિશેષા૰** ગા૰ ૪૨૬

પ્રસ્તુત ચર્ચાની ભૂમિકા સમજવા માટે શૂન્યવાદમાં કરેલી ઉત્પાદની ચર્ચા, જે માધ્યમિક કારિકામાં કરવામાં આવી છે તે—(**માધ્યમિકકારિકાવૃત્તિ** પૃષ્ઠ ૧૩, ૧૦૦, ૧૩૮, ૧૫૭, ૧૮૧, ૧૮૬, વગેરે) વિશેષરૂપે અવગાહવાની જરૂર છે. વળી, સાંખ્યોનો સત્કાર્યવાદ (**સાંખ્ય કા૰** ૯) અને નૈયાયિક આદિનો અસત્ કાર્યવાદ વગેરે (**ન્યાયસૂત્ર** ૪. ૧. ૧૪-૧૮; ૪.૧. ૨૫-૩૩; ૪.૧. ૪૪-૫૨) તથા જૈનોનો સદસત્ કાર્યવાદ જે આ પૂર્વે ચર્ચવામાં આવ્યો છે તેનું પણ અવગાહન જરૂરી છે (**સન્મતિતર્ક** ૩. ૪૭-૪૯; **પંચાસ્તિકાય** ગા૰ ૧૫, ૧૯, ૬૦ આદિ, **નયચક્ર** તૃતીય અર).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જમાલિએ કરેલ નિહ્નવ

જમાલિ એમ માનતો કે કૃત તે જ કૃત છે અને ક્રિયમાણ કૃત નહિ, પણ ભગવાન મહાવીર ક્રિયમાણને કૃત માનતા. આથી મૂળે તે ચર્ચા પણ ક્રિયાકાળમાં કાર્યની નિષ્પત્તિ છે કે નિષ્ઠાકાળમાં એ પ્રશ્નની આસપાસ જ છે. એટલે આચાર્ય જિનભદ્રે પૂર્વોક્ત વ્યવહારનિશ્ચયને આધારે જે ચર્ચા કરી છે તેવી જ રીતે આ ચર્ચા પણ સમાન યુક્તિઓ આપીને કરી છે એટલું જ નહિ, પણ બન્ને પ્રસંગે ઘણી ગાથાઓ પણ સમાન જ છે—વિશેષતા **દૃષ્ટાંત**માં સંથારો અને દહનક્રિયાની છે.
—**વિશેષા૦** ગા૦ ૨૩૦૮-૨૩૩૨

## કેવળની ઉત્પત્તિ વિશે

જે પ્રકારની ચર્ચા સમ્યક્ત્વ અને જ્ઞાનની ઉત્પત્તિ વિશે કરવામાં આવી છે તેવી ચર્ચાને કેવળજ્ઞાનની ઉત્પત્તિ વિશે પણ અવકાશ છે, અને વસ્તુતઃ તે કોઈપણ ઉત્પત્તિ વિશે લાગુ પડી શકે છે. કેવળજ્ઞાન વિશે કહેવામાં આવ્યું છે કે નિશ્ચયને મતે જે સમય કેવળાવરણના ક્ષયનો છે તે જ કેવળની ઉત્પત્તિનો પણ છે. અને વ્યવહારને મતે ક્ષય પછીના સમયે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.
—**વિશેષા૦** ગા૦ ૧૩૩૪

આ બાબતમાં વ્યવહાર અને નિશ્ચય પોતપોતાનું સમર્થન આ પ્રમાણે કરે છે :

**વ્યવહાર :** ક્રિયાકાલ અને ક્રિયાની નિષ્ઠાનો કાળ એક નથી, માટે જ્યાં સુધી કર્મ ક્ષીયમાણ હોય ત્યાં સુધી તેનું કાર્યજ્ઞાન સંભવે નહિ, પણ જ્યારે કર્મ ક્ષીણ થઈ જાય ત્યારે જ્ઞાન થાય.
—**વિશેષા૦** ગા૦ ૧૩૩૫

**નિશ્ચય :** ક્રિયા એ ક્ષયમાં હેતુ હોય તો ક્રિયા હોય ત્યારે ક્ષય થવો જાઈએ, અને ક્રિયા જો ક્ષયમાં હેતુ ન હોય તો પછી તેથી જુદું કયું કારણ છે, જે ક્રિયાના અભાવમાં પણ જ્ઞાનને ઉત્પન્ન કરે ? એટલે વિવશ થઈ જો એમ કહો કે ક્રિયાથી ક્ષય થાય છે તો પછી એમ કેમ બને કે ક્રિયા અન્ય કાળમાં અને ક્ષય અન્ય કાળમાં ? માટે જે કાળમાં ક્રિયા છે તે જ કાળમાં ક્ષય છે અને તે જ કાળમાં જ્ઞાન પણ છે.
—**વિશેષા૦** ગા૦ ૧૩૩૬

વળી, જો ક્રિયાકાળમાં ક્ષય ન હોય તો પછીના કાળે કેવી રીતે થાય ? અને જો ક્રિયા વિનાના એટલે કે અક્રિયાકાળમાં પણ ક્ષય માનવામાં આવે તો પછી પ્રથમ સમયની ક્રિયાની પણ શી આવશ્યકતા રહે ? તે વિના પણ ક્ષય થઈ જવો જોઈએ.
—**વિશેષા૦** ગા૦ ૧૩૩૭

વળી, આગમમાં પણ ક્રિયાકાલ અને નિષ્ઠાકાળનું એકત્વ માનવામાં આવ્યું છે તે પણ જુઓ—તેમાં કહેવામાં આવ્યું છે કે જે નિર્જીર્યમાણ છે તે નિર્જીર્ણ છે—તે જ પ્રમાણે જે ક્ષીયમાણ છે તે ક્ષીણ છે એમ કહી શકાય. વળી, આગમમાં એ પણ કહ્યું છે કે કર્મની વેદના છે અને અકર્મની નિર્જરા છે. એ ઉપરથી પણ કહી શકાય કે નિર્જરાકાળે આવરણ—કર્મ છે નહિ.
—**વિશેષા૦** ગા૦ ૧૩૩૮

વળી, આવરણનો અભાવ હોય છતાં પણ જો કેવળજ્ઞાન ન થાય તો પછી તે ક્યારે થશે ? અને જો ક્ષયકાળે નહિ પણ પછી ક્યારેક કેવળજ્ઞાન માનવામાં આવે તો તે અકારણ છે એમ માનવું પડે. તો પછી બને એમ કે કારણ વિના જ ઉત્પન્ન થયું હોય તે કારણ વિના જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પતિત પણ થાય. માટે આવરણનો વ્યય અને કેવળજ્ઞાનની ઉત્પત્તિનો સમય, અંધકારનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિના સમયની જેમ, એક જ માનવો જોઈએ. અને આ જ પ્રમાણે સર્વભાવોની ઉત્પત્તિ અને વ્યય વિશે સમજી લેવું જોઈએ. —**વિશેષા**૰ ગા૰ ૧૩૩૯-૪૦

**આવશ્યકચૂર્ણિ**(પૃ૰ ૭૨-૭૩)માં કેવળજ્ઞાન વિશે એક નવી વાત કહેવામાં આવી છે તે પણ અહીં નોંધવી જરૂરી છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં કોઈ ક્રમનિયમ નથી. કોઈ મતિશ્રુત પછી તરત જ કેવળને પ્રાપ્ત કરે છે, તો વળી કોઈ અવધિ પછી મનઃપર્યાય અને પછી કેવળને ઉત્પન્ન કરે છે; તો કોઈ વળી મનઃપર્યાય પછી અવધિ અને પછી કેવળ એ ક્રમે કેવળને પામે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે નિશ્ચયને મતે જ્ઞાન એક જ છે અને તે છે કેવળજ્ઞાન; પણ તે જ જુદાં જુદાં આવરણોને લઈને જુદાં જુદાં આભિનિબોધિક આદિ નામો ધારણ કરે છે.

## સિદ્ધિ-ઉત્પત્તિ વિશે

શૂન્યવાદી એમ માનતા હતા કે વસ્તુ સ્વતઃ, પરતઃ, ઉભયતઃ કે નોભયતઃ, સિદ્ધ થતી નથી. તેથી તે ચતુષ્કોટિવિનિર્મુક્ત છે; અર્થાત્ પ્રતીત્યસમુત્પન્ન છે. આ બાબતમાં આચાર્ય જિનભદ્રે વ્યવહાર અને નિશ્ચયનયથી આ પ્રમાણે વિચારણા કરી છે—કોઈક વસ્તુ સ્વતઃ સિદ્ધ છે : જેમકે મેઘ. કોઈક પરતઃ સિદ્ધ છે : જેમકે ઘડો. અને કોઈક ઉભયતઃ સિદ્ધ છે : જેમકે પુરુષ. અને કોઈક નિત્યસિદ્ધ છે : જેમકે આકાશ—આ વ્યવહારનયનું મન્તવ્ય છે. પણ નિશ્ચયનું મન્તવ્ય એવું છે કે બધી વસ્તુઓ સ્વતઃ સિદ્ધિ જ છે, પર તેમાં નિમિત્ત ભલે બને પણ પોતામાં સામર્થ્ય ન હોય તો તે નિમિત્ત કાંઈ કરી શકતું નથી. જેમકે ખરવિષાણમાં સામર્થ્ય નથી તો તેમાં ગમે તેટલાં નિમિત્ત મળે પણ તે સિદ્ધ થશે નહિ. માટે વસ્તુની સિદ્ધિ સ્વતઃ જ માનવી જોઈએ.

—**વિશેષા**૰ ગા૰ ૧૭૧૭-૧૭૧૮

આ વિચારણામાં ઉપાદાનને મુખ્ય માની સ્વતઃ સિદ્ધિ માની છે અને તેમાં નિમિત્તકારણને ગૌણ માન્યું છે. તેથી તેનો ઉપયોગ છતાં તેને ગણતરીમાં લીધું નથી અને સિદ્ધિ સ્વતઃ કહી છે. આચાર્ય કુંદકુંદની ઉપાદાન નિમિત્તની ચર્ચા આને મળતી છે અને તેમના મત પ્રમાણે પણ ઉપાદાનનું પ્રાબલ્ય છે. વ્યવહાર—નિશ્ચયની ચર્ચામાં આ ચર્ચા પણ વસ્તુસ્થિતિ કરતાં મૂલ્યાંકનની દૃષ્ટિએ થઈ છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

## નિર્જરા વિશે

વ્યવહારભાષ્યમાં નિર્જરા વિશે જે ચર્ચા કરવામાં આવી છે તેમાં પણ ઉપાદાન બળવાન કે નિમિત્ત એ જ સમસ્યા છે અને તેનો વિચાર વ્યવહાર અને નિશ્ચયથી કરવામાં આવ્યો છે.

વ્યવહારનયને મતે ઉત્તરોત્તર ગુણાધિક વસ્તુ વડે ઉત્તરોત્તર અધિક નિર્જરા થાય છે. તાત્પર્ય એ છે કે વ્યવહારનય નિર્જરામાં બાહ્ય નિમિત્તને બળવાન માને છે; પણ નિશ્ચયનયને મતે તો આત્માના ભાવની ઉત્તરોત્તર વિશુદ્ધિ ગમે તે કોઈ વસ્તુથી થઈ શકે છે, અને એ આત્માનો ભાવ ઉત્તરોત્તર વિશુદ્ધ થાય તે માટે એ જરૂરી નથી કે નિમિત્ત ગુણાધિક જ હોવું જોઈએ. ગુણહીન નિમિત્તથી પણ ઉત્તરોત્તર ભાવવિશુદ્ધિ થઈ શકે છે. એટલે નિર્જરામાં મહત્ત્વ બાહ્ય વસ્તુનું નહિ પણ પોતાના આત્માના ભાવનું છે—આ મન્તવ્ય નિશ્ચયનું છે. દૃષ્ટાંત આપવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યું છે કે એક બટુક ભગવાન મહાવીરને જોઈને ગુસ્સે થયો, પણ તેમના જ શિષ્ય ગોતમને જોઈને—જે ભગવાન મહાવીર કરતાં ગુણમાં ન્યૂન હતા—ઉપશમ ભાવને પામ્યો.

—**વ્યવહાર ભાષ્ય**૦ ઉ૦ ૬, ગા૦ ૧૮૭-૧૯૧

અર્થાત્ વ્યવહારનય બાહ્ય વસ્તુને મહત્ત્વ આપે છે અને નિશ્ચયનય આંતરિક ભાવને. વિચાર કરીએ તો જણાશે કે રાજમાર્ગને વ્યવહાર અનુસરે છે; જ્યારે કેડી, જે સમૂહને કામની નથી પણ વ્યક્તિને કામની છે, તેને નિશ્ચય અનુસરે છે. ખરી વાત એવી છે કે કેડી એ કાળાંતરે રાજમાર્ગનું રૂપ લે છે ત્યારે તે વ્યવહારમાં આવી જાય છે, જ્યારે વિરલા વળી નવી કેડી ઊભી કરે છે. સામાન્ય જન માટે તો રાજમાર્ગ જ ઉપયુક્ત ગણાય અને વિરલ વ્યક્તિ માટે કેડી અથવા તો વિશિષ્ટ માર્ગ. ધર્મ જ્યારે બાહ્ય વિધિવિધાનોમાં આગળ વધી જાય છે અને જ્યારે એ જ બાહ્ય વિધિવિધાનો પ્રધાન બની જાય છે ત્યારે નિશ્ચયનય આવીને કહે છે કે એ તો વ્યવહાર છે. આમ નિશ્ચય અને વ્યવહાર એ બન્ને માર્ગોમાંથી એકનો પણ નિરાસ આવશ્યક નથી પણ અધિકારી ભેદે બન્ને જરૂરી છે એમ એનું તાત્પર્ય સમજાય છે.

### પર્યાય વિશે

એક અર્થ માટે અનેક શબ્દો વપરાય છે અને એક જ શબ્દના અનેક અર્થો પણ હોય છે. સમભિરૂઢનય પ્રમાણે જેટલા શબ્દ તેટલા અર્થો છે; એટલે કે કોઈ બે શબ્દોનો એક જ અર્થ હોઈ શકે નહિ. આ બાબતમાં આચાર્ય જિનભદ્રે વ્યવહાર-નિશ્ચયનયોથી વિચારણા કરી છે. તેઓ જણાવે છે કે વ્યંજનશુદ્ધિકનયની અપેક્ષાએ બધા શબ્દો ભિન્ન ભિન્ન અર્થના બોધક છે. આનું તાત્પર્ય એ જણાય છે કે શબ્દશુદ્ધિને માનનાર નય એટલે કે સમભિરૂઢનય અથવા તો શબ્દોની રચના જુદી જુદી ક્રિયાને આધારે થતી હોઈ તે તે શબ્દમાં ક્રિયાભેદ રહેવાનો જ એટલે અર્થભેદ અવશ્ય હોવો જોઈએ, આવી શબ્દશુદ્ધિને માનનાર નય તે વ્યંજનશુદ્ધિકનય કહેવાય. આ નયની દૃષ્ટિએ શબ્દભેદે અર્થભેદ માનવો જરૂરી હોઈ પર્યાયો ઘટી શકતા નથી. પણ જો અન્ય નયનો આશ્રય લેવામાં આવે તો શબ્દો અભિન્નાર્થક પણ હોઈ શકે છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે સંવ્યવહાર એટલે કે લોકવ્યવહારને ધ્યાનમાં લઈએ તો લોકમાં એક જ અર્થ માટે નાના શબ્દોનો પ્રયોગ થાય છે. માટે વ્યવહારનયે અનેક શબ્દો એકાર્થક બની શકે છે પણ નિશ્ચયનયની અપેક્ષાએ એકાર્થક બની શકે નહિ. માટે વ્યવહારનયની અપેક્ષાએ પર્યાયો સમજવા, નિશ્ચયની અપેક્ષાએ પર્યાય શબ્દો હોઈ શકે નહિ. —**વિશેષા**૦ ૧૩૭૬-૭૭

### લોકાચાર વિશે

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૧૪ વર્ષે અવ્યક્ત નિહ્નવ થયો છે તેનો પરિચય આ પ્રમાણે આચાર્ય જિનભદ્રે આપ્યો છે—અન્ય કોઈ વાચના આપે એવું ન હોઈ સ્વયં આચાર્ય આષાઢે જે દિવસે પોતાના શિષ્યોને વાચના આપવી શરૂ કરી તે રાત્રે જ હૃદયશૂલરોગથી તેઓ મૃત્યુ પામ્યા, અને દેવ થયા. આચાર્યે અવધિ જ્ઞાનથી જાણ્યું કે મારા શિષ્યોને અન્ય વાચનાચાર્યની પ્રાપ્તિ દુષ્કર છે એટલે તેઓ તેમના મૃત્યુની બીજાને જાણ થાય તે પહેલાં જ પાછા પોતાના શરીરમાં પ્રવેશી ગયા અને વિના વિઘ્ને શિષ્યોનું વાચનાકાર્ય પૂરું કરી દીધું. અને અંતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યોને જણાવી દીધું કે હું અમુક દિવસે મરીને દેવ થયો હતો, પણ મને તમારી અનુકંપા આવી એટલે તમારું વાચનાકાર્ય પૂરું કરવા મેં મારા શરીરમાં પુનઃ પ્રવેશ કર્યો હતો. હવે એ કાર્ય પૂરું થયું છે અને હું દેવલોકમાં પાછો જાઉં છું, પણ હું દેવરૂપે અસંયત છતાં તમારી સંયતની વંદના મેં આટલા દિવસો સ્વીકારી તે અનુચિત થયું છે, તો તે બદલ તમારી સૌની ક્ષમા માગું છું. અને આ રીતે ક્ષમા માંગી તેઓ દેવલોકમાં સિધાવી ગયા. દેવ તો વિદાય થઈ ગયા અને શિષ્યોએ પોતાના ગુરુના શરીરની અંતિમ ક્રિયા કરી પણ પછી તેમના મનમાં શંકા થઈ કે અરે, અત્યાર સુધી આપણે અસંયતને વંદન કરતા રહ્યા તે અનાચરણ થયું અને અસાધુને સાધુ માનતા રહ્યા તે મૃષાવાદ થયો. સાધુતા એ તો આત્માનો ગુણ હોઈ અવ્યક્ત છે તો પછી તેનો નિર્ણય કરવો કઠિન છે કે કોણ સંયત અને કોણ અસંયત ? એટલે આ અનાવરણ અને મૃષાદોષથી બચવાનો એક ઉપાય છે કે આપણે કોઈને વંદન કરવું જ નહિ.

સ્થવિરોએ તેમને સમજાવ્યા કે આમ શંકાશીલ થવાથી લોકવ્યવહાર ચાલે નહિ. તમારે બધા જ પરોક્ષ પદાર્થ વિશે અને સ્વયં તીર્થંકરના અસ્તિત્વ વિશે પણ શંકા કરવી પડશે. તીર્થંકરવચનને પ્રમાણ માનતા હો તો સાધુનાં લક્ષણો, જે તેમણે બતાવ્યાં છે, તે જુઓ. અને વળી તમને દેવે જે વાત કહી તેમાં જ તમે કેમ શંકા નથી કરતા અને તેને સાચી કેમ માની લો છે ?

વળી, તમે જાણો છો કે જિનપ્રતિમામાં જિનના ગુણો નથી છતાં પણ પોતાના આત્માની વિશુદ્ધિને માટે તમે જિનપ્રતિમાને વંદન કરો છો તો તે જ પ્રમાણે સાધુને વંદવામાં શો વાંધો છે ? ધારો કે સાધુમાં સાધુપણું નથી, પણ એટલા ખાતર જ જો તમે સાધુની વંદના ન કરો તો પ્રતિમાની પણ ન કરવી જોઈએ. તમે જિનપ્રતિમાને તો વંદો છો તો પછી સાધુને વંદન કરવાની શા માટે ના પાડો છો ? દેખાવે સાધુ હોય પણ જો તે અસંયત હોય તો તેને વંદન કરવાથી પાપની અનુમતિ દેવાનો દોષ લાગે માટે સાધુને વંદન ન કરવું પણ પ્રતિમાને વંદન કરવું—એમ માનો તો પ્રશ્ન છે કે જિનપ્રતિમા પણ જો દેવાધિષ્ઠિત હોય તો તેને વંદન કરવાથી તેવી પાપની અનુમતિનો દોષ કેમ ન લાગે ? અને તમે એ નિર્ણય તો કરી જ શકતા નથી કે આ જિનપ્રતિમા દેવાધિષ્ઠિત છે કે નહિ. તમે એમ માનો કે જિનપ્રતિમા ભલે દેવાધિષ્ઠિત હોય પણ અમે તો તેને જિનની પ્રતિમા માની અમારા વિશુદ્ધ અધ્યવસાયથી નમસ્કાર કરીએ છીએ તેથી કાંઈ દોષ નથી તો પછી સાધુને સાધુ માની વિશુદ્ધ અધ્યવસાયથી વંદન કરવામાં શો દોષ છે ? અને ધારો કે દેવની આશંકાથી તમે જિનપ્રતિમાને વંદન કરવાનું છોડી દો પણ તમે જે આહાર શૈયા આદિ સ્વીકારો છો તે પણ દેવકૃત છે કે નહિ એવી શંકા તો તમને થવી જ જોઈએ. વળી, શંકા જ કરવી હોય તો એવું એક પણ સ્થાન નથી જ્યાં શંકા ન કરી શકાય—પછી તે ભોજનનો પદાર્થ હોય કે પહેરવાનાં વસ્ત્ર હોય, કે પોતાનો સાથી હોય. વળી ગૃહસ્થમાં પણ યતિના ગુણોનો સંભવ તો ખરો જ. તો પછી તેને આશીર્વાદ આપી, તમે મર્યાદાલોપ શું નથી કરતા ? વળી, દીક્ષા દેતી વખતે તમે જાણતા તો નથી કે આ ભવ્ય છે કે અભવ્ય ? ચોર છે કે પરદારગામી ? તો પછી દીક્ષા કેવી રીતે દેશો ? વળી, કોણ ગુરુ અને કોણ શિષ્ય એ પણ કેવી રીતે જાણવું ? વચનનો વિશ્વાસ પણ કેવી રીતે કરવો ? વળી સાચું શું ને જૂઠું શું એ પણ શી રીતે જાણી શકાશે ? આમ તીર્થંકર માંડીને સ્વર્ગ-મોક્ષ આદિ બધું જ તમારે માટે શંકિત બની જશે. પછી દીક્ષા શા માટે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને જો તીર્થંકરના વચનને પ્રમાણ માનીને ચાલશો તો તેમની જ આજ્ઞા છે કે સાધુને વંદન કરવું, તે કેમ માનતા નથી ? વળી, જિનવચનને પ્રમાણ માનતા હો તો જિનભગવાને જે બાહ્યાચાર કહ્યો છે તેનું વિશુદ્ધ રીતે પાલન કરતો હોય તેને મુનિ માનીને વિશુદ્ધભાવે વંદન કરવામાં ભલેને તે મુનિને બદલે દેવ હોય પણ તમે તો વિશુદ્ધ જ છો, દોષી નથી. વળી, તમે આષાઢાચાર્યના રૂપે જે દેવ જોયો તેવા કેટલા દેવો સંસારમાં છે કે એકને જોઈ એ સૌમાં શંકા કરવા લાગી ગયા છો, અને બધાને અવિશ્વાસની નજરે જુઓ છો ? ખરી વાત એવી છે કે આપણે છીએ છદ્મસ્થ. તેથી આપણી જે ચર્યા છે તે બધી વ્યવહારનું અવલંબન લઈને ચાલે છે. પણ તેનું વિશુદ્ધ ભાવે આચરણ કરવાથી આત્માની ઉત્તરોત્તર વિશુદ્ધિ થાય છે એમાં શંકા નથી.

આ વ્યાવહરિક આચરણ એટલું બધું બળવાન છે કે શ્રુતમાં જણાવેલ વિધિથી છદ્મસ્થ આહારાદિ લાવ્યો હોય અને તે કેવળીની દૃષ્ટિએ વિશુદ્ધ ન હોય પણ કેવળી તે આહારને ગ્રહણ કરે છે. અને વળી એવો પ્રસંગ પણ બને છે કે કેવળી પોતાના છદ્મસ્થ ગુરુને વંદન પણ કરે છે. આ વ્યવહારની બળવત્તા નથી તો બીજું શું છે ?

જિનેન્દ્ર ભગવાનના શાસનનો રથ બે ચક્રોથી ચાલે છે : વ્યવહાર અને નિશ્ચય. આમાંના એકનો પણ જો પરિત્યાગ કરવામાં આવે તો મિથ્યાત્વ અને તત્કૃત શંકાદિ દોષોનો સંભવ ઊભો થાય છે. માટે જો તમે જિનમતનો સ્વીકાર કરતા હો તો વ્યવહારનયને છોડી શકતા નથી, કારણ વ્યવહારનયનો ત્યાગ કરવામાં આવે તો અવશ્ય તીર્થોચ્છેદ છે.

આ પ્રકારે તેમને ઘણું ઘણું સમજાવવામાં આવ્યા પણ તેઓએ પોતાનો કદાગ્રહ છોડ્યો નહિ એટલે તેમનો સંઘથી બહિષ્કાર કરવામાં આવ્યો. પછી ક્રમે કરી તેઓ રાજગૃહ ગયા ત્યારે મૌર્ય રાજા બલભદ્રે તેમને સન્માર્ગમાં લાવવા એક યુક્તિ અજમાવી. તેમણે લશ્કરને હુકમ કર્યો કે તે સાધુઓને પકડીને મારી નાખો. ગભરાઈને તેઓ રાજાને કહેવા લાગ્યા કે રાજા, તું તો શ્રાવક છે અને અમે સાધુ છીએ તો તને આ શોભતું નથી. રાજાએ ઉત્તર આપ્યો કે તમે તો અવ્યક્તવાદી છો. તમે કેવી રીતે નિર્ણય કર્યા કે હું શ્રાવક છું ? વળી, હું કેવી રીતે જાણું કે તમે ચોર નથી અને સાધુ છો ? આ સાંભળી તેઓને પોતાની ભૂલ સમજાઈ અને તેઓએ પુનઃ વંદના-વ્યવહાર શરૂ કર્યો. —**વિશેષા૦** ગા૦ ૨૩૫૬-૨૩૮૮

બાહ્ય ઉપકરણ અને બાહ્ય વંદન આદિ વ્યવહારવિધિ વિશે આક્ષેપ અને સમાધાન જે પ્રકારે **આવશ્યકચૂર્ણિ**(ઉત્તરાર્ધ પૃષ્ઠ ૨૯-૩૦)માં કરવામાં આવ્યાં છે તેની પણ અત્રે નોંધ લેવી જરૂરી છે—

વ્યવહારવિધિમાં અવિચક્ષણ શિષ્યે એવી શંકા કરી કે બાહ્ય ઉપકરણાદિ વ્યવહાર છે તે અનૈકાંતિક છે એટલે તે મોક્ષમાં કારણ નથી. પણ આધ્યાત્મિક વિશુદ્ધિ જ મોક્ષમાં કારણ છે; માટે આધ્યાત્મિક વિશુદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ. બાહ્ય ઉપકરણ આદિ અનાવશ્યક છે. રાજા ભરત ચક્રવર્તીને કશા પણ રજોહરણાદિ ઉપકરણો હતા નહિ છતાં આત્મવિશુદ્ધિને કારણે મોક્ષ પામ્યા, તેમને બાહ્ય ઉપકરણોનો અભાવ દોષકર કે ગુણકર ન થયો; અને બીજી બાજુ રાજા પ્રસન્નચંદ્ર સાધુવેશમાં હતા છતાં પણ નરકયોગ્ય કર્મનો બંધ કર્યો. આમાં પણ બાહ્ય ઉપકરણો તેમને કશા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ આવ્યાં નહિ. તાત્પર્ય એમ થાય છે કે આંતરિક ઉપકરણ આત્મવિશુદ્ધિ એ જ મોક્ષનો ઉપાય છે અને બાહ્ય રજોહરણાદિ નિરર્થક છે.

આનો ગુરુ ઉત્તર આપે છે કે વત્સ, ભરત અને એમના જેવા બીજા પ્રત્યેક બુદ્ધ હતા, અને તેમને જે બાહ્ય ઉપકરણો વિના લાભ મળ્યો તે તો કાદાચિત્ક છે. વળી, તેમને પણ પૂર્વભવમાં આંતર બાહ્ય ઉપસંપદા હતી જ, અને તેમણે તેને કારણે જ આત્મવિશુદ્ધિ પ્રાપ્ત કરી હતી, માટે એમનું દૃષ્ટાંત આગળ કરીને બાહ્યાચાર—વ્યવહારનો લોપ કરવો ઉચિત નથી. અને જેઓ એમ કરે છે તે તીર્થંકરનો અભિપ્રાય જાણતા નથી. તીર્થંકરોનો અભિપ્રાય એવો છે કે ક્યાંઈક વ્યવહારવિધિથી પ્રવૃત્તિ કરવી, ક્યાંયક નિશ્ચયવિધિથી અને ક્યાંઈક ઉભય વિધિથી. આમાં કોઈ એકાંત નથી, વિધિ અનિયત છે. આમાં ચૂર્ણિકારે એક બુદ્ધુનું દૃષ્ટાંત આપ્યું છે. એક મૂર્ખે ઈંટ નીચે દીનાર જોયો પણ લીધો નહિ અને માતાને એ વિશે વાત કરી. માતાએ લઈ આવવા કહ્યું એટલામાં તો તે દીનાર લઈને કોઈ ચાલી ગયેલું. એટલે તે મૂર્ખે જેટલી ઈંટો જોઈ ત્યાં દીનાર હોવાનું માની બધાની નીચે દીનારની ખોળ કરી. પણ એમ કાંઈ દીનાર મળે ? તે જ પ્રમાણે કેટલાક નિશ્ચયવાદીઓ એકાદ દૃષ્ટાંતને આધારે આચરણની ઘટના કરવા જાય છે તેમાં તેઓ ઉન્માર્ગદર્શક જ બની જાય છે અને દર્શનનો ત્યાગ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાર્શ્વાપત્યીયો[1] અને મહાવીરનો સંઘ

પ્રસ્તુત નિબંધમાં મૂળ આગમમાંથી પાર્શ્વાપત્યીયો એટલે ભગવાન પાર્શ્વના અનુયાયીઓ અને ભગવાન મહાવીરના સંઘનો પરિચય કરાવવાનું ધાર્યું છે.

આગમના પરવર્તી નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, અને ટીકા તેમજ તેમના આધારે લખાયેલા સ્વતંત્ર ગ્રંથોમાં પણ એ સંઘનું વર્ણન આવે છે પરંતુ તેમની મૌલિકતા આગમ જેટલી નથી, કારણ કે તેનો આધાર આગમ સાહિત્ય કે અન્ય પરંપરા છે. તેથી આ લેખમાં મુખ્ય આધાર આગમ સાહિત્ય ઉપર જ રાખવામાં આવ્યો છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે ઉપલબ્ધ આગમ સાહિત્ય છિન્નભિન્ન અવસ્થામાં હોઈ પાર્શ્વાપત્યીયો અને ભગવાન મહાવીરના સંઘ વિશે કરવામાં આવેલ ગણતરી સંપૂર્ણ નહિ જ થઈ શકે પરંતુ અમુક અંશે તે આપણને વસ્તુસ્થિતિનો ઝાંખો ખ્યાલ આપનારી તો અવશ્ય થશે એ નિ:સંદેહ છે[2].

**પાર્શ્વાપત્યીયો**

ભગવાન મહાવીરના સંઘમાં જેમના મળી ગયાનો ઉલ્લેખ નથી તેવા માત્ર ૫૧૦ પાર્શ્વાપત્યીયોની નોંધ આગમમાં મળી આવે છે. એ ૫૧૦ પાર્શ્વાપત્યીયોમાંથી ૫૦૩ સાધુ હતા. એ સાધુઓ તેમની પૂર્વાવસ્થામાં કોણ હતા એ વિશે આગમમાં કશી જ હકીકત આપવામાં આવી નથી. માત્ર બે સાધુઓના ગૃહસ્થજીવન વિશે નોંધ કરવામાં આવી છે. તેમાંનો એક ચંપાનો રાજા હતો અને બીજો તેનો મંત્રી હતો.

પાંચ શ્રમણોપાસકના જીવનવૃત્તો મળી આવે છે તેમાંના ચાર તો ક્ષત્રિય હતા અને એક શૂદ્ર હતો. અને બાકીની બે મણાપાસિકાઓ હતી, એ બન્ને ક્ષત્રિય વર્ણની હતી.

નીચે તે પાર્શ્વાપત્યીયોનો[3] પરિચય આપવામાં આવે છે.

**જિતશત્રુ :** એ ચંપાનો રાજા હતો. તેને તેના મંત્રીએ જૈન ધર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધાળુ બનાવ્યો હતો. સમય જતાં તે બન્ને એ ચાતુર્યામિકધર્મમાં દીક્ષા લીધી. નાયા-૧. ૧૨.

**સુબુદ્ધિ :** એ ચંપાના રાજા જિતશત્રુનો મંત્રી હતો. તે પ્રથમ શ્રમણોપાસક હતો પરંતુ પછીથી દીક્ષા લીધી. (ઉપર જુઓ) નાયા-૧. ૧૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**થેર**[૪] તેમનું નામ આપવામાં આવ્યું નથી. તે જિતશત્રુ તથા સુબુદ્ધિના દીક્ષાગુરુ હતા. નાયા-૧. ૧૨.

**૫૦૦ : કાલિયપુત્ત, આનંદરક્ખિય, કાસવ** વગેરે ૫૦૦ પાર્શ્વાપત્યીય શ્રમણો તુંગિયા નગરીમાં વિહરતા હતા, ત્યારે ત્યાંના શ્રાવકોએ તેમને સંયમ અને તપનું ફળ પૂછ્યું અને જ્યારે તેમને દેવો શાથી દેવલોકમાં ઉત્પન્ન થાય છે એ પૂછવામાં આવ્યું ત્યારે તેમનામાં એ વિશે મતભેદ હતો તેની પ્રતીતિ થઈ. આ વાતના ખબર ગૌતમે ભગવાન મહાવીરને આપ્યા.

ભાગ-૨.૫

**ચિત્ત :**—સેયવિયાના રાજા પએસીનો સારથિ. તે સાવત્થી નગરમાં પએસી રાજાનો સંદેશો લઈને ગયેલ ત્યાં કેસા શ્રમણ સાથે પરિચય થાય છે. અને શ્રમણોપાસકના વ્રતો સ્વીકારે છે. અને જ્યારે કેસી વિહાર કરતા સેયવિયામાં આવ્યા ત્યારે પએસી—જે અધર્મી હતો તેને તેમનો ઉપદેશ સાંભળવાની પ્રેરણા આપી. રાય-૫૪.

**પએસી**[૫]—સેયવિયાનો રાજા, (જુઓ ચિત્ત) કેસી શ્રમણ પાસે જઈને જીવના અસ્તિત્વ વિશે ચર્ચા કરે છે. અને જ્યારે તેને જીવના અસ્તિત્વની ખાતરી થાય છે ત્યારે શ્રમણોપાસકનાં વ્રતો અંગીકાર કરે છે. રાય.

**સિદ્ધત્થ**—ભગવાન મહાવીરના પિતા. તેઓ ક્ષત્રિયકુંડપુરના પ્રતિષ્ઠિત ક્ષત્રિય હતા, અને પાર્શ્વાપત્યીય શ્રવણોપાસક હતા. આયા-૨. ૧૫. ૧૫.-૧૬.

**સુપાસ**[૬]—ભગવાન મહાવીરના કાકા. તેઓ પાર્શ્વપત્યીય શ્રવણોપાસક જણાય છે.

આયા-૨. ૧૫. ૧૫.

**નંદિવદ્ધણ**—મહાવીરના મોટા ભાઈ. એ પાર્શ્વપત્યીય શ્રમણોપાસિક જણાય છે.

આયા-૨. ૧૫. ૧૫.

**તિસલા**—મહાવીરની માતા. એ પાર્શ્વાપત્યીય શ્રમણોપાસિકા હતી.

આયા-૨. ૧૫. ૧૫.

**સુદંસણા**—ભગવાન મહાવીરની મોટી બહેન. એ પા૰ શ્રમણોપાસિકા જણાય છે.

આયા-૨. ૧૫. ૧૫.

પાર્શ્વાપત્યીય સાધુઓનો સર્વ પ્રકારે હિંસા, જૂઠ, ચોરી અને બાહ્ય પરિગ્રહથી નિવૃત્તિરૂપ ચાતુર્યામિક[૭] ધર્મ હતો. અને જ્યાં જ્યાં પાર્શ્વાપત્યીય શ્રમણોપાસકનું[૮] વર્ણન આવે છે ત્યાં ત્યાં તે મહાવીરના શ્રમણોપાસક માટે પ્રસિદ્ધ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતો એ બન્ને મળી બાર વ્રતરૂપ અગાર ધર્મ સ્વીકારે છે.

અહીં પ્રશ્ન એ થાય કે જો પાર્શ્વના અનુયાયી શ્રમણો માટે ચાર વ્રત હતા તો શ્રમણોપાસક માટે પાંચ અણુવ્રતો કેવી રીતે સંભવી શકે ? સાધુનાં ચાર વ્રતો હતાં તો ઉપાસકના ચાર અણુવ્રત હોવાનો વધારે સંભવ છે. પરંતુ આગમમાં તેમને માટે પાંચ અણુવ્રતો મળે છે તેની સંગતિ શી રીતે મેળવવી ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું તો ચોક્કસ જ છે કે ભગવાન મહાવીરે શ્રમણોનો ચાતુર્યામિક ધર્મ હતો તેના બદલે પાંચ મહાવ્રતો કર્યા[૯]. તેમના પહેલા પાંચ મહાવ્રતોની પ્રથા પાર્શ્વના અનુયાયીઓમાં હતી જ નહિ, તો શ્રમણોપાસકમાં પાંચ અણુવ્રતોનો સંભવ કઈ રીતે થઈ શકે ? શ્રમણોપાસકના પાંચ અણુવ્રતો હતાં જો એમ માનીએ તો સાધુનાં પાંચ મહાવ્રત સ્વીકારવાં જોઈએ. પરંતુ એ વાત સ્વીકારવાની તો ઇતિહાસ સ્પષ્ટ ના પાડે છે. એથી આ અસંગતિનું સમાધાન બીજી રીતે મેળવવું રહ્યું.

ભગવાન મહાવીરે સાધુઓ માટે પાંચ મહાવ્રતની પ્રથા પાડી એ તો સુવિદિત જ છે તેથી પાંચ અણુવ્રતની પ્રથા પણ તેમણે જ પાડી હતી એમ ભારપૂર્વક આપણે કહી શકીએ, કારણ કે એ પાંચ મહાવ્રતની અપેક્ષાએ આ પાંચ વ્રતો અણુ છે. અને તેથી જ આપણે નિશ્ચિતરૂપે કહી શકીએ કે ભગવાન પાર્શ્વના અનુયાયીઓ પાંચ અણુવ્રતોનો અંગીકાર કરતા ન હતા.

પરંતુ હજુ એક પ્રશ્નનો જવાબ દેવાનો રહે છે. જો પાર્શ્વના ગૃહસ્થ અનુયાયીઓ પાંચ અણુવ્રતો લેતા ન હતા તો સર્વત્ર તેઓ પાંચ અણુવ્રત સ્વીકારતા એવા ઉલ્લેખો કેમ મળે છે ?

આપણે આગળ જોઈશું તે પ્રમાણે જૈનાગમમાં વધારે વર્ણનો મહાવીરના શ્રમણોપાસકના આવે છે[૧૦] અને આગળ જોયું તે પ્રમાણે માત્ર સાત જ પાર્શ્વના અનુયાયી શ્રમણોપાસકની નોંધ મળી આવે છે. તે સાતમાંથી પણ માત્ર બેનું જ જીવન જરા વિસ્તારથી છે[૧૧]. બાકીના પાંચના તો માત્ર નામોલ્લેખ સિવાય કશું જ મળતું નથી[૧૨].

વળી જૈન આગમમાં એકને મળતી હકીકતોને વારંવાર વર્ણવવામાં નથી આવતી તે તો આપણે જાણીએ છીએ એટલે તેવે પ્રસંગે વર્ણકથી કામ લેવાય છે. તેવી જ રીતે સમાન જીવનવૃત્તો પણ ફરી ફરી લખવામાં નથી આવતા પરંતુ તેને મળતા જીવનવૃત્તમાં જોઈ લેવાનું કહી દેવામાં આવે છે. અને આને પરિણામે સંકલનકારે પ્રમાદથી મહાવીરના શ્રમણોપાસકના જીવનવૃત્ત જેવું જ આ પાર્શ્વાપત્યીયોનું પણ જીવન ઘડી કાઢ્યું હોય એ સંભવિત છે. અને તેથી જ પાર્શ્વાનુયાયી શ્રમણોપાસકને પણ તેમણે પાંચ અણુવ્રતો લેતા એમ જણાવી દીધું. અને એ જ પ્રમાણે અત્યાર સુધી એ વાત આપણે માનતા આવ્યા છીએ તેથી સર્વત્ર આગમમાં સમાન ઉલ્લેખ હોવા છતાં પાર્શ્વાનુયાયી શ્રમણોપાસક પાંચ અણુવ્રતો લેતા, એમ માત્ર ઉલ્લેખના આધારે માનવું એ ભૂલભરેલું ગણાય.

આમ થવામાં એક બીજું કારણ પણ આપી શકાય. સંકલનકાર પાસે સાધુનાં વ્રતો વિશે ભગવાન મહાવીર અને પાર્શ્વપરંપરાના મતભેદની પરંપરા હતી[૧૩]. પરંતુ શ્રમણોપાસકનાં વ્રતો વિશે એ પરંપરામાં કાંઈ જ કહેવામાં આવ્યું ન હતું. અને તેથી સંકલનકારે ઉપાસકનાં વ્રતોમાં એ બન્ને તીર્થંકર વચ્ચે કાંઈ મતભેદ નહિ હોય એમ માની લીધું હશે અને તેથી ભગવાન મહાવીરના ઉપાસકોનાં વ્રતો પાર્શ્વના ઉપાસકોને પણ લાગુ પાડી દીધાં. અને તેથી આગમમાં તેઓ પાંચ અણુવ્રતો લેતા એ ઉલ્લેખ આવે તે સ્વાભાવિક છે. આશ્ચર્ય તો એ છે કે સંકલનકારની આ ભૂલ ટીકાકારો પણ જોઈ શક્યા નથી.

આ ઉપરથી આપણે એટલું તો નિશ્ચિત ભાવે કહી શકીએ કે તેઓ પાંચ અણુવ્રતો તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ જ લેતા હોય. ચાર અણુવ્રતો લેતા હોય એ વધારે સંભવિત છે.

વળી પાર્શ્વાપત્યીય સાધુનાં વ્રતોને મહાવ્રત નથી કહ્યાં પરંતુ चाउज्जामे[૧૪] धम्मे કહ્યો છે. તેથી એ સાધુનાં ચાર વ્રતોને મળતા ચાર ઉપાસકનાં વ્રતો હોય જે, વ્રતોને 'અણુ' શબ્દ ન પણ લગાડતો હોય. અથવા તો કોઈ બીજી રીતે ચાર કે તેથી વધારે ઓછા વ્રતો ઉપાસકો લેતા હોય, એ સંભવિત છે.

પાર્શ્વના ઉપાસકો સાત શિક્ષાવ્રતો[૧૫] લેતા એમ પણ આગમમાં તો છે. પરંતુ વસ્તુતઃ તેઓ લેતા કે કેમ તેની નિશ્ચિતપણે હા કે ના કહેવા માટે આપણી પાસે પૂરતાં સાધનો નથી. પરંતુ એ વ્રતોનું સ્વરૂપ જોતાં આપણે એટલું કહી શકીએ કે ભગવાન પાર્શ્વના જમાનામાં એ પ્રકારના વિકસિત સ્વરૂપવાળાં વ્રતોના અસ્તિત્વનો ઓછો સંભવ છે.

સમસ્ત આગમમાં પાર્શ્વાપત્યીય શ્રમણીનું એક પણ નામ આવતું નથી એ વિચારણીય તો છે જ. પાર્શ્વના નિર્વાણને[૧૬] હજુ બસે વર્ષ પણ પૂરાં થયા ન હતાં ત્યાં તો મહાવીરનો જન્મ થયો. એટલા ટૂંકા સમયમાં પાર્શ્વના સંઘમાંથી એક અંગનો તદ્દન ઉચ્છેદ થાય એ અસંભવિત લાગે છે. કલ્પસૂત્ર પ્રમાણે તો ભગવાન મહાવીરની આર્યાઓ કરતાં પાર્શ્વસંઘની આર્યાઓની સંખ્યા બે હજાર[૧૭] વધારે હતી; પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં મહાવીરની આર્યાઓ કરતા એ વધારે હોય એ સંભવિત લાગતું નથી. કારણ કે મહાવીર પહેલાના બ્રાહ્મણ સંપ્રદાયની પરિવ્રાજિકાઓના ઉલ્લેખો અલ્પસંખ્યક છે, એટલું જ નહિ પરંતુ મહાવીરના સમકાલીન બુદ્ધે તો સ્ત્રીઓને પ્રથમ પોતાના સંઘમાં ભિક્ષુણીનું સ્થાન આપવાની ના પાડી હતી[૧૮] અને તેમની પાલક માતા તથા આનંદના અતિ આગ્રહ બાદ જ તેમણે ભિક્ષુણી સંઘની સ્થાપના કરી હતી. એ ઉપરથી એટલું તારવી શકીએ છીએ કે ભગવાન મહાવીર પહેલા સ્ત્રીઓને દીક્ષા દેવાનો રિવાજ બહુ જ ઓછા પ્રમાણમાં હશે એટલું જ નહિ પરંતુ એ રિવાજ તેમના નજીકના ભૂતકાળમાં શરૂ થયો હશે તેથી પાર્શ્વનાથ બહુ અલ્પસંખ્યક સ્ત્રીઓને પોતાના સંઘમાં મેળવી શક્યા હશે. ભલે એ અલ્પસંખ્યક હોય છતાં એ પરંપરાનો મહાવીરના સમયમાં તદ્દન લોપ થઈ ગયો હતો એ માત્ર આગમમાં ઉલ્લેખ ન મળે એ ઉપરથી માની લેવું ભૂલભરેલું ગણાય. વર્તમાન આગમમાં ઉલ્લેખ ન મળે તેટલા માત્રથી એમ માની લેવું કે મહાવીરના સમયમાં પાર્શ્વાપત્યીય શ્રમણીઓ નહિ જ હોય. તેનો અર્થ એ થાય કે આપણે એમ સ્વીકારી લઈએ છીએ કે વર્તમાન આગમમાં બધા પાર્શ્વાપત્યીયોની નોંધ લેવાઈ હતી, અને અત્યાર સુધી એ નોંધો તેવા સ્વરૂપમાં જળવાઈ રહી છે. પરંતુ જ્યારે આગમ તરફ દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આપણને તુરત જ ધ્યાનમાં આવી જાય છે કે આગમની નોંધો છિન્નભિન્ન અવસ્થામાં છે. તેથી એમ માનવાને કારણ છે કે વિદ્યમાન પાર્શ્વાપત્યીય શ્રમણીની નોંધ લેવાઈ જ નહિ હોય અથવા લેવાઈ હશે તો નષ્ટ અંશ સાથે સદા માટે લુપ્ત થઈ હોવાથી આપણને ઉલ્લેખ ન મળે તે સ્વાભાવિક છે. તેથી તેમના અસ્તિત્વનો માત્ર આગમ પર આધાર રાખી ઇન્કાર કરવો ઠીક ન ગણાય. વળી પરવર્તી સાહિત્યમાં એ પાર્શ્વાપત્યીય શ્રમણીના ઉલ્લેખો[૧૯] મળી આવે છે તેથી તેમના અસ્તિત્વની વધારે ખાતરી થાય છે.

પાર્શ્વાપત્યીય શ્રમણો ૧૪ પૂર્વનું ચિંતનમનન[૨૦] કરતા. એ પૂર્વ તેમને ભગવાન પાર્શ્વના ઉપદેશરૂપે વારસામાં મળ્યા હતા એમ જણાય છે. જો કે ક્યાંક ક્યાંક પાર્શ્વાપત્યીયો અગિયાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગનો અભ્યાસ કરતા એમ પણ મળે છે[૨૧] પરંતુ એ સંકલનકારની ભૂલ જણાય છે, કારણ કે અંગ તો મહાવીરનો ઉપદેશ ગણાય છે, તો તેનું અસ્તિત્વ મહાવીરના ઉપદેશક જીવન પહેલા કેમ સંભવી શકે[૨૨] ?

## મહાવીરનો સંઘ[૨૩]

ભગવાન મહાવીરના સંઘની ગણતરી કલ્પસૂત્રમાં[૨૪] આપવામાં આવી છે. પરંતુ એ સંખ્યા વિશે સુજ્ઞ વિચારકને પ્રશ્ન થવા સંભવ છે કે એ સંખ્યા ભગવાન મહાવીરના નિર્વાણ સમયે અસ્તિત્વ ધરાવતા સંઘની છે કે તેમના કેવળજ્ઞાન પછી સ્થપાયેલા તીર્થમાં અનુક્રમે જે જે આવ્યા છે તેમનો સરવાળો છે કે તેમના જન્મકાળથી નિર્વાણ સુધીના જૈન સંઘની ગણતરી છે ?

એમાંના એક પણ પ્રશ્નનો જવાબ દેવા આપણી પાસે પૂરતી સામગ્રી નથી. વળી એ સંખ્યા પણ એવી રીતે આપવામાં આવી છે કે વર્તમાનમાં સહજ ભાવે ઊઠતા નીચેના પ્રશ્નોનો ખુલાસો પણ આપી શકે તેવી નથી.

ભગવાનના તીર્થમાં કેટલા પાર્શ્વાપત્યીયો મળ્યા ? કેટલા પરિવ્રાજકોએ તેમની પાસે ઉપાસકનાં વ્રત કે દીક્ષા અંગીકાર કરી ? ચારે વર્ણમાંથી તેમના અનુયાયીઓમાં કોની પ્રધાનતા રહી ? તેમની પાસે કેટલા અવિવાહિતોએ દીક્ષા લીધી ? કેટલાએ નાની વયમાં દીક્ષા લીધી ? વળી તેમના અનુયાયીઓ કેટલા ગામમાં હતા ? કયા ગામમાં તેમના વધારે અનુયાયીઓ હતા ?

એ અને એવા બીજા કેટલાય પ્રશ્નોનો ખુલાસો છિન્નભિન્ન અવસ્થામાં રહેલા આગમમાંથી જે કાંઈ અધૂરી એવી પણ માહિતી મળી આવે છે. તે પરથી મળી જાય એટલા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

| | શ્રમણ | શ્રમણી | શ્રમણોપાસક | શ્ર૦ ઉપાસિકા | શ્રાવક | શ્રાવિકા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| બ્રાહ્મણ | ૧૧ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૪ |
| ક્ષત્રિય | ૫૫૩ | ૨૫ | ૧ | ૧ | ૧૩ | ૨ | ૫૯૫ |
| વૈશ્ય | ૩૦ | ૦ | ૨૩ | ૧૦ | ૦ | ૦ | ૬૩ |
| શૂદ્ર | ૩ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૭ |
| પાર્શ્વાપત્યીય | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ |
| અન્યતીર્થિક | ૭૦૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૭૦૪ |
| અજ્ઞાત | ૨૫ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૮ |
| કુલ- | ૧૩૩૧ | ૩૧ | ૨૬ | ૧૩ | ૧૪ | ૨ | ૧૪૧૭ |

ઉપરનું કોષ્ટક એવી રીતે આપવામાં આવ્યું છે કે તે પર નજર કરતા વેંત જ આપણને ભગવાન મહાવીરના સંઘનો ખ્યાલ આવી જાય. એ પ્રમાણે આપણે જોઈએ છીએ કે કુલ ૧૪૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરના અનુયાયીઓ આગમમાંથી મળી આવે છે. અને આ સંખ્યા તેમના અનુયાયીઓની પૂર્ણ સંખ્યા છે એમ તો આપણે માની શકીએ નહિ, કારણ કે સાદી સમજ પ્રમાણે વિચાર કરીએ તો આપણને જણાશે કે મહાવીરના સમસ્ત અનુયાયીઓનાં જીવનવૃત્તાંતો આગમમાં નોંધાય એ સંભવિત તેમજ શક્ય નથી. આગમમાં તો ખાસ કરીને તેમના સંઘમાં જે પરમ તપસ્વી હતા, જેમના જીવનની બીજા પર છાપ પડી શકે એમ હતું, વળી જે વ્યક્તિઓ તે સમયમાં સમાજ તેમજ રાજનૈતિક ક્ષેત્રમાં પ્રસિદ્ધ હતી અને મહાવીરના સંઘમાં ભળી હતી માત્ર તેવી પ્રભાવશાળી વ્યક્તિઓનાં જીવનવૃત્તાંતોની નોંધ લેવામાં આવી છે. વળી જેટલાના જીવનની નોંધ લેવાઈ હશે તે બધાનાં જીવનવૃત્તાંતો અત્યારે આગમમાં મળી આવવાનો સંભવ નથી, કારણ કે આગમનો મોટો ભાગ નષ્ટ થઈ ગયો છે. અને તેની સાથે ઘણાનાં જીવનની નોંધો નષ્ટ થઈ જવાનો સંભવ છે. તેથી આગમમાંથી તારવેલ ૧૪૧૭ની સંખ્યા પૂર્ણ માનવાની ભૂલ ન કરવી જોઈએ. મહાવીરના સંઘમાં એથી ક્યાંય મોટી સંખ્યામાં મનુષ્યો ભળ્યા હશે એમ માનવું જોઈએ.

રાજાઓ તથા જેમનો સ્પષ્ટ ક્ષત્રિય તરીકે ઉલ્લેખ છે તેવાઓને ક્ષત્રિયના ખાનામાં મૂક્યા છે. જેમનો મૂળમાં ગાહાવઈ, સેટ્ઠી, અમાત્ય, અથવા સાર્થવાહ તરીકે ઉલ્લેખ છે એ બધાને વૈશ્ય ગણવામાં આવ્યા છે. માલાકાર, મંખ, સોવાય, મૂસિયાર અને કુંભકાર એ બધાનો સમાવેશ શૂદ્રમાં કર્યો છે. જે પાર્શ્વાપત્યીયો મહાવીરના સંઘમાં મળ્યા તેમનો કોષ્ટકમાં પાર્શ્વાપત્યીયોના ખાનામાં સમાવેશ કર્યો છે. જે અન્યતીર્થિકો મહાવીરના સંઘમાં મળ્યા તે બધાને અન્યતીર્થિકના ખાનામાં ગણાવ્યા છે. જેમના વર્ણ વિશે આગમમાં કશું જ નથી કહેવામાં આવ્યું તેવાઓને અજ્ઞાતના ખાનામાં મૂક્યા છે, જો કે તેવાઓના વર્ણ વિશે પરવર્તી સાહિત્ય માહિતી આપે છે પરંતુ અહીં તે ધ્યાનમાં લેવામાં નથી આવી. અને તેથી જ પરવર્તી સાહિત્યમાં બધા ગણધરોને બ્રાહ્મણ કહ્યા હોવા છતાં આઠને અજ્ઞાતમાં મૂક્યા છે. જ્યાં અનુમાનથી વર્ણનો નિશ્ચય શક્ય હતો ત્યાં અનુમાનથી એ વર્ણ નક્કી કરવામાં આવ્યો છે.

ભગવાન મહાવીર જ્યાં જ્યાં ઉપદેશ દેતા ત્યાં ત્યાં આખા ગામના લોકો તેમના ઉપદેશનું પાન કરવા ટોળાબંધ જતા. એવો આગમમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.[૨૫] તેમાંથી કેટલાક વ્રતો અંગીકાર કરતા અને બાકીના તેમનામાં શ્રદ્ધા તથા ભક્તિવાન થતા. આવા શ્રદ્ધાળુઓની પણ મોટી સંખ્યા હશે.

કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે સ્ત્રી તથા પુરુષ શ્રમણોપાસકની કુલ સંખ્યા માત્ર ૩૯ની છે અને તે સાધુની સંખ્યા કરતાં ઓછી છે. ખરી રીતે એ શ્રમણોપાસકોની સંખ્યા શ્રમણો કરતાં મોટી હશે જ. ભગવાન મહાવીરે અગારિક તથા અનગારિક એ બન્ને ધર્મ પર ભાર આપ્યો એ ખરું પરંતુ આગમનો મોટો ભાગ શ્રમણોનાં ચરિત્રો રોકે એ સ્વાભાવિક છે. વળી શ્રમણજીવન કરતાં ઉપાસકપણું સહજ છે અને તેથી શ્રમણોપાસકના જીવનની નોંધો શ્રમણ જેટલી આગમમાં ન મળી આવે છતાં એ શ્રમણોપાસકની સંખ્યા શ્રમણો કરતાં વધારે હશે જ. આગમમાં તો માત્ર જેઓ સમાજ તથા રાજનૈતિક ક્ષેત્રમાં પ્રભાવશાળી હતા તેવા શ્રમણોપાસકની જ નોંધો લેવાઈ. બધાની લે એ સંભવિત ન હતું. તેથી આપણે એમ માનવું જોઈએ કે શ્રમણોપાસકની સંખ્યા શ્રમણ કરતાં વધારે હતી જ, વળી જેટલી આગમમાં સંખ્યા મળે છે તેથી પણ વધારે શ્રમણોપાસકો હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ ક્ષત્રિયો, બ્રાહ્મણ સંપ્રદાયમાં વિશેષ રસ લેતા થયા હતા તેમ શ્રમણ પરંપરામાં પણ રસ લેતા થયા હતા. અને તેને પરિણામે બુદ્ધ અને મહાવીર જેવા તેજસ્વી પુરુષો ક્ષત્રિયકુળમાં જન્મ્યા હતા છતાં ધાર્મિક ક્ષેત્રમાં પોતાનો વિશિષ્ટ પ્રભાવ દાખવી ગયા છે. એ કાળ ક્ષત્રિયોનો જાગૃતિ કાળ કહી શકાય. સ્થૂલ અને નકામાં ક્રિયાકાંડો સામે તેમનો બળવો હતો અને તેથી આપણે કોષ્ટકમાં જોઈએ છીએ તે પ્રમાણે બ્રાહ્મણ કરતાં ક્ષત્રિયોની સંખ્યા વિશેષ છે.

વળી ભગવાન મહાવીર પોતે ક્ષત્રિયકુળમાં જન્મ્યા હતા. તેથી ક્ષત્રિયો તેમના પ્રભાવમાં વિશેષ આવે તે સ્વાભાવિક છે અને બ્રાહ્મણ ક્ષત્રિયોને પોતાના કરતાં હલકા સમજતા હોઈ તેમનું શિષ્યપદ સ્વીકારવામાં હીણપદ માને છે. તેથી મહાવીરના અનુયાયીઓમાં ક્ષત્રિયની અપેક્ષા બ્રાહ્મણની ઓછી સંખ્યા રહે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી.

કોષ્ટકમાં એક પણ બ્રાહ્મણ શ્રમણોપાસક નથી તેનો અર્થ એવો નથી કે કોઈ પણ બ્રાહ્મણ શ્રમણોપાસક નહિ જ હોય. હશે ખરા પરંતુ તેમની સંખ્યા બહુ જ અલ્પ હશે. એમ થવાનું કારણ એ છે કે જો બ્રાહ્મણને જૈન થવું હોય તો તેમને સાધુ થવું ઠીક પડતું. કારણ કે એમ કરવાથી તેનાં સામાજિક બંધનો તૂટી જતાં. તેને સમાજની કશી પરવા કરવાની જરૂર ન રહેતી. પરંતુ જો શ્રમણોપાસક થાય તો તો તેને સમાજમાં જ રહેવું પડે. અને એ બ્રાહ્મણસમાજ તેના પ્રત્યે તે વેદવિરોધી મહાવીરના સંઘમાં ભળ્યો હોવાથી સદ્વર્તન કરવાને તૈયાર ન હતો. તેથી બ્રાહ્મણોને શ્રમણોપાસક થવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવાનો હોઈ તેમને માટે જો મહાવીરના સંઘમાં ભળવું હોય તો સામાજિક બંધનો ફેંકી દઈ સાધુ થવું વધારે સરલ પડતું અને તેથી બ્રાહ્મણ શ્રમણ કરતાં બ્રાહ્મણ શ્રમણોપાસકની સંખ્યા ઓછી રહે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

કોષ્ટકમાં સૌથી ઓછી સંખ્યા શૂદ્રોની છે તે જરા વિચારણીય છે. ભગવાન મહાવીરના શૂદ્ર અનુયાયીઓની સંખ્યા બીજા કરતાં ઓછી જરૂર હશે. પરંતુ કોષ્ટકમાં બતાવેલ સંખ્યાથી તે ક્યાંય વધારે હશે જ.

જો કે મહાવીરે, જન્મથી જાતિવાદનો નાશ કરવા પ્રયત્ન કર્યો એ સાચું પરંતુ તેમના ક્ષત્રિય તેમજ બ્રાહ્મણ શ્રમણો પૂર્વસંસ્કારને લીધે એ જાતિવાદની મહત્તા તદ્દન છોડી શક્યા ન હતા અને ધર્મપ્રચારમાં તેમજ આગમની ગૂંથણીમાં તેમનો મુખ્ય હાથ હોવાથી તેમણે એ શૂદ્રો તરફ જરા ઉપેક્ષા રાખી હોય એ સંભવિત છે. અને તેથી પ્રભાવશાળી કોઈક જ શૂદ્ર સિવાયના બીજા શૂદ્રોની નોંધ લેવામાં ઉપેક્ષા રખાઈ હોય, પરિણામે આગમમાં આપણને માત્ર ગણ્યાગાંઠ્યા શૂદ્રોનાં ચરિત્રો મળી આવે છે[૨૬].

વળી બ્રાહ્મણ તથા ક્ષત્રિયમાં જેટલા તેજસ્વી પુરુષો હતા તેટલા શૂદ્રમાં મળી આવવાનો સંભવ ઓછો હતો અને તેથી માત્ર કોઈક જ પ્રભાવશાળીની નોંધ આગમમાં રહી છે અને બીજા ભુલાઈ ગયા છે. વળી આજ બને છે તેમ તેઓ પોતાના મનુષ્યત્વને ભૂલી ગયેલા હોઈ બ્રાહ્મણ અને ક્ષત્રિયની સમાન કોટિમાં આવતા સંકોચ કરતા હશે. એ કારણે મહાવીરના સંઘમાં તેમની અલ્પ સંખ્યા રહે એ સ્વાભાવિક છે.

ભગવાન મહાવીર[૨૭]ના સંઘમાં દીક્ષિત થનારા શ્રમણો શરૂઆતમાં ઉગ્ર તપસ્યા[૨૮] કરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પછી યોગ્યતા પ્રમાણે બાર કે અગિયાર અંગનું ચિંતનમનન કરતાં[૨૯]. વળી કોઈ કોઈ તો એ ઉપરાંત પૂર્વનું પણ જ્ઞાન મેળવતા. શ્રમણો સ્થવિરો પાસે અભ્યાસ કરતા. શ્રમણીઓ જ્ઞાની આર્યાઓ પાસે અંગનો અભ્યાસ કરતી. અને જીવનનો અંત નજીક જાણી અનશન લઈ શરીરનો ત્યાગ કરતા[૩૦].

શ્રમણોપાસકો[૩૧] ધર્મ સાંભળી તીવ્ર તપસ્યાઓ કરતા. અને જ્ઞાનચર્ચામાં પણ રસ લેતા. તેઓ શ્રમણોની જરૂરિયાતો પૂરી પાડતા. કોઈ કોઈ ઉપાસક તો જ્ઞાનચર્ચામાં એટલા બધા ઊંડા ઊતરતા કે ભગવાન મહાવીર પણ તેમના જ્ઞાનની તારીફ કરતા. તો કોઈ કોઈ તપસ્યામાં પોતાનું તેજ બતાવતા અને તે એટલે સુધી કે ભગવાન મહાવીર તેમની સૌ શ્રમણો વચ્ચે તારીફ કરતા અને કહેતા કે મારા આખા શ્રમણ સંઘમાં અમુક ઉપાસકની તપસ્યા પ્રશંસનીય છે. તેઓ પણ પોતાની જિંદગીનો અંત નજીક જાણી શ્રમણો પેઠે અનશન વ્રત લેતા અને કાયાનો ત્યાગ કરતા.

શ્રમણોપાસિકાઓ પણ જ્ઞાનચર્ચા કે તપસ્યામાં ઉપાસકો જેટલો જ રસ લેતી.

ભગવાન મહાવીર પાસે દીક્ષા લેનારમાં ગણ્યાગાંઠ્યા જ અવિવાહિત હતા. દીક્ષિત થનારમાં એકના સિવાય બધા ૨૦ વર્ષથી ઉપરના હતા એ વર્તમાન આગમ પરથી કહી શકાય છે. તે ઉપરથી જણાય છે કે ભગવાન મહાવીર પાસે દીક્ષા લેનારાઓ મોટે ભાગે યોગ્ય ઉંમરે જ દીક્ષા લેતા હશે.

નીચેનું કોષ્ટક કયા ગામમાં કેટલા અનુયાયીઓ હતા તે બતાવે છે. તેને આગમમાં મહાવીરના અનુયાયીઓનાં જે જીવનચરિત્ર આપ્યાં છે તે ઉપરથી બનાવવામાં આવ્યું છે. આગમમાં જેમના વિશે નોંધ ન લેવાઈ હોય તેવાઓનાં ગામોનાં નામ આગમમાં ન હોવાથી, વળી એક ગામમાંથી પણ જેટલા હોય તેટલા બધાનાં ચરિત્રો આગમમાં ન હોવાથી આ કોષ્ટક અધૂરું જ ગણાય પરંતુ એક દૃષ્ટિએ પૂરું છે. અને તે એ કે આગમમાં જે ગામોમાં મહાવીરના જેટલા અનુયાયી જણાવ્યા છે તેની સંપૂર્ણ માહિતી આપે છે. અને તે ઉપરથી સાધારણ રીતે ભગવાન મહાવીરના સંઘ વિસ્તારનો ખ્યાલ આપે જ છે. અને તેથી તેની ઉપયોગિતા સિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ભગવાન

| | બ્રાહ્મણ | | | ક્ષત્રિય | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગામનું નામ | શ્રમણ | શ્રમણી | શ્રાવક | શ્રમણ | શ્રમણી | *ઉપાસક | *ઉપાસિકા | શ્રાવક | શ્રાવિકા |
| અઓજઝા-સાએઅ | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| આલભિયા | ... | ... | ... | ... | ... | ... | ... | ૧ | ... |
| ઉસભપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| ઉસુયાર | ૩ | ૧ | ... | ૧ | ૧ | ... | ... | ... | ... |
| કણગપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| કંપિલપુર | ... | ... | ... | ... | ... | ... | .... | ૧ | ... |
| કાગંદી | ... | ... | ... | ... | ... | ... | ... | ૧ | ... |
| કોસંબી | ... | ... | ... | ... | ૧ | ... | ૧ | ૨ | ... |
| કોલ્લાગસંનિવેસ (નાલંદા પાસે) | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... | ... |
| ખત્તિયકુંડપુર | ... | ... | ... | ૫૦૧ | ... | ... | ... | ... | ... |
| ચંપા | ... | ... | ... | ૧૧ | ... | ... | ... | ૨ | ... |
| તુંગિયા | ... | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| તેયલીપુર | ... | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| નાલંદા | ... | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| પુરિમતાલ | ... | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| પોલાસપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ૧ | ... |
| માહણકુંડગામ | ૧ | ૧ | .. | ... | ... | ... | ... | ... | ... |
| મહાપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| મોયા | ૨ | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| મેંઢિયગામ | ... | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| રાયગિહ | ૧ | ... | ... | ૨૪ | ૨૩ | ... | ... | ૧ | ૧ |
| વાણિયગામ | ... | ... | ... | ... | ... | ... | ... | ૧ | ... |
| વારાણસી | ૨ | ... | ... | ૧ | ... | ... | ... | ૧ | ... |
| વિજયપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| વીતભય | ... | ... | ... | ૧ | ... | ૧ | ... | ... | ૧ |
| વીરપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| વઇસાલી | ... | ... | ... | ૨ | ... | ... | ... | ૧ | ... |
| સુગ્ગિવ | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| સુઘોસ | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| સોગંધિયા | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| સાવત્થી | ... | ... | ... | ... | ... | ... | ... | ૧ | ... |
| હત્થિણાપુર | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| હત્થિસીસ | ... | ... | ... | ૧ | ... | ... | ... | ... | ... |
| અજ્ઞાત | ૨ | ... | ... | ... | ... | ... | ... | ... | ... |
| કુલ | ૧૧ | ૨ | ૧ | ૫૫૩ | ૨૫ | ૧ | ૧ | ૧૩ | ૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મહાવીરનો સંઘ

| વૈશ્ય | | | શૂદ્ર | | | | અજ્ઞાત | | અન્યતીર્થિક | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ્રમણ | ઉપાસક | ઉપા૦ | શ્રમણ | શ્રમણી | ઉપાસક | ઉપા૦ | શ્રમણ | શ્રમણી | શ્રમણ | ઉપાસક | પાર્શ્વ | કુલ |
| ૪ | … | … | … | … | … | … | ૧ | … | … | … | … | ૬ |
| … | ૩ | ૧ | … | … | … | … | … | … | ૧ | … | … | ૬ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૬ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | ૧ | ૧ | … | … | … | … | … | … | ૭૦૦ | ૧ | … | ૭૦૪ |
| ૪ | … | … | … | … | … | … | … | … | … | … | … | ૫ |
| ૧ | … | … | ૧ | … | … | … | … | … | … | … | … | ૬ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૫૦૧ |
| ૩ | ૨ | ૧ | … | … | … | … | ૨ | … | … | … | … | ૨૧ |
| … | ૨ | … | … | … | … | … | … | … | … | … | … | ૨ |
| ૧ | … | … | … | ૧ | … | … | … | ૩ | … | … | … | ૫ |
| … | ૧ | … | … | … | … | … | ૩ | … | … | … | ૧ | ૫ |
| ૧ | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | ૧ | ૧ | … | … | … | … | … | ૪ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૨ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૨ |
| … | … | ૧ | … | … | … | … | ૧ | … | … | … | … | ૨ |
| ૧૦ | ૭ | … | ૧ | … | … | … | ૫ | … | ૧ | … | … | ૭૪ |
| ૪ | ૧ | ૧ | … | … | … | … | … | … | … | … | ૧ | ૮ |
| … | ૨ | ૨ | … | … | … | … | … | … | … | … | … | ૮ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૩ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૩ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| ૨ | ૪ | ૩ | ૧ | … | … | … | ૨ | … | ૧ | … | ૧ | ૧૫ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | … | … | … | … | … | … | ૧ |
| … | … | … | … | … | … | ૧ | ૧૧ | … | … | … | ૩ | ૧૭ |
| ૩૦ | ૨૩ | ૧૦ | ૩ | ૧ | ૧ | ૨ | ૨૫ | ૩ | ૭૦૩ | ૧ | ૬ | ૧૪૧૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ભગવાન મહાવીરના સંઘમાં મળી જનારા પાર્શ્વાપત્યીયો

ઉત્તરાધ્યયનમાં એમ કહેવામાં આવ્યું છે કે મહાવીર પહેલાના શ્રમણો ઋજુ અને પ્રાજ્ઞ હતા[32] અને તેથી એમ જણાય છે કે ભગવાન પાર્શ્વનાથે તેમના માટે નિયમોપનિયમ બનાવવામાં બહુ જ ધ્યાન ન આપ્યું. તેમને આધ્યાત્મિક માર્ગમાં ચાલવા પાર્શ્વનાથે ચાર વ્રતો પાળવાની આવશ્યકતા બતાવી દીધી અને તેમની સમજણ પર વિશ્વાસ રાખીને, તેમની સહૃદયતા પર નિર્ભર રહી બીજા નિયમોપનિયમ ઘડવા તરફ ઉપેક્ષા કરી હોય એમ જણાય છે. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો, તેમ તેમ લોકોમાં ઋજુતાને બદલે વક્રતા આવતી ગઈ[33] અને પ્રજ્ઞાને બદલે જડતા વધતી ગઈ. પરિણામે પાર્શ્વપરંપરામાં શિથિલાચાર વ્યાપે એ સ્વાભાવિક છે. તેથી જ્યારે ભગવાન મહાવીરે ઉપદેશ દેવો શરૂ કર્યો ત્યારે પાર્શ્વપરંપરામાં શિથિલાચારીઓનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. ભગવાન મહાવીરથી આ દેખી શકાય તેમ હતું નહિ. તેથી તેમણે ચાર વ્રતોને બદલે પાંચ[34] વ્રતો લેવાની આવશ્યકતા સમજાવી અને આધ્યાત્મિક જીવનમાં શિથિલતા ન આવે માટે અનેક નિયમોપનિયમો[35] બનાવ્યા. તેઓ પોતાના સંઘમાં તેમને જ સ્થાન આપતા જેઓ તેમના બનાવેલા નિયમોપનિયમો તથા પાંચ વ્રતોને સ્વીકારવા રાજી હતા. પરિણામ એ આવ્યું કે તેમના સંઘમાં જેમને આધ્યાત્મિક જીવન માટે ખરી ભૂખ હતી તેઓ જ મળતા. અને એ રીતે જ્યારે મહાવીરનો સંઘ ખરા આધ્યાત્મિક પ્રેમીઓથી ઊભરાવા લાગ્યો, અને તેની અસર જ્યારે સર્વત્ર વ્યાપી ગઈ ત્યારે જે પાર્શ્વાપત્યીયોનું ખાસ કરીને સંયમનિર્વાહ જ ધ્યેય હતું તેઓ પણ તેમના સંઘમાં ભળ્યા. અને એ રીતે પ્રાચીન અને નવીન સંઘનું ઐક્ય થવા પામ્યું. જ્યારે તેઓ પરિવર્તન કરતા ત્યારે ચાતુર્યામિક ધર્મ છોડી તેમને પાંચ મહાવ્રતો સ્વીકારવા પડતા અને તદુપરાંત પ્રતિક્રમણને સવારસાંજ કરવાનું સ્વીકારવું પડતું.

મહાવીરના સંઘમાં મળી જનારા પાર્શ્વાપત્યીયોની સંખ્યા મોટી હશે પરંતુ તેમાંના બહુ જ થોડા વિશે આગમમાં નોંધ મળી આવે છે. વળી કેટલેક ઠેકાણે 'થેરો' કહીને કામ ચલાવ્યું છે. એ પ્રસંગે મોટી સંખ્યા હોવાનો સંભવ છે છતાં અહીં ગણતરીમાં બે જ ગણ્યા હોઈ આગમમાંથી ઓછામાં ઓછા એવા મળી જનારા પાર્શ્વાપત્યીયો છની સંખ્યામાં મળી આવે છે. જેમના વિશે આગમમાં નોંધ છે તે પણ એટલી અધૂરી છે કે તે ઉપરથી તેમના પૂર્વ જીવનની માહિતી આપવી અશક્ય છે.

તે પાર્શ્વાપત્યીયો નીચે પ્રમાણે હતા.—

**કાલાસવેસિયપુત્ત**—એ શ્રમણ હતા. તેમણે ભગવાન મહાવીરના સ્થવિરોને સામાયિક વિશે પ્રશ્નો પૂછ્યા હતા. અને જ્યારે તેમને બોધ થયો ત્યારે ચાતુર્યામિક ધર્મ છોડી ભગવાન મહાવીરે પ્રરૂપેલ સપ્રતિક્રમણ પંચ મહાવ્રતો અંગીકાર કર્યાં. ભગ૦ ૧-૯.

**કેસી**—તેણે સાવત્થીમાં ગૌતમ સાથે ભગવાન મહાવીર અને પાર્શ્વના ઉપદેશમાં જે કાંઈ ભેદ દેખાતો હતો તે વિશે ચર્ચા કરી. અને વાસ્તવિક કાંઈ ભેદ હતો નહિ તેની જ્યારે ખાતરી થઈ ત્યારે પરિવર્તન કર્યું. તેમની સાથે તેમના ઘણા શિષ્યો પણ હતા. તેમણે પણ અવશ્ય પરિવર્તન કર્યું હશે પરંતુ ઉત્ત. માં કેશીએ પરિવર્તન કર્યું એમ જણાવ્યું છે. બીજા વિશે ઉત્ત. મૌન છે. ઉત્ત૦ ૨૩. રાય. ૫૩ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉદકપેઢાલ પુત્ત**—નાલંદામાં ગૌતમ અને તેની વચ્ચે શ્રમણોપાસકના પહેલા વ્રત વિશે લાંબી ચર્ચા થઈ અને જ્યારે તેને ગૌતમની વાત ગળે ઊતરી ત્યારે ગૌતમ તેમને મહાવીર પાસે લઈ ગયા. ત્યાં તેણે પરિવર્તન કર્યું. સૂય૦ ૨. ૭.

**સ્થવિરો** (૨ ?)—તેમણે મહાવીરને સાંત લોકમાં અનંત રાત્રીઓનો સંભવ કેવી રીતે ઘટી શકે એ વિશે પૂછ્યું હતું. મહાવીરે તેમને પાર્શ્વવચનનું પ્રમાણ આપીને એ સમજાવ્યું અને તે સાંભળી તેમણે પરિવર્તન કર્યું. ભગ૦-૫-૯.

**ગાંગેય**—તેણે વાણિજ્જ ગામમાં મહાવીર સાથે નારકીના જીવ વિશે ખૂબ લાંબી ચર્ચા કરી. અને જ્યારે તેને મહાવીરની સર્વજ્ઞતાની ખાતરી થઈ ત્યારે પરિવર્તન કર્યું. ભગ૦-૯-૩૨.

નીચે જેઓ મહાવીરના સંઘમાં ભળ્યા હતા તેઓનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે. અને આગમના સ્થળનો પણ સાથે નિર્દેશ કરવામાં આવ્યો છે જેથી વિશેષ જાણવાની જિજ્ઞાસા ધરાવનાર સહજમાં તે જોઈ શકશે.

**૧. શ્રમણો અને શ્રમણીઓ**

**૧. બ્રાહ્મણ શ્રમણો તથા શ્રમણીઓ.**

(अ)

**ઇન્દભૂઈ**—(ગોયમ). મૂળમાં તેઓ ક્યારે દીક્ષિત થયા, ક્યાં દીક્ષિત થયા, એમાંનું કાંઈ પણ મળતું નથી. તેઓ અગિયાર ગણધરમાંના એક હતા. આગમનો મોટો ભાગ એ ગૌતમે મહાવીરને પૂછેલા પ્રશ્નો તથા તેના ઉત્તરો રોકે છે. સમવાય૦ ૧૧. ભગ૦ નાયા૦ વગેરે.

**અગ્ગિભૂઈ**—(બીજા ગૌતમ). એ પણ ગણધર હતા. મૂળમાં તેમના વિશે કાંઈ જ કહેવામાં આવ્યું નથી. એક વખત તેઓએ મોયા નગરીમાં મહાવીરને પ્રશ્નો પૂછેલ.
સમવાય૦ ૧૧. ભગ૦ ૩. ૧.

**વાયુભૂઈ**—(ત્રીજા ગૌતમ). એ ગણધર હતા. તેમણે મહાવીરને મોયામાં પ્રશ્નો પૂછ્યા હતા. એ સિવાય બીજું કાંઈ વિશેષ આગમમાં મળતું નથી. સમવાય૦ ૧૧. ભગ૦ ૩. ૧.

**ઉસભદત્ત**—મહાવીર પ્રથમ આ ઉસભદત્તની પત્નીના ગર્ભમાં આવ્યા પરંતુ પછી તિસલાના ગર્ભમાં દેવો લઈ ગયા. કેવળજ્ઞાન પછી જ્યારે મહાવીર બ્રાહ્મણકુંડપુરમાં આવ્યા ત્યારે તેણે દીક્ષા લીધી. આયા૦ ૨. ૧૫. ભગ૦ ૯. ૩૩.

**સવ્વાણુભૂઈ**—પૂર્વદેશના શ્રમણ માત્ર એટલું જ તેમને વિશે જણાવ્યું છે. નામ પરથી બ્રાહ્મણ જણાય છે. તેમને ગોશાલે બાળી મૂક્યા હતા. ભગ૦ ૧૫.

**જયઘોસ** અને **વિજયઘોસ**—વારાણસીના યાજક બ્રાહ્મણો. ઉત્ત૦ ૨૫.

**કપિલ**—જેણે ચોરોને પ્રતિબોધ્યા. ઉત્ત૦ ૮.

**પુરોહિત અને તેના બે પુત્રો**—એ ઉસુયાર નગરના બ્રાહ્મણો હતા. પુત્રો અવિવાહિત[૩૬] હતા. ઉત્ત૦ ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ब)

**દેવાનંદા**—ઉસભદત્તની પત્ની. મહાવીરે દીક્ષા આપી.

જુઓ૦ ઉસભદત્ત૦ ભગ૦ ૯. ૩૩.

**જસા**—ઉસુયારના પુરોહિતની પત્ની. ઉત્ત૦ ૧૪.

## ૨. ક્ષત્રિય શ્રમણો[૩૭] તથા શ્રમણીઓ

(अ)

**ઉદાયણ**[૩૮]—વીતભયનો રાજા. મહાવીર તેનો દીક્ષા લેવાનો અભિપ્રાય જાણી ચંપામાંથી વીતભય આવ્યા અને દીક્ષા લીધી. ઉદાયણની ગાદીએ તેના પુત્ર અભયને બદલે ભાણેજ કેસી આવ્યો. ભગ૦ ૧૩. ૬.

**અઈમુત્તય**—પોલાસપુરના રાજાનો પુત્ર. એ મહાવીરના સંઘમાં સૌથી લઘુવસ્યક દીક્ષિત હતો. અવિવાહિત અવસ્થામાં દીક્ષા લીધી. અંત૦ ૬. ૧૫. ભગ૦ ૫. ૪.

**અલક્ખ**—વારાણસીનો રાજા અંત૦ ૬. ૧૬.

**જાલી**—શ્રેણિક-ધારિણીનો પુત્ર. રાજગૃહમાં દીક્ષા. અનુત્ત૦ ૧. ૧.

**વેહલ્લ અને વેહાસ**—રાજગૃહના રાજા શ્રેણિકના ચેલ્લણાથી થયેલા પુત્રો.

અનુત્ત૦ ૧. ૮-૯.

**મયાલી, ઉવયાલી, પુરિસસેણ, વારિસેણ, દીહદંત. લટ્ઠદંત**—એ શ્રેણિક-ધારિણીના પુત્રો હતા. રાજગૃહમાં દીક્ષા. અનુત્ત૦ ૧. ૧૦.

**અભય**—શ્રેણિક-નંદાનો પુત્ર. રાજગૃહમાં દીક્ષા. અનુત્ત૦ ૧. ૧૦.

**દીહસેણ, મહાસેણ, લટ્ઠદંત, ગૂઢદંત, સુદ્ધદંત, હલ્લ, દુમ, દુમસેણ, મહાદુમસેણ, સીહ, સીહસેણ, અહાસીહસેણ. પુન્નસેણ** એ શ્રેણિક-ધારણિના પુત્રો હતા. અનુત્ત૦ ૨, ૧-૧૩.

**મેહ**—શ્રેણિક-ધારણીનો પુત્ર. નાયા૦ ૧. ૧.

**વરુણ**—વૈસાલીનો યોદ્ધો હતો. ભગ૦ ૭. ૯.

**વરુણનો મિત્ર**—યોદ્ધો હતો. ભગ૦ ૭. ૯.

**જમાલિ અને બીજા ૫૦૦**—ક્ષત્રિયકુંડપુરનો ક્ષત્રિયકુમાર હતો. મહાવીરે દીક્ષા લીધા પછી થોડે વર્ષે તેમનાથી જુદો પડ્યો. જૈન સંઘમાં આ પહેલો નિહ્નવ ગણાય છે. ભગ૦ ૯. ૩૩.

**સિવ**—રાયરિસી-હત્થિણાપુરનો રાજા. વિભંગજ્ઞાન ઉદાહરણ તરીકે બહુ જ પ્રસિદ્ધ છે.

ભગ૦ ૧૧. ૯.

**સુબાહુકુમાર**—હત્થિસીસનો રાજકુમાર વિ૦ ૨. ૧.

**ભદ્દનંદી**—ઉસભપુરનો રાજકુમાર. વિ૦ ૨. ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સુજાય**—વીરપુરનો રાજકુમાર. વિ૦ ૨. ૩.

**સુવાસવ**—વિજયપુરનો રાજકુમાર વિ૦ ૨. ૪.

**જિણદાસ**—સોગન્ધિયાનો રાજકુમાર. વિ૦ ૨. ૫.

**વેસમણ**—કણગપુરનો રાજકુમાર. વિ૦ ૨. ૬.

**મહબ્બલ**—મહાપુરનો રાજકુમાર વિ૦ ૨. ૭.

**ભદ્દનંદી**—ચંપાનો રાજકુમાર વિ૦ ૨. ૯.

**મહચંદ**—સુઘોસનો રાજકુમાર. વિ૦ ૨. ૮.

**વરદત્ત**—સાએઅનો રાજકુમાર. વિ૦ ૨. ૧૦.

**પઉમ, મહાપઉમ, ભદ્દ, સુભદ્દ, પઉમભદ્દ, પઉમસેણ, પઉમગુમ્મ, નલિનીગુમ્મ, આણંદ, નંદન,** શ્રેણિકાના પૌત્રો હતા. ચંપામાં દીક્ષા. કપ્પવ. ૧-૧૦.

**બલસિરી**—સુગ્ગિવનો રાજકુમાર. ઉત્ત૦ ૧૯.

**ઉસુયાર**—ઉસુયારનો રાજા. ઉત્ત૦ ૧૪.

(ब)

**કમલાવઈ**—ઉસુયારની પત્ની. ઉપર જુઓ. ઉત્ત૦ ૧૪.

**જયંતિ**—કોસંબીના રાજાના પિતાની બહેન. ભગ૦ ૧૨-૨

**નંદા, નંદમતી, નંદોત્તરા, નંદસેણિયા, મહુયા, સુમરુતા, મહામરુયા, મરુદેવા, ભદ્દા, સુભદ્દા, સુજાતા, સુમણઈયા** અને **ભૂયદિત્તા** એ શ્રેણિકની રાણીઓ હતી. રાજગૃહમાં દીક્ષા-અંત૦ ૭

**કાલી, સુકાલી, મહાકાલી, કણ્હા, સુકણ્હા, મહાકણ્હા, વીરકણ્હા, રામકણ્હા, પિઉસેણકણ્હા,** અને **મહાસેણકણ્હા.** તેઓ શ્રેણિકની રાણીઓ હતી. શ્રેણિકના મૃત્યુ પછી મહાવીરે તેમને ચંપામાં દીક્ષા દીધી હતી. અંત૦ ૮

### ૩. વૈશ્ય શ્રમણો

**ધન્ન**[૪૦] કાગંદીનો સાર્થવાહ. તેની તપસ્યા મહાવીરે આખા સંઘમાં ઉત્કૃષ્ટ વર્ણવી છે. અનુત્ત૦ ૩. ૧.

**સુણક્ખત્ત.** કાગંદીનો સાર્થવાહ અનુત્ત૦ ૩. ૨.

**ઇસિદાસ** અને **પેલ્લઅ.** રાજગૃહના સાર્થવાહ ભાઈઓ- અનુત્ત૦ ૩. ૩-૪

**રામપુત્ત** અને **ચંદિમા.** સાએઅના સાર્થવાહ ભાઈઓ. અનુત્ત૦ ૩. ૫-૬

**પિટ્ઠિમ** અને **પેઢાલપુત્ત.** વાણિયગામના સાર્થવાહ ભાઈઓ અનુત્ત૦ ૩. ૭-૮.

**વેહલ્લ,** રાજગૃહનો સાર્થવાહ. અનુત્ત૦ ૩. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મંકાતિ, કિંકિમ** અને **કાસવ** રાયગિહના ગાહાવઇ- અંત-૬. ૧,૨,૪

**ખેમઅ** કાગંદીનો ગાહાવઇ અંત-૬. ૫.

**ધિતિધર.** કાગંદીનો ગાહાવઇ અંત૦ ૬. ૬.

**કેલાસ** અને **હરિચંદણ.** સાએઅના ગાહાવઇ અંત૦ ૬, ૭-૮.

**બારત્તઅ** રાયગિહનો ગાહાવઇ અંત૦ ૬. ૯.

**સુદંસણ** અને **પુણ્ણભદ્દ.** વાણિય ગામના ગાહાવઇ.
અંત૦ ૬. ૧૦-૧૧. ભગ-૧૧, ૧૧.

**ચિત્ત.** પુરિમતાલનો સેટ્ઠિપુત્ત ઉત્ત૦ ૧૩.

**સમુદ્દપાલ.** ચંપાના વણિકનો પુત્ર. ઉત્ત૦ ૨૧

**સુમણભદ્દ,**—અને **સુપઇટ્ઠ.** સાવત્થીના ગાહાવઇ અંત૦ ૬. ૧૨-૧૩.

**મેહ.** રાયગિહનો ગાહાવઇ જણાય છે. અંત૦ ૬. ૧૪

**જિણપાલિય.** ચંપાનો સાર્થવાહ નાયા૦ ૧. ૯.

**ધન્ન.** રાયગિહનો સાર્થવાહ નાયા૦ ૧. ૧૩

**તેયલીપુત્ત.** તેયલીપુરનો અમાત્ય. નાયા૦ ૧. ૧૪

**ધન્ન.** ચંપાનો સાર્થવાહ નાયા૦ ૧. ૧૫

**ધન્ન.** રાયગિહનો સાર્થવાહ નાયા૦ ૧. ૨

**અનાથી મુનિ.** કોસંબીના વણિકનો પુત્ર. ઉત્ત૦ ૨૦

## ૪. શૂદ્ર શ્રમણો તથા શ્રમણીઓ.

(अ)

**અજ્જુણમાલાકાર.** રાજગૃહનો માળી અંત૦ ૬. ૩.

**ગોસાલક.** સાવત્થીનો મંખ. શરૂઆતમાં મહાવીર સાથે રહ્યો પણ પછી જુદો પડ્યો-
ભગ૦ ૧૫

**હરિકેસ.** કોસંબીનો સોવાગ. ઉત્ત૦ ૧૨

(ब)

**પોટ્ટિલા.** મુસિયારની પુત્રી અને તે તેયલીપુરના અમાત્ય તેયલીપુત્તની પત્ની.
નાયા૦ ૧. ૧૪.

## ૫ અજ્ઞાત વર્ણના શ્રમણો તથા શ્રમણીઓ

(अ)

**ધમ્મઘોસથેર.** રાજગૃહમાં. નાયા૦ ૧-૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**થેરો** (૨ ?) ચંપામાં નાયા૦ ૧-૧૫

**કુમારપુત્તિયો** (૨ ?) નાલંદામાં. સૂય૦ ૨. ૭.

**અદ્દ.** સૂય૦ ૨. ૬.

**રોહ.** રાયગિહમાં ભગ૦ ૧. ૬.

**પિંગલ.** સાવત્થીમાં ભગ૦ ૨. ૧.

**નારયપુત્ત** અને **નિયંઠિપુત્ત** ભગ૦ ૫. ૮.

**થેરો** (૨ ?) રાયગિહમાં ભગ૦ ૮. ૭.

**આનંદ** થેર. સાવત્થીમાં ભગ૦ ૧૫ જુઓ- કપ્પવ૦ ૯.

**સુણક્ખત્ત.** અયોજ્ઝામાં. ભગ૦ ૧૫ જુઓ-અનુત્ત૦ ૩. ૨.

**સિંહ.** મેંઢિયગામ ભગ૦ ૧૫. જુઓ૦ અનુત્ત૦ ૨. ૧૦.

**માયન્દિપુત્ત.** રાયગિહ ભગ૦ ૧૮. ૯.

**ગગ્ગથેર.** ઉત્ત૦ ૨૭

**વિઅત્ત, સોપ્હમ્મ**[૪૧]**, મંડિય, મોરિયપુત્ત, અકંપિય, અયલભાય, મેયજ્જ** અને **પભાસ** એ મહાવીરના ગણધરો હતા. તેમના વિશે મૂળમાં કાંઈ વિશેષ મળતું નથી[૪૨]. સમવાય ૧૧

(ब)

**અજ્જા.** (૨ ?) નામ આપવામાં નથી આવ્યા. તેઓ તેયલીપુરમાં હતી. નાયા૦ ૧-૧૪

**અજ્જચંદણા.** ચંપામાં. અંત૦ ૮

### ૬. અન્યતીર્થિક શ્રમણો-

(अ)

**૭૦૦ શિષ્યો.** કંપિલપુરના અંબડ પરિવ્રાજકના શિષ્યો. ઉવ૦ ૩૯

**ખંદય.** સાવત્થીનો પરિવ્રાજક ભગ૦ ૨. ૧.

**કાલોદાયી.** રાયગિહનો અન્યતીર્થિક ભગ૦ ૭. ૧૦

**પોગ્ગલ.** આલભિયાનો પરિવ્રાજક. ભગ૦ ૧૧. ૧૨

## ૨. ઉપાસક અને ઉપાસિકાઓ.

### ૧ વૈશ્ય શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ

(अ)

**નંદ** મણિયાર, **મહાસયય** ગાહાવઈ, **વિજય** ગા૦, **આનંદ** ગા૦, **સુણંદ** ગા૦, **મદ્દુય** ગા૦ **સુદંસણ** સેટ્ઠી. રાયગિહના વૈશ્યો-નાયા. ૧-૧૩. ઉવા૦ ૮, ભગ૦ ૧૫. ભગ. ૧૫, ભગ૦ ૧૫, ભગ૦ ૧૮-૭, અંત. ૬. ૩. ક્રમશઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લેવ.** નાલંદાનો ગાહાવઈ. સૂય૦ ૨-૭.

**આનંદ.** વણિયગામનો ગાહાવઈ. ઉવા૦ ૧

**કામદેવ** અને **પાલિય.** ચંપાના ગાહાવઈઓ. ઉવા૦ ૨. ઉત્ત૦ ૨૧, ક્રમશઃ

**ચૂલણિપિયા** અને **સુરાદેવ** વારાણસીના ગાહાવઈઓ. ઉવા૦ ૩ અને ૪ ક્રમશઃ

**ચૂલ્લસય. ઇસિભદત્ત** અને **બીજા.** આલભિયાના ગાહાવઈઓ. ઉવા૦ ૫, ભગ૦ ૧૧. ૧૨. ક્રમશઃ

## ૩. શ્રાવકો

**૧. ક્ષત્રિય શ્રાવક તથા શ્રાવિકાઓ.**

**શ્રેણિક**[૪૩] રાયગિહનો રાજા. ઉવા૦ ૮, અંત૦ ૬. ૧,૨,૪ નિરયાવલિયા. ભગ૦ ૧. નાયા૦ ૧.૧ વગેરે

**સયાણિય.** કોસંબીનો રાજા-(?) ભગ૦ ૧૨,૧૨.

**ઉદાયણ.** કોસંબીનો રાજા ભગ૦ ૧૨,૧૨.

**કૂણિય.** ચંપાનો રાજા. શ્રેણિકનો પુત્ર. ઉવ૦ અનુત્ત વગેરે.

**આઠ જિયસત્તુ**[૪૪] સાવત્થી, કાગંદી, વાણિયગામ, ચંપા. વારાણસી, આલભિયા, કંપિલપુર, પોલાસપુર, ઉવા૦ ૯, ૧૦, અનુત્ત. ૩, ૧. ઉવા૦ ૧, ઉવા૦ ૨, ઉવા૦, ૩, ઉવા૦ ૪, ઉવા૦ ૫, ઉવા૦ ૬. અને ઉવા૦ ૭ ક્રમશઃ

**ચેટક**[૪૫] વૈશાલિનો રાજા-નિરયા૦

**(ब)**

**ચેલ્લણા.** સણિયની પત્ની. ભગ૦ ૧, અંત૦ ૬. ૨. વગેરે.

**પભાવઈ.** ઉદાયનની પત્ની. વીતભય. ભગ૦ ૧૨.

**૨. બ્રાહ્મણ શ્રાવક.**

**(अ)**

**બહુલ.** બ્રાહ્મણ કોલ્લાગ સંનિવેશનો— ભગ૦ ૧૫.

**કુંડકોલિય.** કંપિલપુરનો ગાહાવઈ. ઉવા૦ ૬.

**નંદણિપિયા, સાલિહિપિયા, સંખ**[૪૬] અને **પોક્ખલી** સાવત્થીના ગાહાવઈ.ઉવા૦ ૯, અને ૧૦, ભગ૦ ૧૨. ૧. ક્રમશઃ

**શ્રમણોપાસકો** (૨ ?) નામ નથી આપ્યા. તુંગિયાના શ્રમણોપાસકો ભગ૦ ૨. ૫.

**(ब)**

**સિવાણંદા.** વાણિયગામના આનંદ ગા૦ની પત્ની. ઉવા૦ ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભદ્દા.** ચંપાના કામદેવ ગાહાવઈની પત્ની. ઉવા૦ ૨.

**સામા** અને **ધન્ના.** વારાણસીના ચૂલણિપિયા અને સુરાદેવની પત્નીઓ. ઉવા૦ ૩. ૪.

**બહુલા.** આલભિયાના ચૂલ્લસયયની પત્ની. ઉવા૦ ૫.

**પૂસા.** કંપિલપુરના કુંડકોલિયની પત્ની. ઉવા૦ ૬.

**અસ્સિણી, ફગ્ગુણી** અને **ઉપ્પલા,** સાવત્થીના ગૃહપતિઓની પત્નીઓ.
ઉવા૦ ૮ અને ૧૦. ભગ૦ ૧૫.

**રેવઈ**[૬૭] મેંઢિયગામની. ભગ૦ ૧૫.

**૨. ક્ષત્રિય શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ.**

(अ)

**અભીતિ.** વીતભયનો રાજકુમાર. ભગ૦ ૧૩. ૬.

(ब)

**મિયાવઈ.** કોસંબીના રાજાની રાણી. ભગ૦ ૧૨. ૨.

**૩. શૂદ્ર શ્રમણોપાસક** અને **શ્રમણોપાસિકાઓ.**

(अ)

**સદ્દાલપુત્ત.** પોલાસપુરનો કુંભાર. ઉવા૦ ૭.

(ब)

**અગ્ગિમિત્તા.** સદ્દાલપુત્તની પત્ની. ઉવા૦ ૭.

સુલસા[૬૮] કલ્પ૦ ૧૩૭. ઠા૦ ૬૯૧

**૪. અન્યતીર્થિક શ્રમણોપાસક.**

**અંબડ.** કંપિલપુરનો પરિવ્રાજક ઉવ૦ ૪૦.

**ટિપ્પણો :**

૧. મૂળમાં પાર્શ્વના અનુયાગીઓ માટે पासावच्चिज्ज શબ્દ વપરાયો છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવે છે—पार्श्वापत्यस्य-पार्श्वस्वामिशिष्यस्य अपत्यं-शिष्यः पार्श्वापत्यीयः (सू॰ २. ७.). पार्श्वापत्यानां-पार्श्वजिनशिष्याणामयं पार्श्वापत्यीयः (भग॰ १. ९.), पार्श्वनाथशिष्यशिष्ये (ठा॰ ९), चातुर्यामिकसाधौ (भग॰ १५) વગેરે.

વળી બીજો पासत्थ એ શબ્દ પણ મહાવીરના સમયમાં પાર્શ્વના અનુયાયીઓ માટે વપરાતો હતો. જ્યારે મહાવીરે ઉપદેશ દેવો શરૂ કર્યો ત્યારે એ પાર્શ્વના અનુયાયીઓ શિથિલાચારી થઈ ગયા હતા. તેથી એ पासत्थ શબ્દ પરવર્તી કાળમાં તેનો મૂળ અર્થ છોડીને ગમે તે શિથિલાચારી માટે વપરાવા લાગ્યો. ટીકાઓમાં એ શબ્દનું સંસ્કૃતરૂપાન્તર બે રીતે કરવામાં આવ્યું છે. पार्श्वस्थ અને पाशस्थ. અને એ બન્ને શબ્દનો અર્થ ટીકાકારો સમાન લે છે. જો એ पासत्थ શબ્દ તેના મૂળ અર્થમાં શિથિલાચારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થમાં વપરાયો હોત તો તેનું સંસ્કૃત એક જ पाशस्थ એવું થવું જોઈએ. પરંતુ ટીકાકારો એ पासत्थ શબ્દનું સંસ્કૃતરૂપાન્તર पार्श्वस्थ એવું પણ કરે છે. પરંતુ તેનો અર્થ જયારે સમજાવે છે ત્યારે એ पार्श्वस्थ એવા શબ્દમાંથી શિથિલાચારીનો ભાવ કાઢવા માટે તેમને બહુ જ ખેંચતાણ કરવી પડે છે. જેમકે साधुगुणानां पार्श्वे तिष्ठतीति पार्श्वस्थ: (सू॰ १.९) पार्श्व: सम्यकत्वं तस्मिन् ज्ञानादिपार्श्वे तिष्ठतीति पार्श्वस्थ: (सू॰ १, ३, ४.) शबलाचारे (व्य॰ १) ज्ञानादिबहिर्वर्ती. (ભગ. ૧. ૪.) અને એ જ બતાવે છે કે સમય જતાં એ पासत्थ શબ્દ તેના મૂળ અર્થને છોડીને શિથિલાચારીના અર્થમાં રૂઢ થઈ ગયો.

૨. આ લેખનો ઉદ્દેશ માત્ર પાર્શ્વાપત્યીયો અને મહાવીરના સંઘમાં મળેલી વ્યક્તિઓનો પરિચય કરાવવાનો છે. પાર્શ્વાપત્યીયોની કેટલીક મહાવીરથી જુદી પડતી માન્યતાઓ વિશે તેમના સ્વતંત્રસિદ્ધાંતો વિશે તથા એવી જ કેટલીક બાબતો વિશે ઘણું લખવાનો અવકાશ છે. પરંતુ આ લેખમાં એ વિશે ચર્ચા કરવામાં નહિ આવે. એ વિષય માટે તો એક સ્વતંત્ર નિબંધની જરૂર જણાય છે, અને તે અવકાશે લખાશે.

૩. ભગવતીના પંદરમા શતકમાં ગોશાળક છ દિશાચરને મળે છે. ટીકાકાર જણાવે છે કે તેઓ પ્રથમ પાર્શ્વાપત્યીય શ્રમણો હતા. તેમને મેં અહીં ગણ્યા નથી.

૪. કેટલીક વખતે થેર શબ્દ બહુવચનમાં વપરાયેલો છે. તે પ્રસંગે બેથી વધારે થેર હોવાનો સંભવ છે છતાં મેં અહીં તેવે પ્રસંગે ગણતરીમાં બે જ ગણ્યા છે.

૫. જૈનોના આગમમાં આવતા આ પ્રદેશી રાજાની હકીકતને બિલકુલ મળતી હકીકત બૌદ્ધોના ત્રિપિટકમાં "પાયાસીસુત્તમાં" આવે છે. દિગ્ઘ. ૨૩.

૬. મૂળમાં સુપાસ, નંદિવદ્ધણ અને સુદંસણા વિશે તેમની મહાવીર સાથેની સગાઈની હકીકત સિવાય વિશેષ કાંઈ વિગત મળતી નથી. જો તેઓ મહાવીરના સંઘમાં હોત તો સંકલનકાર જેણે આવી વિશિષ્ટ વ્યક્તિઓનાં ચરિત્રની નોંધ લેવાની બહુ કાળજી રાખી છે, તેમના વિશે જરૂર વિશેષ માહિતી આપત. પરંતુ એવું કાંઈ નથી તેથી મેં તેમને પાર્શ્વાપત્યીય ગણ્યા છે.

જો કે આવશ્યક નિર્યુક્તિની ૨૩૦૭મી ગાથામાં—'જમાલી જયારે મહાવીરથી જુદો પડ્યો ત્યારે સુદંસણા તેને અનુસરી' એવું મળે છે છતાં તે ઉપરથી સુદંસણા—મહાવીરની મોટી બહેન—એ મતભેદ પહેલા મહાવીરને અનુસરતી હતી એમ નિશ્ચિતપણે કહેવું કઠિન છે, કારણ કે તે ગાથાની ટીકામાં એ 'સુદંસણા' શબ્દના અર્થ માટે બે મતની નોંધ છે. તેમાં એક મતે સુદંસણા તે મહાવીરની પુત્રી અને બીજે મતે તેમની બહેન એમ જણાવ્યું છે.

વળી ભગવતીસૂત્રમાં જમાલીનું વિસ્તારથી જીવન આપવામાં આવ્યું છે ત્યાં પણ પ્રિયદંસણા કે સુદંસણા બેમાંથી એકેય જમાલીને અનુસર્યા એવી નોંધ નથી લેવાઈ. પરવર્તી સાહિત્યમાં પ્રિયદંસણાને જમાલીની પત્ની તરીકે જણાવી છે. વળી જયારે જમાલીનો મહાવીર સાથે મતભેદ થયો ત્યારે પ્રથમ તો તેણી તેને અનુસરી એવો ઉલ્લેખ તો મળે છે પરંતુ સુદંસણા જમાલીને અનુસરી એવો ઉલ્લેખ આ સંદિગ્ધ સ્થળ સિવાય ક્યાંય પણ પ્રાચીન ગ્રંથોમાં નથી મળતો. તેથી સુદંસણાને પાર્શ્વાપત્યીય ગણવી વધારે ઉચિત છે. (ઠા. ૬૯૧)

સ્થાનાંગસૂત્રમાં ભવિષ્યમાં તીર્થંકર થનારા નવ વ્યક્તિઓનાં નામો આપ્યાં છે, અને તેમાંનો એક સુપાસ છે. ટીકાકારે એ સુપાસને મહાવીરના કાકા જણાવ્યા છે. પરંતુ મૂળ કે ટીકા એ એક વાત સિવાય સુપાસના જીવન વિશે કશું જ જણાવતા નથી, તેથી એ કહેવું કઠણ છે કે તે ભગવાન મહાવીરના સંઘમાં શ્રમણ તરીકે કે ઉપાસક તરીકે હતા. ટીકાકારે બીજા ભવિષ્યના થનારા તીર્થંકરના જીવન વિશે થોડી ઘણી માહિતી આપી છે પરંતુ આ સુપાસ વિશે તો સાવ મૌન જ પકડ્યું છે. એ જ બતાવે છે કે તેઓ મહાવીરે સંઘ સ્થાપ્યો ત્યાં સુધી જીવ્યા જ નહિ હોય. તેથી તેમને પાર્શ્વાપત્યીય ગણવા વધારે ઉચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. १, सव्वाओ पाणाइवायाओ वेरमणं, २, सव्वाओ मसावायाओ वेरमणं, ३, सव्वाओ अदिण्णादाणाओ वेरमणं, ४. सव्वाओ वहिद्धादाणाओ वेरमणं । राय. ५०. I. A. X. P. 160

८. राय-५४. नाया० १. १२.

९. उत्त० २३. उव० ५७ વગેરે

१०. उपासक, नायाधम्मकहा, अंतगड, कप्पवंसिया, भगवई, सूयगड, उत्तराध्ययन, अनुत्तरोववाइए એ બધામાં મહાવીરના શ્રમણોપાસકનાં જીવનચરિત્રો આવે છે.

૧૧. રાય૦ અને નાયા૦ ૧. ૧૨

૧૨. આચા૦ ૨. ૧૫. ૧૫-૧૬.

૧૩. ઉત્ત૦ ૨૩

૧૪. રાય૦ ૫૪. વગેરે.

૧૫. રાય૦ ૫૪. વગેરે.

૧૬. S. B. E. XLV. P. 122-123. Jainism in N. India. P. 7.

૧૭. पासस्स णं अरहओ पुप्फचुलापामोक्खाओ अट्ठत्तीसं अज्जिया साहस्सीओ उक्कोसिया अज्जिया संपया हुत्था। કલ્પ. ૧૬૨. समणस्स भगवओ महावीरस्स अज्जचंदणा पामुक्खाओ छत्तीसं अज्जिया साहस्सीओ उक्कोसिया अज्जिया संपया हुत्था । કલ્પ. ૧૩૫.

૧૮. ચુલ્લવગ્ગ. X 1-3.

૧૯. ત્રિષષ્ટિ૦ પૃ૦ ૫૧, ૫૬.

૨૦. રાય૦ ૫૩.

૨૧. નાયા૦ ૧. ૧૨. ૯૨.

૨૨. અંગ તથા પૂર્વ વિશે ગવેષણાપૂર્વક એક સ્વતંત્ર લેખ લખવાની જરૂર જણાય છે. તે બન્ને વિશે પરવર્તી સાહિત્યમાં બહુ જ ગૂંચવણમાં નાખી દે તેવી હકીકતો મળી આવે છે. એ બધા જ ઉલ્લેખોનું ખૂબ વિચારપૂર્વક પૃથક્કરણ કરી પૂર્વ એ શું અને અંગ એ શું તેનો પરિચય કરાવવાની જરૂર રહે છે.

૨૩. સાધારણ રીતે મહાવીરના સંઘના ચાર વિભાગ કરવામાં આવે છે. શ્રમણ, શ્રમણી, શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા. (ભગ ૨૦-૪) પરંતુ અહીં છ ભાગ પાડવામાં આવ્યા છે. શ્રમણ, શ્રમણી, શ્રમણોપાસક, શ્રમણોપાસિકા, શ્રાવક અને શ્રાવિકા. આગમમાં ગૃહસ્થભક્તોનાં જીવનચરિત્રોમાં કેટલાકના જીવનવૃત્તાંતમાં ક્યાંય પણ તેમણે વ્રતો લીધાં હોય એવો ઉલ્લેખ નથી, તેવાઓને જેમના માટે સ્પષ્ટ બાર વ્રતો લીધાનો ઉલ્લેખ મળે છે તેમનાથી જુદા પાડવા માટે અહીં છેવટના બે ભેદ વધારવામાં આવ્યા છે.

૨૪. ૧૪૦૦૦-શ્રમણો, ૩૬૦૦૦-આર્યાઓ, ૧૫૯૦૦૦-શ્રમણોપાસકો, ૩૧૮૦૦૦-શ્રમણોપાસિકાઓ મહાવીરના સંઘમાં હતી :- કલ્પ-૧૩૪-૧૩૭.

૨૫. ઉવ૦ ૩૮.

૨૬. ઉત્ત૦ ૧૨.

૨૭. અહીં શ્રમણોની ચર્યાની બહુ જ ટૂંકમાં નોંધ આપવામાં આવી છે.

૨૮. ઉવ, ૨૩-૩૦, ૩૨માં એ તપસ્યાઓનું વિસ્તારથી વર્ણન છે તે જિજ્ઞાસુએ જોઈ લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯. ઉવ૦ ૩૧, માં શ્રમણોના અભ્યાસ, તથા ચિંતનમનન વિશે વિસ્તારથી કહ્યું છે તે જોઈ લેવું.

૩૦. એ અનશન વિશે. ભગ૦ ૯. ૩૩. જોવું અને શ્રમણો તથા શ્રમણોપાસકનાં ચરિત્રો જોવાં. તે ચરિત્રો કયા સૂત્રમાં આવે છે તે આગળ આપવામાં આવ્યું છે.

૩૧. ઉપાસકોનું સંપૂર્ણ જીવન કેમ વ્યતીત થતું તેનું વિસ્તારથી અહીં વર્ણન નથી આપતો.

૩૨. ઉત્ત૦ ૨૩.

૩૩. ઉત્ત૦ ૨૩.

૩૪. ઉત્ત૦ ૨૩.

૩૫. આચારાંગ.

૩૬. અવિવાહિત એમ જેમના વિશે ન લખ્યું હોય તે સૌને વિવાહિત સમજવા.

૩૭. સ્થાનાંગ સૂત્રમાં (સૂ૦ ૬૨૧) એમ જણાવ્યું છે કે મહાવીરે આઠ રાજાઓને દીક્ષા દીધી. તેમનાં નામ આ પ્રમાણે જણાવ્યા છે : વીરંગય, વીરજસ, સંજય, એણિજ્જય, સેય, સિવ, ઉદાયણ, અને સંખ કાસિવદ્ધણ. પાઠ ત્રુટિત હોવાથી છેલ્લું નામ ટીકાકારે પોતાની તરફથી ઉમેર્યું છે. (तह संखे कासिवद्धणए इत्येवं चतुर्थपादे सति गाथा भवति न चैवं दृश्यते पुस्तकेष्विति) પહેલા ત્રણ આગમમાં બીજે સ્થળે જણાવ્યા નથી. માત્ર સર્વ પ્રથમ અહીં આ સૂત્રમાં તેમનાં નામો મળે છે. પરંતુ આશ્ચર્ય એ છે કે ટીકાકાર કહે છે કે एते प्रतीताः આ ઉપરથી એમ જણાય છે કે એ ટીકાકારના સમય સુધી તો તેમને વિશે આગમમાં નોંધ હશે. પરંતુ પછી લુપ્ત થઈ ગઈ. ચોથા વિશે પણ આગમમાં કાંઈ નોંધ નથી. પરંતુ ટીકાકાર તેને પએસીરાજાનો કોઈ 'નિજક' જણાવે છે. સેયને ટીકાકાર અમલકપ્પાનો રાજા જણાવે છે. પરંતુ એ સેયે તો દીક્ષા લીધી હોય તેવો ઉલ્લેખ નથી. (જુઓ૦ રાય૦ ૧) સિવ માટે જુઓ ભગ૦ ૧૧. ૯. ઉદાયણ એ ઉપર જણાવેલ જ છે. અને સંખ નામ ટીકાકારે સૂચવ્યું છે. છતાં તે કહે છે કે બીજાં સૂત્રોમાં કાસીના રાજાનું નામ 'અલક્ખ' મળે છે, (જુઓ અંત૦ ૬. ૧૬.) અને તેથી તે જણાવે છે કે સંખ એ અલક્ખનું જ બીજું નામ હોવાનો સંભવ છે.

૩૮. સ્થાનાંગ(૬૯૧)માં કૂણિકના પુત્રનું નામ પણ ઉદાયણ જણાવ્યું છે અને તેને ભવિષ્યના તીર્થંકર તરીકે જણાવ્યો છે. મૂળમાં તેના વિશે વિશેષ કાંઈ મળતું નથી. ત્રિષષ્ટિ. પા૦ ૨૪૭

૩૯. ભગવાન મહાવીરની પત્ની જસોયા, પુત્રીની પુત્રી સેસવઈ અને પુત્રી પિયદંસણાને એકે વિભાગમાં ગણ્યાં નથી. કારણ કે તેમના વિશે નિશ્ચિત રૂપે કાંઈપણ મૂળ ઉપરથી કહેવું અશક્ય છે. મૂળમાં માત્ર તેમનો મહાવીર સાથેનો સાંસારિક સંબંધ બતાવ્યો છે. એ સિવાય કશું જ જણાવ્યું નથી. આચા૦ ૨. ૧૫.

પરવર્તી સાહિત્યમાં પિયદંસણાએ દીક્ષા લીધી એમ જણાવ્યું છે. પરંતુ આગમમાં ભગવતી સૂત્રમાં જ્યાં જમાલીનું ચરિત્ર વિસ્તારથી આપવામાં આવ્યું છે ત્યાં તેનો નામોલ્લેખ પણ નથી. ઊલટું જમાલીને આઠ રાણીઓ હતી એમ બતાવ્યું છે. ભગ૦ ૯-૩૩.

૪૦. સ્થાનાંગ—(૬૯૧)માં ધન્નને ભાવી તીર્થંકર કહ્યો છે-ટીકાકાર ધન્નનું વિસ્તારથી ચરિત્ર આપે છે. પરંતુ ભૂલથી તેમણે હત્થીણાપુરને તેનું ગામ જણાવ્યું છે. જુઓ અનુત્ત૦ ૩. ૧.

૪૧. સુધર્માના શિષ્ય જંબુને મહાવીરના સંઘમાં ગણવામાં નથી આવ્યા. કારણ આગમમાં એક પણ એવો ઉલ્લેખ નથી મળતો જેથી એમ માની શકાય કે તેઓ મહાવીરની જીવિત દશામાં સંઘમાં ભળ્યા હતા. વળી પરવર્તી સાહિત્ય તેમનો દીક્ષા પર્યાય ૬૪ વર્ષે બતાવે છે અને સિદ્ધિ લાભ મહાવીર પછી ૬૪ વર્ષે બતાવે છે તેથી પણ એ જ વાતની સિદ્ધિ થાય છે કે તેઓ મહાવીરની જીવિતાવસ્થામાં સંઘમાં ભળ્યા ન હતા. તેમણે દીક્ષા સુધર્મા પાસે લીધી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૨. કલ્પથેરાવલીમાં તેમના અનુક્રમે—ભારદ્વાજ, અગ્નિવેસાયન, વસિષ્ઠ, કાશ્યપ, ગૌતમ, હારિતાયન, કૌડિન્ય, અને કૌડિન્ય ગોત્રો બતાવ્યાં છે. પરવર્તી સાહિત્યમાં તેમને બ્રાહ્મણ ગણ્યા છે.

૪૩. શ્રેણિકને સ્થાનાંગ(૬૯૧)માં ભાવી તીર્થંકર જણાવ્યો છે.

૪૪. આ જિતશત્રુ એક હતા કે અનેક તે કહેવું, કઠણ છે. વળી જિતશત્રુ એ ખરું નામ છે કે ઉપાધિ છે તે પણ અનિશ્ચિત છે.

૪૫. ભગવાનના મામા, કૂણિકની માતાના પિતા. તેમને ઉપલબ્ધ આગમમાં મહાવીરના દર્શને આવતા જણાવ્યા નથી. વળી શ્રમણોપાસક એવું વિશેષણ પણ મળતું નથી. છતાં તેઓ મહાવીરભક્ત હતા એ આપણે તેમની સગાઈ ઉપરથી અનુમાન કરી શકીએ છીએ.

૪૬. સ્થાનાંગ(૬૯૧)માં સંખ અને સયગને ભાવી તીર્થંકર બતાવ્યા છે. પોક્ખલીનું બીજું નામ સયગ હતું. કલ્પ(૧૩૫)માં તેમને શ્રમણોપાસકમાં મુખ્ય બતાવ્યા છે.

૪૭. સ્થાનાંગ(૬૯૧)માં રેવતીને ભાવી તીર્થંકર કહી છે. સુલસા અને રેવતીને કલ્પસૂત્રમાં (૧૩૭) શ્રમણોપાસિકાઓમાં મુખ્ય ગણાવી છે.

૪૮. સુલસાને ટીકાકારો રાયગિહના નાગની પત્ની જણાવે છે. તેને કલ્પમાં શ્રમણોપાસિકાઓમાં મુખ્ય કહી છે અને સ્થાનાંગમાં ભાવી તીર્થંકર જણાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નયવાદનો પ્રારંભિક ઈતિહાસ

## ભિન્ન ભિન્ન દ્રષ્ટાઓએ કરેલ વિશ્વનું પૃથક્કરણ

ભારતીય દર્શનશાસ્ત્રનો પ્રધાનતયા ઉદ્દેશ મોક્ષ રહ્યો છે. અને તેથી જ મોક્ષનો વિચાર કરવા જતાં પ્રત્યેક દર્શનકારને જગતનું પૃથક્કરણ કરવું જ પડ્યું છે. વેદાન્તીઓએ માયાજાળથી પર જઈને બ્રહ્મમય જગત જોયું. સાંખ્યદર્શન પ્રવર્તક કપિલ ઋષિને જગત, સ્વરૂપને ભૂલેલ પુરુષ અને પ્રકૃતિની સૃષ્ટિ જણાઈ, ન્યાયસૂત્રકાર ગૌતમ અને વૈશેષિક દર્શનકાર કણાદ ઋષિએ સમસ્ત જગત સાત પદાર્થમાં સમાવિષ્ટ જોયું, ભગવાન બુદ્ધે નિર્વાણ માર્ગ શોધતાં નામ અને રૂપમય જગત નિહાળ્યું. અને ભગવાન મહાવીરે ચેતન, અને જડના પર્યાયોથી નિષ્પન્ન વિશ્વનું દર્શન કર્યું.

## એ બધામાં વાસ્તવિક રીતે વિરોધ છે ?

એ બધા દ્રષ્ટાઓના વિશ્વદર્શન પર ઊડતી નજર ફેંકીએ તો સૌ કોઈ જુદું જુદું કહેતા હોય તેમ ભાસે પરંતુ જરા ઊંડા ઊતરીએ તો જણાય કે એક દ્રષ્ટાએ પોતાનો અનુભવ જરા વિસ્તારથી જગતસન્મુખ ધર્યો છે જ્યારે બીજાએ એની એ જ વસ્તુ સંકોચીને કહી છે. એટલે આપણને વિરોધી જણાતી વસ્તુઓમાં પણ વાસ્તવિક રીતે વિરોધ નથી હોતો પરંતુ આપણી દૃષ્ટિમાં વિરોધ હોવાથી આપણે સમન્વય કરવા અશક્તિમાન થઈએ છીએ. અને એ દેખાતા વિરોધોનો સમન્વય કરવાનું કાર્ય સ્યાદ્વાદ કરે છે.

## વસ્તુની અનંતધર્માત્મકતા

આપણે ઉપર જોયું તે પ્રમાણે ભગવાન મહાવીરે વિશ્વને જડ અને ચેતનના પર્યાયોથી નિષ્પન્ન નિહાળ્યું છે. એ રીતે આ અસીમ વિશ્વને એ બે તત્ત્વોના વિકારભૂત માનીએ ત્યારે આપણે એ પણ માનવું જ પડે છે કે એ બે તત્ત્વોનો ભિન્ન ભિન્ન રૂપે પ્રકાશ—તે આ અનંત વિશ્વ. અર્થાત્ તે બન્ને તત્ત્વો અનંતધર્મવાળા હોવા જોઈએ અન્યથા, અનંતરૂપે પ્રકાશિત ન જ થઈ શકે.

## સ્યાદ્વાદની આવશ્યકતા અને તેનું ગાંભીર્ય

વ્યવહારમાં આવતા જડ અને ચેતનના એ અનંત વિકારો તદ્દન નિરપેક્ષ નથી પરંતુ સાપેક્ષ છે. એ બધાને નિરપેક્ષ લેવા જઈએ તો તેમનું સ્વતંત્ર અસ્તિત્વ કયા પ્રકારનું છે તે જાણવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે અશક્તિમાન થઈએ. અને એનો કઈ રીતે વ્યવહાર કરવો તેની સમજણ પડે નહિ. એટલે આપણો વ્યવહાર જાણે કે અજાણે સાપેક્ષ જ હોય છે. એટલે જગતમાં જીવતી કોઈ પણ વ્યક્તિ એ અપેક્ષાવાદ વિના ચલાવી શકે જ નહિ. અને એથી જ એ અપેક્ષાવાદ-સ્યાદ્વાદ-અનેકાંતવાદની મહત્તા સૌ કોઈ વિચારકને સ્વીકાર્યા વિના ચાલે જ નહિ.

આપણે વ્યવહારમાં એ અપેક્ષાવાદનો જાણે કે અજાણે ઉપયોગ કરતા હોઈએ છીએ ત્યારે એ સ્વાભાવિક હોવાથી વગર વિચારે જ વ્યવહૃત થાય છે પરંતુ જયારે એ સ્યાદ્વાદનું વૈજ્ઞાનિક વિવેચન કરવામાં આવે છે, ત્યારે વિદ્વાનો માટે પણ જેટલો વ્યવહારમાં સહેલો છે, તેટલો જ સમજવામાં કષ્ટસાધ્ય બને છે. અને એ કારણથી જ ભારતીય દર્શનકારોમાં શંકર જેવા મહાન તત્ત્વવેત્તાએ પણ એ સ્યાદ્વાદનું ખંડન કરવા જતાં ગંભીર ભૂલ ખાધી છે, એમ આજના એ વાદને પચાવનારાઓનું દૃઢ મન્તવ્ય છે.

ભારતીય દર્શનશાસ્ત્રોમાં અપેક્ષાવાદ-સ્યાદ્વાદને સ્પષ્ટ રૂપે વિકસાવનાર એટલું જ નહિ પરંતુ એ અપેક્ષાવાદના પાયા ઉપર જ પોતાના સમસ્ત તત્ત્વજ્ઞાનનો મહાન મહેલ ચણનાર જૈન દર્શન છે.

## (૨)

### સ્યાદ્વાદના આધારભૂત નય

દૃશ્ય કે અદૃશ્ય તમામ વસ્તુ અનંત ધર્માત્મક છે એમ જૈન દર્શન સ્વીકારે છે. એ અનંત ધર્મોમાંના એક એક ધર્મની પ્રધાનતા અને બીજા ધર્મોની ગૌણતાથી એક જ વસ્તુ અનંત રીતે પ્રકાશિત થાય છે. એટલે એક જ વસ્તુને આપણે પણ તેના એક એક અંશની પ્રધાનતા રાખીને જોઈએ તો અનંત રીતે જોઈ શકીએ. વ્યવહારમાં તો આપણને સમસ્ત વસ્તુઓ તેમના સંપૂર્ણ સ્વરૂપમાં ઉપયોગમાં નથી આવતી પરંતુ તે તે આંશિક સ્વરૂપમાં ઉપયોગમાં આવે છે, અને તે તે વસ્તુના આંશિક સ્વરૂપ જ્ઞાનને પૂર્ણ જ્ઞાન તો ન જ કહી શકાય. પરંતુ અપેક્ષાકૃત સત્યજ્ઞાન જરૂર કહી શકાય. આવા અપેક્ષાકૃત આંશિક સત્યજ્ઞાનને જૈનો નય કહે છે. અને એ બધા નયો મળીને સ્યાદ્વાદ થાય છે. એટલે સ્યાદ્વાદમાં નયનું સ્થાન મહત્ત્વનું છે તે સહજ સમજાય તેવી વાત છે.

### વ્યવહાર તેમજ પરમાર્થમાં નયનો ઉપયોગ

વ્યવહારમાં તો એ નયોથી જ આપણું કામ ચાલે છે. તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં પણ એ નયનો તેટલો જ ઉપયોગ છે. જો એ નયને ભૂલ્યા તો વસ્તુસ્વરૂપનું યથાર્થજ્ઞાન થવાનો સંભવ જ નથી. આત્મા એક છે એવો ઉલ્લેખ જૈન શાસ્ત્રોમાં મળે છે અને અનંતજીવોથી વિશ્વ વ્યાપ્ત છે એવો ઉલ્લેખ પણ મળે છે. જેને નયવાદનું ભાન નથી તેવાઓને આવા પરસ્પર વિરોધી દેખાતા ઉલ્લેખો જોઈને ભ્રમ થવાનો સંભવ છે, પરંતુ એ ભ્રમ નયવાદ ભાંગે છે અને આત્માનું એકત્વ તેમજ અનેકત્વ સિદ્ધ કરે છે. શુદ્ધ ચૈતન્ય તો બધા આત્મામાં એકસરખું જ છે. અને એ અપેક્ષાએ બધા આત્મા એક જ છે, પરંતુ બધાનું ચૈતન્ય સરખું હોવા છતાં સમસ્ત આત્માઓનું વ્યક્તિત્વ ભિન્ન ભિન્ન છે, તેથી આત્મા અનેક પણ છે. તેવી જ રીતે નિત્ય તેમજ અનિત્ય વગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્દન વિરોધી જણાતા ધર્મો પણ એક જ વસ્તુમાં જુદી જુદી દૃષ્ટિ દ્વારા સિદ્ધ કરે અને એ રીતે તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં કોઈ પણ વસ્તુને અનેક દૃષ્ટિથી વિચારીને તેમાં વિરોધી દેખાતા ધર્મોમાં પણ અવિરોધ ક્યાં રહેલો છે તે શોધી આપવાનું કાર્ય નયવાદ કરે છે. અને એ રીતે તત્ત્વજ્ઞાનમાં દેખાતા અનેક વિરોધોને શમાવી, બધા તત્ત્વજ્ઞાનીઓમાં ક્યાં કેટલી સમાનતા રહેલી છે તે સ્પષ્ટ કરી આપે છે અને એ રીતે મનમાં ઉદ્‌ભવતા અનેક ભ્રમોને દૂર કરીને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં સર્વધર્મસમન્વય કરવાનું મહાન કાર્ય કરે છે, અને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં પણ નયવાદ અનુપમ પ્રતિષ્ઠાને પામે છે.

### સંપૂર્ણ નયોનો સમૂહ સ્યાદ્વાદ

એ બધા નયો—બધી અપેક્ષાઓ—બધાં આંશિક સત્યો મળીને સ્યાદ્વાદ બને છે. સ્યાદ્વાદ વસ્તુને જેટલી અપેક્ષાઓથી જોઈ શકાય તેટલી અપેક્ષાઓથી જોઈને વસ્તુતત્ત્વ નિર્ણય કરે છે અને એથી સ્યાદ્વાદને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાંથી કાઢી નાખીએ તો હાથીના સ્વરૂપને નક્કી કરવા બેઠેલા આંધળાઓ, બધાનો એક મત નહિ થવાથી લડાઈ કરવા મંડી જાય છે, તેમ તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં પણ સ્યાદ્વાદરૂપી દિવ્યચક્ષુના અભાવે સદાય લડાઈ જ રહેવાની. સ્યાદ્વાદના અભાવે બધાં દર્શનોમાં જે પરસ્પર ખંડનમંડનની પ્રથા ચાલી છે એ શાસ્ત્રીય લડાઈનો અંત કરવાનું શ્રેય સ્યાદ્વાદને છે, એ સત્ય ભારતીય દર્શનશાસ્ત્રમાં ઊંડા ઊતરનારને તુરત સમજાય તેવું છે.

### જૈન સાહિત્યમાં નય

જૈન તત્ત્વજ્ઞાનનું મૂળ સ્યાદ્વાદમાં હોવાથી પ્રાચીન, મધ્યકાલીન તેમજ અર્વાચીન જૈન સાહિત્યમાં સ્યાદ્વાદનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો છે તેવી જ રીતે નય એ સ્યાદ્વાદનો પ્રાણ હોવાથી શ્વેતામ્બરોમાં આગમથી શરૂઆત કરીને યશોવિજયજીના વિદ્વત્તાપૂર્ણ ગ્રંથોમાં અને દિગંબરોમાં કુંદકુંદના આધ્યાત્મિક ગ્રંથોથી માંડીને અત્યાર સુધી લખાયેલા તત્ત્વજ્ઞાનનાં તમામ પુસ્તકોમાં નય વિશે ઉત્તરોત્તર વિકાસપૂર્ણ વિચારો મળી આવે છે. જેટલો શ્રમ જૈનાચાર્યોએ જૈન દર્શનના પ્રાણભૂત સિદ્ધાન્ત સ્યાદ્વાદને વિકસાવવા કર્યો છે તેટલો જ શ્રમ—અરે તેથી પણ વધારે એ સ્યાદ્વાદના પ્રાણભૂત નયવાદને વિકસિત કરવા સેવ્યો છે.

### જૈનેતર દર્શનોમાં નય

બીજાં દર્શનોમાં નયવાદની તદ્દન ઉપેક્ષા જ થઈ છે એમ કહી શકાય નહિ. વેદાન્તીઓના વ્યવહાર અને પરમાર્થ; બૌદ્ધોના સંવૃતિ સત્ય અને પરમાર્થ સત્ય તથા ત્રિપિટકમાં આવતા એકત્તનય, નાનત્તનય, અવ્યાપારનય, અને એવંધમ્મતાનય એ ચાર અત્થનય અને ન્યાય વૈશેષિકની પૃથિવ્યાદિને નિત્ય તેમજ અનિત્ય માનનાર દૃષ્ટિઓ, વગેરે એ જૈનેતર દર્શનોમાં નયનામપૂર્વક કે નયનામ વિના નયનો સ્વીકાર તેમ જ વ્યવહાર થયો છે તેમ બતાવે છે પરંતુ બીજાં દર્શનોએ એ વાદનું વૈજ્ઞાનિક વિવેચન કરવા તરફ લક્ષ નથી આપ્યું જ્યારે જૈન દર્શનને તો સ્યાદ્વાદ અને નયવાદ આધારભૂત હોવાથી તેના વૈજ્ઞાનિક વિવેચન તરફ જૈનાચાર્યોએ ખૂબ જ લક્ષ આપ્યું છે અને એ બન્ને વાદના વૈજ્ઞાનિક વિવેચનથી જૈન દર્શનમાં વિશેષતા આણી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આગમમાં નય

જૈન સાહિત્યમાં નય વિશેની સૌથી પ્રાચીન માન્યતા શ્વેતાંબરોના આગમોમાં અને શ્વેતાંબર તથા દિગંબરને સરખી રીતે માન્ય ઉમાસ્વાતિના તત્ત્વાર્થ સૂત્રમાં સચવાયેલી મળી આવે છે. આગમોમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાતને મૂળ નયો ગણવામાં આવ્યા છે. શ્વેતાંબરોમાં આગમિક પરંપરાને સાચવનારા પ્રાચીન તેમ જ અર્વાચીન ગ્રંથોમાં એ સાતને જ મૂળ નયો ગણવામાં આવ્યા છે. દિગંબરોમાં ઉમાસ્વાતિના પણ પૂર્વવર્તી કુન્દકુન્દના આધ્યાત્મિક ગ્રંથોમાં નયની સ્પષ્ટ જુદી ચર્ચા મળતી નથી પરંતુ જીવની પ્રરૂપણા કરતી વખતે કુંદકુંદે વ્યવહારનય અને નિશ્ચયનયનો ઉપયોગ કર્યો છે અને દ્રવ્યોની ચર્ચા કરતી વખતે તેમણે દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક નયનો ઉપયોગ કર્યો છે. પરંતુ તેમના ગ્રંથોમાં ક્યાંય પણ નયોની જુદી ચર્ચા ન હોવાથી તેમના મતે મૂળ નયો કયા હતા તે જાણવું કઠિન છે. આગમોમાં પણ કોઈ વખતે નિશ્ચયનય અને વ્યવહારનયનો ઉપયોગ થયેલો છે અને દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક દૃષ્ટિ વિના તો આગમમાં એક પણ ડગલું આગળ ચાલે તેમ નથી.

## તત્ત્વાર્થસૂત્રમાં નય

બીજી પરંપરા ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રની છે તેમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચને મૂળ નયો ગણવામાં આવ્યા છે. ઉમાસ્વાતિએ આ પાંચ મૂળ નયો મનઃકલ્પનાથી માન્યા નથી પણ એ પાંચ મૂળ નય માનવાની પરંપરા તેમણે નિર્યુક્તિમાંથી લીધી છે.

દિગંબરોમાં તત્ત્વાર્થની પ્રાચીન ઉપલબ્ધ ટીકા સર્વાર્થસિદ્ધિ મનાય છે અને તે ટીકામાન્ય સૂત્રપાઠમાં નૈગમાદિ સાત નયો આગમિક પરંપરાને મળતા જણાવવામાં આવ્યા છે પરંતુ એ ટીકા તત્ત્વાર્થભાષ્ય કરતાં પ્રાચીન નથી એમ અનેક પ્રમાણોથી પં૰ સુખલાલજીએ સિદ્ધ કર્યું છે. તેથી તત્ત્વાર્થભાષ્યસંમત સૂત્રપાઠમાં આવેલ પાંચ નયવાદને જ ઉમાસ્વાતિની મૂળનય વિશેની માન્યતા ગણવામાં જ વધારે પ્રામાણિકતા છે.

## આગમમાં નયનું અવિકસિત પ્રાથમિક સ્વરૂપ

જે પ્રકારનું નયનું પ્રતિપાદન પાછલા સાહિત્યમાં મળે છે તેવું જૈનાગમોમાં મળતું નથી. જૈનાગમોની સંકલના જે સમયે થઈ હતી ત્યારે પાછળના પ્રાકૃત તેમજ સંસ્કૃત સાહિત્યમાં મળી આવે છે તેવો દાર્શનિક સંઘર્ષ જૈનોના એ પ્રાકૃત આગમ સાહિત્યમાં પ્રવેશ પામ્યો ન હતો. એટલું જ નહિ પરંતુ એ સમયમાં આગમના પરવર્તી સાહિત્યમાં મળે છે તેવું તીવ્ર રૂપ દાર્શનિક સંઘર્ષે ધારણ પણ કર્યું ન હતું. તેથી નયવાદ તો અવિકસિત સ્વરૂપમાં અને મર્યાદિત ક્ષેત્રવાળો આગમમાં દૃષ્ટિગોચર થાય છે. આગમિક નયવાદમાં તેમજ આગમના નિકટના પરવર્તી ઉપલબ્ધ નિર્યુક્તિ સાહિત્યમાં સપ્તભંગીનાં દર્શન નથી થતાં. જો કે ભગવતી સૂત્રના એક ઉલ્લેખ પરથી એક જ વસ્તુમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને મનાતા એમ સ્પષ્ટ થાય છે અર્થાત્ એ સપ્તભંગીનું મૂળ આગમમાં મળી આવે છે ખરું. વળી નયોમાં તત્કાલીન પ્રચલિત સમસ્ત વાદોનો સમન્વય જે પાછલા સાહિત્યમાં કરવામાં આવ્યો છે તે પણ આ આગમિક નયવાદમાં નજરે પડતો નથી એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આગમિક નયવાદની પ્રાથમિક દશા સૂચવે છે. આગમના નિકટના પરવર્તી નિર્યુકિત તથા ભાષ્યોમાં એ સમન્વયની શરૂઆત થઈ છે જેને પરવર્તી સંસ્કૃત સાહિત્યમાં આચાર્યોએ અત્યંત વિકસાવ્યો છે.

## આગમમાં નયોની ઉત્તરોત્તર વિશુદ્ધિ માટે પ્રસ્થક દૃષ્ટાંત

આગમોમાં નયોની વ્યાખ્યા આપવામાં આવી નથી પરંતુ અનુયોગ દ્વાર સૂત્રમાં તે દરેક નયોની ઉત્તરોત્તર વિશુદ્ધિ પ્રસ્થકાદિ દૃષ્ટાંતો વડે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આગમની સંકલના સમયે પણ નયોનું ચોક્કસ સ્વરૂપ સંકલનકારના ખ્યાલમાં હશે જ. પરવર્તી સાહિત્યમાં નયોની વ્યાખ્યા જે રીતે કરવામાં આવી છે તે પ્રાયઃ આ દૃષ્ટાંત પાછળના નયના વિચારને ધ્યાનમાં રાખીને કે અત્યારે આગમમાં ઉપલબ્ધ નહિ એવી કોઈ આગમિક વ્યાખ્યાને જ આભારી હોય એમ માનવું નાપાયાદાર તો નહિ જ ગણાય.

પ્રસ્થક દૃષ્ટાંત દ્વારા નયોની ઉત્તરોત્તર વિશુદ્ધિ આ પ્રમાણે સમજાવવામાં આવી છે. કોઈ એક મનુષ્યને કુહાડો લઈને જંગલ તરફ જતો જોઈને તેને કોઈ પૂછે કે 'તું ક્યાં જાય છે ?' તો "હું પ્રસ્થક લેવા જાઉં છું" એ જવાબ અવિશુદ્ધ નૈગમ ગણાય. કારણ કે તે ખરી રીતે પ્રસ્થક માટે નથી જતો પરંતુ પ્રસ્થક માટે લાકડું લેવા જતો હોય છે. તેને લાકડું કાપતો જોઈને કોઈ પૂછે કે "તું શું કરે છે ?" તો તેનો "પ્રસ્થક કાપું છું" એ જવાબ વિશુદ્ધ નૈગમ ગણાય. કારણ કે પૂર્વ કરતાં તેના જવાબમાં સત્યનો અંશ વધારે છે. તેવી જ રીતે પ્રસ્થક પૂરું થાય ત્યાં સુધીની ઉત્તરોત્તર ક્રિયાઓ વખતે પુછાયેલા પ્રશ્નોના જવાબો ઉત્તરોત્તર વિશુદ્ધ નૈગમ છે. કારણ કે ઉત્તરોત્તર કાર્યની નજીકમાં છે. તેવી જ રીતે વ્યવહારનયમાં પણ સમજવાનું છે. કારણ કે આ નય પણ નૈગમની પેઠે લૌકિક વ્યવહારપ્રધાન હોવાથી ઉપચારવાળો છે. સંગ્રહનયની દૃષ્ટિમાં તો ધાન્ય સહિત પ્રસ્થકને પ્રસ્થક કહેવાય છે. તેની દૃષ્ટિમાં એ લાકડાનું માપ પ્રસ્થક નહિ પણ મેય સહિત હોય તો જ તે પ્રસ્થક કહેવાય છે. તેથી નૈગમ કરતાં વિશુદ્ધ છે. ઋજુસૂત્રની દૃષ્ટિમાં પ્રસ્થક પણ પ્રસ્થક તેમજ મેય વસ્તુ પણ પ્રસ્થક છે અને એથી તે સંગ્રહ કરતાં વિશુદ્ધતર છે, કારણ કે તે સંગ્રહ કરતાં જરા વધારે ઊંડો જઈ એ બન્નેમાં પ્રસ્થક શબ્દનો વ્યવહાર થાય છે એમ બતાવે છે, વળી તે વર્તમાન માન અને મેયમાં જ તેનો વ્યવહાર કરે છે. ત્યાર પછીના ત્રણ શબ્દનયો તો તેથી પણ જરા ઊંડા જાય છે અને શબ્દનો જે અર્થ હોય તેને જ ગ્રહણ કરે છે. તેને મતે પ્રસ્થક તે બહાર પડેલ લાકડાનો પદાર્થ કે મેય વસ્તુ નહિ પરંતુ અમુક પરિમાણ તે પ્રસ્થક કહેવાય એવો જે જીવનો ઉપયોગ તે પ્રસ્થક છે. એથી તે સૌથી ઊંડો ઊતરે છે તેથી વિશુદ્ધતમ છે.

## આગમમાં નૈગમ-વ્યવહાર એક જેવા

આપણે ઉપર જોયું તે પ્રમાણે અહીં નૈગમ અને વ્યવહારના વિષયમાં ભેદ પાડ્યો નથી. પરંતુ પરવર્તી સાહિત્યમાં તેમ નથી. માત્ર ઉપચારપ્રધાન લૌકિક વ્યવહારનો જ વ્યવહારનયમાં સમાવેશ નથી કરવામાં આવ્યો પરંતુ સંગ્રહના વિષયનો વિસ્તાર તે પણ વ્યવહારનો વિષય ગણવામાં આવ્યો છે. નિર્યુક્તિ તેમજ ઉમાસ્વાતિના તત્ત્વાર્થમાં બન્નેના વિષયનો સ્પષ્ટ ભેદ દર્શાવ્યો છે. અને એ રીતે બન્નેનો ભેદ સ્પષ્ટ કરી દીધો છે. જો તેમ ન કરવામાં આવે તો બેમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકની જ ઉપયોગિતા ગણાય અને બીજાને નયગણનામાં સ્થાન મળે નહિ. આ રીતે એ બન્નેને કાયમ રાખવામાં આવ્યા છે. આગળ જતાં નૈગમને મૂળ નયમાંથી બાદ પણ કરવામાં આવ્યો છે અને કાયમ રાખ્યો છે તો તેની વ્યાખ્યા આગમથી જુદા પ્રકારની કરવામાં આવી છે.

(૩)

## આગમમાં નયની મર્યાદા

આગમમાં નયવાદ જૈનોની પ્રચલિત માન્યતાઓનો સમન્વય કરે છે, જૈનોની પોતાની ગણાતી કોઈ પણ માન્યતા લઈને તેના પર જ્યારે વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે ત્યારે એ નયદ્વારનો ઉપયોગ કરવામાં આવે છે. આ આગમના નયવાદની મર્યાદા છે. જે મર્યાદા પાછળના વિદ્વાનોએ તોડી છે અને નયવાદને જગતના સમસ્ત વાદો સુધી વિસ્તારીને તેને અમર્યાદિત બનાવ્યો છે.

## તત્ત્વાર્થમાં નયની મર્યાદા

આગમિક મર્યાદા ઉમાસ્વાતિએ તોડી નથી. એટલું જ નહિ પરંતુ ભાષ્યમાં પણ નયવાદની એટલી જ મર્યાદા સચવાયેલી પ્રતીત થાય છે. જ્યારે પૂછવામાં આવે છે કે નય એ શું તન્ત્રાન્તરીય છે ત્યારે જવાબ આપે છે કે એ તન્ત્રાંતરીય નથી પરંતુ જ્ઞેયરૂપ અર્થના જુદી જુદી દૃષ્ટિએ થયેલ અધ્યવસાયો છે. એ ઉપરથી સ્પષ્ટ છે કે ભાષ્ય લખાયું ત્યાં સુધી નયો દ્વારા જૈનેતર માન્યતાઓનો સમન્વય કરવામાં આવતો ન હતો પરંતુ એ જૈન દૃષ્ટિને સમજાવવામાં જ કામમાં લેવામાં આવતા. આ વાત તેમના ભાષ્યમાંના વિવેચન ઉપરથી સ્પષ્ટ છે.

તત્ત્વાર્થ મૂળમાં તેમજ ભાષ્યમાં સપ્તભંગીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી પરંતુ એ સપ્તભંગીનું અવિકસિત સ્વરૂપ કેવું હતું તેનાં દર્શન અવશ્ય એ મૂળ તેમજ ભાષ્યમાં કરી શકાય છે. તેમાંના अर्पितानर्पित सिद्धेः'' એક જ વસ્તુમાં બે જુદી જુદી અપેક્ષાએ વિરોધી ધર્મોની પણ સિદ્ધિ થાય છે. એ સૂત્રમાં સપ્તભંગીનું રહસ્ય મળી આવે છે પરંતુ જેવી રીતે પરવર્તી સાહિત્યમાં કે કુન્દકુન્દના ગ્રંથોમાં સ્પષ્ટપણે સપ્ત ભંગો દર્શાવવામાં આવ્યા છે તે રીતે સ્પષ્ટપણે ભાંગાઓ દર્શાવવામાં નથી આવ્યા. તે મૂળ અને ભાષ્યના સમય સુધી નયની અવિકસિત પ્રાથમિક દશા સૂચવે છે.

તત્ત્વાર્થ મૂળમાં નયની સ્વતંત્ર વ્યાખ્યા આપવામાં આવી નથી. મૂળમાં તો પ્રમાણ અને નય દ્વારા સાત તત્ત્વોનો અધિગમ થાય છે. એટલું જ જણાવવામાં આવ્યું છે. પરંતુ તેના ભાષ્યમાં નયની વ્યાખ્યા મળી આવે છે તેમાં પ્રાપક, કારક, સાધક ઇત્યાદિ શબ્દોને નયના પર્યાયવાચી શબ્દો જણાવ્યા છે અને જીવાદિ પદાર્થનું જ્ઞાન કરાવે છે તે નય એમ સ્પષ્ટ કર્યું છે. અને આગળ જતાં જીવના એક પદાર્થના જ્ઞાનમાં થતા ભિન્ન ભિન્ન અધ્યવસાયોને નય કહ્યા છે.

## નિર્યુક્તિમાં નય તેના જરા વિકસિત સ્વરૂપમાં

નિર્યુક્તિમાં પણ સામાન્ય નયની સ્પષ્ટ જુદી વ્યાખ્યા કરવામાં આવી નથી પરંતુ નયના ઉત્તરોત્તર વિકાસનો ઇતિહાસ આપણને તેમાંથી મળી આવે છે ખરો. તેમાં સાતે નયોની જુદી જુદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યા કરવામાં આવી છે. એટલું જ નહિ પરંતુ એક એક નયના સો સો ભેદ કરીને સાતસો નય કરવામાં આવ્યા છે, જે આગમમાં દેખાતા નથી. વળી મૂળ નયની માન્યતામાં પણ ભેદ પડી ગયેલો જણાઈ આવે છે. નિર્યુક્તિમાં મતાંતરે છેલ્લા ત્રણ નયને એક કરી પાંચ જ મૂળ નયો માનનારી પરંપરાનાં દર્શન થાય છે. અને એ પાંચના પાંચસો ભેદ પણ કરવામાં આવ્યા છે. ઉમાસ્વાતિના તત્ત્વાર્થ સૂત્રમાં આવેલ પાંચ મૂળ નયવાદના આધારભૂત આ નિર્યુક્તિગત પાંચ નયવાદ જ છે, એમ માનવામાં કશી અડચણ નથી. અર્થાત્ ઉમાસ્વાતિએ એ પાંચ નયવાદ પોતે નવો ઊભો નથી કર્યો પરંતુ આગમિક સાત નયવાદને ગૌણ રાખી આ પાંચને જ મૂળનયો સ્વીકાર્યા છે, તેમાં તેમની પ્રતિભાનાં દર્શન છે.

વળી નિર્યુક્તિ તો ત્યાં સુધી પ્રતિપાદન કરે છે કે જિન પ્રવચનમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તે નય દ્વારા જ કહેવામાં આવ્યું છે. નય વિનાનું એક પણ વચન જિનપ્રવચનમાં છે જ નહિ. આ રીતે નિર્યુક્તિએ નયનું મહત્ત્વ ખૂબ જ વધારી દીધું છે. અને એ ઉપરથી આપણે કલ્પના કરી શકીએ છીએ કે આગમમાં તેમજ નિર્યુક્તિમાં એ નયોની મર્યાદા જિનપ્રવચનની માન્યતાઓ સુધી જ હતી, જે પાછળના સાહિત્યમાં તોડવામાં આવી છે. પરંતુ પાછો પ્રશ્ન પુછાય છે કે ત્યારે ઉપલબ્ધ સમસ્ત જૈનાગમોમાં તેવું પ્રત્યેક પદે નય દ્વાર વિવેચન કેમ દેખાતું નથી ? તેનો જવાબ નિર્યુક્તિકાર આપે છે કે ખાસ કરીને તત્ત્વજ્ઞાનના વિષયમાં દેખાતા વિરોધોનો સમન્વય કરવાની આવશ્યકતા રહે છે, તેથી નયોનો તત્ત્વજ્ઞાનથી ભરપૂર દૃષ્ટિવાદમાં પ્રત્યેક પદે ઉપયોગ કરવામાં આવ્યો છે. અને બીજે શ્રોતાની યોગ્યતા વગેરે જોઈને ક્યાંક નયવાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અને જ્યાં જરૂર નથી ત્યાં તે વિના પણ ચલાવી લેવામાં આવ્યું છે.

### જૈનાચાર્યોએ નયપ્રતિ વધારે લક્ષ કેમ આપ્યું ?

આપણે ઉપર જોયું તે પ્રમાણે નિર્યુક્તિઓએ એ નયના મહત્ત્વનો નિર્દેશ કર્યો છે અને પાછળના સાહિત્યમાં નયનો જે વિસ્તાર દૃષ્ટિગોચર થાય છે, તે એ નયના મહત્ત્વદર્શી નિર્દેશને આભારી છે એમ માનવું જરાય અત્યુક્તિપૂર્ણ નથી. એ નિર્દેશમાં જ જૈનાગમની ચાવી રહેલી છે. એથી પરવર્તી આચાર્યોએ એ ચાવીને પૂર્ણ બનાવવા અથાગ પરિશ્રમ સેવ્યો છે. જેને લઈને જૈન દર્શન નયવાદ અને સ્યાદ્વાદના સિદ્ધાન્તને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં તેના સંપૂર્ણ સ્વરૂપમાં મૂકવાના પ્રયત્નમાં અજોડ રહ્યું છે અને તેથી જ પ્રતિષ્ઠાને પણ પામ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શૂન્યવાદ

ભગવાન બુદ્ધ જ ભારતમાં એવા ધર્મપ્રવર્તક થયા છે જેમણે શ્રદ્ધા નહીં, પરંતુ બુદ્ધિ ઉપર ભાર આપ્યો છે. તેમણે ગુરુ અનેક કર્યા પણ એક પછી એક એમ એ બધાને છોડીને છેવટે નિર્વાણમાર્ગની શોધ તેમણે જાતે જ કરી અને પ્રથમ તો એમને એમ લાગ્યું કે આ મારી શોધ લોકો જલદી સ્વીકારી શકશે નહીં. એટલે ઉપદેશક બનવા કરતાં મૌન રહેવાનું તેમણે નક્કી કર્યું પરંતુ પછી આગ્રહ થતાં તેમણે ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. તે જ બૌદ્ધધર્મ. એ ધર્મના પાયાનાં ચાર તત્ત્વો એવાં છે જેમાં શરીરનાં નહીં, પણ આધ્યાત્મિક રોગોના ચિકિત્સક તરીકે બુદ્ધ આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે.—સંસારમાં દુ:ખ છે. દુ:ખનું કારણ છે, દુ:ખનું નિવારણ એ મોક્ષ-નિર્વાણ છે અને નિર્વાણનું કારણ એટલે મોક્ષમાર્ગ છે. સૌને સમજવામાં આવે એટલું જ નહીં પણ એ ધર્મનું ફળ આ લોકમાં અહીંને અહીં મેળવી શકાય છે એવી આ સીધી સાદી વાત બુદ્ધની હતી. અને તે તેમણે પોતાના ઉપદેશના ત્રણ પાયા ઉપર રચી હતી—બધું જ ક્ષણિક છે, દુ:ખ છે અને અનાત્મ છે.

ઉપનિષદોએ શાશ્વત એવા આત્મા=બ્રહ્મની શોધ કરી હતી અને એ તત્ત્વ આનંદમય છે એમ ભારપૂર્વક કહ્યું હતું. આનું અનુસરણ તે કાળના લગભગ બધા જ વિચારકોએ કર્યું હતું અને આત્મતત્ત્વનો સ્વીકાર કર્યો હતો, જે સૌને મતે અવિનશ્વર હતું. આથી વિરુદ્ધ અભિપ્રાય હતો કે આત્મા જેવું તત્ત્વ છે તો ખરું પણ તે અવિનશ્વર નહીં પણ વિનશ્વર છે. પાંચ ભૂતોમાંથી એ ઉત્પન્ન થાય છે. અને મૃત્યુસમયે તેનો ઉચ્છેદ થાય છે તેથી વિનશ્વર છે, શાશ્વત નથી.

બુદ્ધે પોતાને વિભજ્યવાદી (मज्झिमनिकाय सुभसुत्त ९९, પૃ૦ १९७) કહ્યા છે એટલે કે કોઈ પણ બાબતમાં એકાંત અથવા એકાંશનો આશ્રય નહીં પણ વિશ્લેષણ કરીને નિરૂપણ કરવાનો વિભજ્યવાદ માર્ગ તેમનો હતો. આથી તેઓ પોતાને મધ્યમમાર્ગના પથિક જણાવે છે. એટલે તેમણે સ્પષ્ટ કહ્યું કે આત્મા જો શાશ્વત-નિત્ય-કૂટસ્થ હોય તો બ્રહ્મચર્ય નિરર્થક ઠરે અને તેનો મૃત્યુ પછી સર્વથા ઉચ્છેદ થવાનો હોય તોપણ બ્રહ્મચર્ય નિરર્થક ઠરે. માટે સંસારમાં બધું જ પ્રતીત્યસમુત્પન્ન છે, તેથી વસ્તુનો સર્વથા ઉચ્છેદ થતો નથી કે સર્વથા તે શાશ્વત નથી. આ મારો મધ્યમમાર્ગ છે, એમ બુદ્ધે વારંવાર કહ્યું છે. બુદ્ધની આ તર્કસંગત વાતનો સ્વીકાર સૌ કોઈ શ્રદ્ધાથી નહિ પણ તેની પૂરી ચકાસણી કર્યા પછી જ કરે એવો આગ્રહ બુદ્ધે રાખ્યો હતો. આને પરિણામે આવી સીધી સાદી જણાતી વાત છતાં પણ જ્યારે તે તર્કને સરાણે ચડી ત્યારે તેની વ્યાખ્યાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક પ્રકારે થવા લાગી અને બૌદ્ધધર્મમાં અનેક સંપ્રદાયો ઊભા થયા. તેમાંનો એક સંપ્રદાય તે શૂન્યવાદને નામે ઓળખાય છે. આ શૂન્યવાદ શબ્દ એવો ભ્રામક છે કે તે શબ્દે જ એ સંપ્રદાય વિશે વિરોધીને તેના વિશે ભ્રમ ફેલાવવાની પૂરી તક આપી છે.

આમ તો સ્વયં બુદ્ધે પણ શૂન્ય શબ્દનો પ્રયોગ કરીને પોતાના મંતવ્યને રજૂ કર્યું હતું—"ये ते सुत्तन्ता तथागतभासिता गम्भीरा गम्भीरत्था लोकुत्तरा सुञ्ञतपटिसंयुत्ता" ઇત્યાદિ. અર્થાત્ તથાગતનો ઉપદેશ ગંભીર છે, લોકોત્તર છે અને શૂન્યતાથી યુક્ત છે ઇત્યાદિ. (સંયુત્તનિકાય-ભાગ ૪ મહાવગ્ગ, સં૰ ૫૫ સુત્ત ૫૩, પૃ૰ ૩૪૮). એટલે શૂન્યની ચર્ચા નવી નથી. પરંતુ નાગાર્જુને તેને દર્શનનું રૂપ આપ્યું ત્યારે તે શબ્દના અર્થનો ઘણો વિકાસ થયો. અને દાર્શનિક ક્ષેત્રે તેણે મોટો ભ્રમ એ ઊભો કર્યો કે શૂન્યવાદી એ કશામાં માનતા નથી. પરંતુ વાસ્તવિકતા એવી નથી. બધા જ બૌદ્ધ સંપ્રદાયોમાં બીજા ગમે તે મતભેદો હોય પણ પ્રતીત્યસમુત્પાદ વાદનો સિદ્ધાંત સર્વસ્વીકૃત છે અને નાગાર્જુને તો પ્રતીત્યસમુત્પાદ અને શૂન્યતા એકાર્થક છે એમ સ્પષ્ટ કહ્યું છે. એટલે સર્વશૂન્યનો અર્થ એ તો તો નથી જ કે નાગાર્જુનને મતે જગતમાં કશું જ તત્ત્વ નથી. પરંતુ એ છે કે જે કાંઈ છે તે પ્રતીત્યસમુત્પન્ન છે.

બૌદ્ધ સંપ્રદાયનો વિકાસક્રમ જોઈએ તો તે આ પ્રમાણે છે.—ભગવાન બુદ્ધે બધી જ વસ્તુઓ ક્ષણિક છે એમ કહ્યું ત્યારે તેમની દલીલો હતી કે બધી જ વસ્તુઓ તેના આત્માથી શૂન્ય છે. અહીં આત્માથી શૂન્યનું તાત્પર્ય એ હતું કે કોઈપણ વસ્તુમાં કશું જ સ્થાયી કહી શકાય એવું તત્ત્વ નથી. એટલે કે દ્રવ્ય કે ધર્મી નથી પણ તેનાં પરિણામો કે ધર્મો છે. આમ ધર્મ-ધર્મીમાંથી ધર્મીનો વિચ્છેદ બુદ્ધે કર્યો અને માત્ર ધર્મોનું અસ્તિત્વ સ્વીકાર્યું. આ અર્થમાં બુદ્ધ અનાત્મવાદી છે. બૌદ્ધોનો હીનયાન એ ધર્મવાદ છે. અને ધર્મીનો નિષેધ કરે છે. અભિધર્મપિટકમાં આ ધર્મો કયા છે તેનું વિસ્તારથી નિરૂપણ થયું છે. આપણે પ્રવાહ જોઈ તેને નદી એવું નામ આપીએ છીએ. વસ્તુતઃ એ બિન્દુઓનો પ્રવાહ છે. આથી બિન્દુઓ અસ્તિ છે પણ નદી અસ્તિ નથી. નદી એ એ તો માત્ર આપણી કલ્પના છે. તે જ પ્રમાણે પ્રતિક્ષણ ઉત્પન્ન થતા નવાનવા ચિત્તો એ જ આત્મપ્રવાહ છે કે ચિત્તસંતતિ છે. આમાં ચિત્તો એ અસ્તિ છે પણ આત્મા જેવું કશું નથી. આમ પ્રથમ તબક્કામાં ધર્મીશૂન્યતાનો સિદ્ધાન્ત સ્થિર થયો. ધર્મોમાં નામ અને રૂપ—એવા બે મુખ્ય ભેદો પડ્યા જેને આપણે ચેતન-જડ એવું નામ આપી શકીએ. આમ આંતર અને બાહ્ય ધર્મોનું અસ્તિત્વ પ્રથમ તબક્કામાં સ્વીકારાયું. આનું બીજું નામ છે પુદ્ગલનૈરાત્મ્ય અથવા ધર્મિનૈરાત્મ્ય.

અભિધર્મપિટકમાં આ ધર્મોનો ઘણો બધો વિસ્તાર કરવામાં આવ્યો અને તેમનો પણ કાંઈક સ્વભાવ છે એવું નિરૂપણ કરવામાં આવ્યું અને તે તે ધર્મના તે તે સ્વભાવભેદને કારણે તે તે ધર્મો જુદા જુદા મનાયા. આમ સર્વાસ્તિવાદને નામે એક પ્રકારે સ્વભાવવાદ ઊભો થયો. પરંતુ તે કાળે ભારતીય દર્શનોમાં સ્વભાવના સ્વરૂપ વિશે જે ચર્ચા થઈ તેમાંથી એ ફલિત થયું કે વસ્તુનો સ્વભાવ એ કોઈપણ કારણે ઉત્પન્ન થતો નથી. એ તો સદૈવ વિદ્યમાન હોય છે. જે કાંઈ કારણથી ઉત્પન્ન થાય તે સ્વાભાવિક કહેવાય નહિ. તેથી સ્વભાવ એટલે નિત્ય એવું સમીકરણ થયું. આથી નાગાર્જુને બધા ધર્મોને પણ નિઃસ્વભાવ માન્યા એટલે કે સ્વભાવશૂન્ય માન્યા એટલે કે પ્રતીત્યસમુત્પન્ન માન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

य: प्रतीत्यसमुत्पाद: शून्यतां तां प्रचक्ष्महे ।
सा प्रज्ञप्तिरुपादाय प्रतिपत्सैव मध्यमा ॥ મ૰ ૨૪-૧૮

આમ શૂન્યવાદનો પુરસ્કર્તા નાગાર્જુન મનાયો. નાગાર્જુનના આ નિરૂપણ કરનાર બે પુસ્તકો છે—વિગ્રહવ્યાવર્તની અને મધ્યમકશાસ્ત્ર. આમ પુદ્ગલનૈરાત્મ્યમાંથી ધર્મનૈરાત્મ્ય સુધી નાગાર્જુને બૌદ્ધદર્શનની પ્રગતિ કરાવી. એટલે આભાસ એવો ઊભો થયો કે નાગાર્જુન તો ધર્મ પણ માનતા નથી અને એ જ માન્યતાને આધારે તેનું નિરાકરણ કરવામાં આવ્યું. એટલે બૌદ્ધધર્મમાં વિજ્ઞાનવાદે શૂન્યવાદમાંથી આગળ પ્રસ્થાન કર્યું. તેનું મંતવ્ય એવું હતું કે બાહ્ય ધર્મનું અસ્તિત્વ કે તેનો સ્વભાવ ભલે ન હોય કારણ તેના અસ્તિત્વનો આધાર આપણા પોતાનું જ્ઞાન છે. અને જ્ઞાન તો સ્વાનુભવસિદ્ધ છે. માટે બાહ્ય ધર્મો ભલે ન મનાય પણ આંતરધર્મ-વિજ્ઞાન-ચિત્ત એનો તો ઇન્કાર થઈ શકે તેમ નથી. માટે વિજ્ઞાન સત્ છે, બીજું મિથ્યા છે એવી માન્યતાનો પ્રચાર વિજ્ઞાનવાદે કર્યો.

શૂન્યતાવાદની જેમ વિજ્ઞાનવાદનાં મૂળ પણ લંકાવતારમાં મળી આવે છે. પણ તે તે વાદના નિરૂપણના સ્વતંત્ર ગ્રંથો પછીથી લખાયા તેમાં શૂન્યવાદ અને પછી વિજ્ઞાનવાદ એવો ક્રમ છે. આમ બૌદ્ધધર્મની અનેકવિધ જે દાર્શનિક પ્રગતિ થઈ તેનાં આ સોપાનો છે.

હવે આપણે નાગાર્જુનના શૂન્યવાદ વિશે થોડી વધુ ચર્ચા કરીએ. અન્ય દાર્શનિકોના વિવિધ તર્કોનું નિરાકરણ કરવામાં નાગાર્જુને સ્પષ્ટ કર્યું છે કે મારી કોઈ પ્રતિજ્ઞા નથી જેને સિદ્ધ કરવાની મારી જવાબદારી હોય. મારું કાર્ય તો અન્ય દાર્શનિકો જે તર્કને આધારે પ્રમાણ અને પ્રમેયની ચર્ચા કરે છે તે કેટલો લૂલો છે તે દર્શાવવાનું છે—

यदि काचन मम प्रतिज्ञा स्यान्मे तत एव भवेद् दोष: ।
नास्ति च मम प्रतिज्ञा तस्मान्नैवास्ति मे दोष: ॥ વિગ્રહ૰ ૨૯.

પણ આનો અર્થ એ પણ નથી કે તેને દાર્શનિક રીતે કશું જ માન્ય નથી. આનું સ્પષ્ટીકરણ કરવા નાગાર્જુને બે પ્રકારના સત્યની વાત કરી છે. એક સંવૃતિ સત્ય અને બીજું પારમાર્થિક સત્ય—

द्वे सत्ये समुपाश्रित्य बुद्धानां धर्मदेशना ।
लोकसंवृति सत्य च सत्यं च परमार्थत: ॥ મ૰ ૨૪.૮

સંવૃત્તિસત્ય એટલે જેને વેદાન્તીઓ વ્યવહારનું સત્ય કહે છે તે છે અને પારમાર્થિક એટલે વસ્તુની શૂન્યતા, સ્વભાવશૂન્યતા, પ્રતીત્યસમુત્પન્નતા.

ચન્દ્રકીર્તિએ સંવૃત્તિસત્યની વ્યાખ્યા કરી છે કે - મ૰ ટી૰ ૨૪.૮

(૧) समन्तात् वरणं संवृति: । अज्ञानं हि समन्तात् सर्वपदार्थतत्त्वावच्छादनात् संवृतिरुच्यते।

અજ્ઞાન એ સમગ્ર પદાર્થના તાત્ત્વિક સ્વરૂપનું સર્વપ્રકારે આવરણ કરે છે તેથી તે સંવૃતિ છે.

(૨) परस्परसंभवनं वा संवृति: अन्योन्यसमाश्रयणेत्यर्थ: ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકબીજાનો એકબીજાથી સંભવ=ઉત્પત્તિ=અસ્તિત્વ એ સંવૃતિ છે.

(૩) संवृतिः संकेतो लोकव्यवहारः । स च अभिधानाभिधेयज्ञानज्ञेयादिलक्षणः ॥

સંકેત વડે ચાલતો લોકવ્યવહાર એ સંવૃતિ છે. એટલે કે આ શબ્દનો આ અર્થ, આ જ્ઞાન અને એનો આ વિષય—એ પ્રકારનો જે કાંઈ લોકમાં શાબ્દિક વ્યવહાર છે તે સંવૃતિ છે.

આ ત્રણે પ્રકારનો લોકમાં વ્યવહાર છે તે લોકસંવૃતિ કહેવાય છે. આ લોકવ્યવહાર પારમાર્થિક સત્ય નથી. અને વચનવ્યવહારથી જે પર છે અને સામાન્ય રીતે જ્ઞાન-જ્ઞેયનો જે ભેદ કરીને વ્યવહાર ચાલે છે તેથી પણ પર પારમાર્થિક સત્ય છે—"कुतः तत्र परमार्थे वाचां प्रवृत्तिः कुतो वा ज्ञानस्य ? स हि परमार्थो अपरप्रत्ययः शान्तः प्रत्यात्मवेद्यः आर्याणां सर्वप्रपञ्चातीतः । स नोपदिश्यते न चापि ज्ञायते"-મ. ટી. ૨૪.૮

જે આપણી નજરે ચડે છે તે પારમાર્થિક સત્ય નથી પણ વ્યવહારનું સત્ય છે. પારમાર્થિક સત્ય તો શૂન્ય છે-

सर्वं च युज्यते तस्य शून्यता यस्य युज्यते ।<br>
सर्वं न युज्यते तस्य शून्यं यस्य न युज्यते । મ. ૨૪.૧૪

શૂન્યતાને સિદ્ધ કરવા નાગાર્જુને વિગ્રહવ્યાવર્તિની ગ્રંથ લખી પ્રમાણનાં લક્ષણોનું પરીક્ષણ કર્યું. દાર્શનિક જગતમાં પ્રમેયની સિદ્ધિ પ્રમાણને આધારે થતી હોઈ નાગાર્જુને પ્રથમ તો એ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો કે દાર્શનિકો જેને પ્રત્યક્ષાદિ પ્રમાણ માને છે તે ખરેખર પ્રમાણ નથી. કારણ પ્રમાણ પોતે જ સિદ્ધ નથી. અને એવા અસિદ્ધ પ્રમાણથી પ્રમેયની સિદ્ધિ કેવી રીતે થઈ શકે—विग्रहव्यावर्तिनी ૩૧-૫૨. નાગાર્જુનની આ બાબતનું અનુસરણ તત્ત્વોપપ્લવના કર્તા ભટ્ટ જયરાશિએ કર્યું છે.

આ પ્રમાણે નાગાર્જુને તર્ક કે ન્યાયની પ્રણાલી ઉપર જ સર્વપ્રથમ પ્રહાર કરી તે કેવી પાંગળી છે તે બતાવી આપ્યું અને દાર્શનિકોને સાવધાન કરી દીધા. અને આપણા વ્યવહારનાં જે જ્ઞાનો છે તે તત્ત્વગ્રહણમાં કારગર નથી. પણ તે સૌથી પર એવી પ્રજ્ઞા જ પરમાર્થનું ગ્રહણ કરવા સમર્થ છે એમ બતાવી આપ્યું. આપણને શબ્દોથી થતું અને ઇન્દ્રિયો તથા મનથી થતું જ્ઞાન વસ્તુના મર્મને પહોંચી શકતું નથી પણ અવાચ્ય એવા તત્ત્વને આપણી નિર્મળ પ્રજ્ઞા જ પામી શકે છે. આ બાબત નાગાર્જુને વારે વારે કહી છે. નાગાર્જુન પૂર્વે તાર્કિક રીતે આપણી મતિ અને ઇન્દ્રિયશક્તિ તથા શબ્દશક્તિ વસ્તુતત્ત્વનું જ્ઞાન કરાવવામાં કેવી પાંગળી છે, તેનું તર્કપુરઃસર નિરૂપણ થયું ન હતું એટલે નાગાર્જુને તે કરીને એક નવે માર્ગે દાર્શનિકોને દોરી જવા પ્રયત્ન કર્યો. કાંઈ જ જાણી નથી શકાતું એમ પણ નહિ અને બધું જ આપણે સામાન્ય જ્ઞાન વડે યથાર્થ જાણી શકીએ છીએ એમ પણ નહિ, પરંતુ નિર્મળ પ્રજ્ઞા હોય તો તત્ત્વના સ્વરૂપ સુધી પહોંચી શકાય છે એવો મધ્યમ માર્ગ નાગાર્જુને બતાવ્યો. આવું કરવા જતાં નાગાર્જુન વિશે તેના વિરોધીઓમાં એક ભ્રમજાળ ઊભી એ થઈ કે નાગાર્જુન તો સર્વશૂન્યવાદી છે અને બીજી તરફ એના અનુયાયીઓ એમ માનતા થઈ ગયા કે નાગાર્જુને બધાં જ દર્શનોનું ખંડન કરી નાખ્યું છે—બધાં જ તત્ત્વજ્ઞાનનો વિલોપ કરી નાંખ્યો છે. પણ ખરી વાત એમ ન હતી. એનો તો એટલો જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયત્ન હતો કે જે તર્કને અંતિમ માનીને આપણે ચાલીએ છીએ તે તર્ક કેવો નબળો છે અને તેની નબળાઈ તર્ક દ્વારા જ તેણે બતાવી છે. માટે જ એ કહે છે—

सर्वदृष्टिप्रहाणाय यः सद्धर्ममदेशयत् ।
अनुकम्पामुपादाय तं नमस्यामि गौतमम् ॥ મ૦ ૨૭.૩૦.

અને તેણે સ્થાપેલ શૂન્યવાદ વિશે પણ ચેતવણી આપવામાં આવી છે કે—

विनाशयति दुर्दृष्टा शून्यता मन्दमेधसम् ।
सर्पो यथा दुर्गृहीतो विद्या वा दुष्प्रसाधिता ॥ म० २४-११

એ તો સર્પ જેવો છે. જો તેને ઠીક રીતે પકડવામાં ન આવે તો પકડનારનો નાશ કરે છે. વળી બધા મતવાદનું નિરાકરણ શૂન્યવાદથી થાય છે એ સાચું પણ જો શૂન્યવાદને પકડીને બેસી રહેવામાં આવશે તો તેનો સંસારમાંથી નિસ્તાર છે જ નહિ.

शून्यता सर्वदृष्टिनां प्रोक्ता निःसरणं जिनैः ।
येषां तु शून्यतादृष्टिः तान् असाध्यान् बभाषिरे ॥ म० १३.८

માટે પ્રજ્ઞા પામવા માટે પ્રયત્નશીલ થવું એ જ જરૂરી છે અને એટલા માટે જ શૂન્યવાદનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વળી જુઓ મ૦ ૨૨.૧૧,૧૨.

સર્વમાન્ય પ્રમેયોનું નિરાકરણ કરવા માટે નાગાર્જુને માધ્યમિકકારિકા લખી અને તત્ત્વ તો ચતુષ્કોટી મુક્ત છે તેમ નિરૂપ્યું. નાગાર્જુન સર્વશૂન્યવાદી એટલે સર્વથા અભાવવાદી નથી એ તો તેણે કરેલા તત્ત્વના લક્ષણથી સિદ્ધ થાય છે :

अपरपत्ययं शान्तं प्रपञ्चैरप्रपञ्चितं ।
निर्विकल्पमनानार्थमेतत् तत्त्वस्य लक्षणम् ॥ १८.९

તત્ત્વ એ પરપ્રત્યેય નથી એટલે કે બીજો આપણને તેનું ભાન કરાવી શકે એ શક્ય નથી. એનું જ્ઞાન તો જાતે જ કરવું રહ્યું. પ્રપંચ—એટલે કે વાણી—શબ્દ વ્યવહારથી તેનું વર્ણન થઈ શકતું નથી, નિર્વિકલ્પ છે, તેના નાના અર્થ છે નહિ અને તે શાંત છે.

એ ભાવ, અભાવ, ભાવાભાવ અને ન-ભાવ-ન-અભાવ-એમ ચાર કોટીથી પર છે, માત્ર પ્રજ્ઞારૂપ છે અને બુદ્ધિ તેનું વર્ણન કોઈ રીતે કરી શકે તેમ છે નહિ. જે પોતાના અસ્તિત્વ માટે અન્ય ઉપર આધાર રાખે છે તે ખરી રીતે અસ્તિ કહેવાય જ નહિ. તેથી શૂન્ય છે, અને પરમાર્થ દૃષ્ટિએ અનુત્પન્ન પણ છે. જે સત્ છે તે સદૈવ ઉપલબ્ધ થાય છે, અને તેથી ઉપલબ્ધ થતા હોવાથી સાપેક્ષ પદાર્થ કોઈ ને કોઈ રીતે સત્ છે જ. આમ શૂન્યતા એ સર્વશૂન્યતાના અર્થની બોધક નથી જ. એટલું જ કહી શકાય કે તે પારમાર્થિક સત્ નથી અને પ્રપંચ પણ નથી. મ૦ ૧૫.૬, ૭, ૧૦; ચતુઃશતક ૮.૨૦.

પણ આ શૂન્યતાની સમજ આપવી હોય તો વ્યવહારનો આશ્રય લેવો અનિવાર્ય છે. કારણ પરમાર્થ અવાચ્ય છતાં તેની સમજ તો શબ્દોના આશ્રય વિના આપી શકાતી નથી, અને શબ્દવ્યવહાર એ પારમાર્થિક નથી પણ વ્યાવહારિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्यवहारमनाश्रित्य परमार्थो न देश्यते । परमार्थमनागम्य निर्वाणं नाधिगम्यते । म॰ २४-१०

જગતમાં કશું જ વાસ્તવિક નથી એ સિદ્ધ કરવામાં અન્ય દાર્શનિકોનાં મંતવ્યો જેવાં કે કાલ, આકાશ, ગતિ, હેતુ-પ્રત્યય, આત્મા ઇત્યાદિની જેમ સ્વયં બૌદ્ધોની સ્થિર માન્યતાઓ જેવી કે ચાર આર્યસત્ય, સંસાર, નિર્વાણ અને બુદ્ધ પણ—

प्रपञ्चन्ति ये बुद्धं प्रपञ्चातीतभव्ययम् । ते प्रपञ्चहताः सर्वे न पश्यन्ति तथागतम् ॥ २२.१५

तथागतो निःस्वभावो निःस्वभावमिमं जगत् ॥ म॰ २२.१६

આવું બધું જ પારમાર્થિક સત્ય નથી, પણ વ્યાવહારિક સત્ય છે એમ બતાવી આપ્યું છે.

સંસારમાં કશું જ પરમાર્થતત્ત્વ નથી. આ જગતને કેવલ વ્યાવહારિક સત્તા છે. વસ્તુઓ ક્ષણિક પણ નથી, નિત્ય પણ નથી, તે ઉત્પન્ન થતી નથી, નષ્ટ થતી નથી, તે તે બધી અભિન્ન છે એમ પણ નહિ, ભિન્ન છે એમ પણ નહિ, માત્ર આપણને તે ઉત્પન્ન અને નષ્ટ થતી દેખાય છે. આપણા મનથી તેના ગુણધર્મો અને સંબંધો કલ્પીને એક કાલ્પનિક જગત આપણી સમક્ષ આપણે ખડું કરીએ છીએ. સંસારના પદાર્થો સાપેક્ષ છે, એકબીજાને આધારે રહેલા છે અને તેથી જ તે પ્રતીત્યસમુત્પન્ન છે, પારમાર્થિક નથી, નિઃસ્વભાવ છે, શૂન્ય છે.

સ્વભાવશૂન્ય કે નિઃસ્વભાવનું સ્પષ્ટીકરણ ચન્દ્રકીર્તિએ કર્યું છે. તેમાં સ્પષ્ટપણે તેણે સમીકરણ કર્યું છે કે પ્રતીત્યસમુત્પન્ન = શૂન્ય = સાપેક્ષવ્યવહાર = મધ્યમાર્ગ. પ્રતીત્યસમુત્પન્નની સ્પષ્ટતા એ છે કે વસ્તુની ઉત્પત્તિ સ્વાભાવિક નથી અથવા સ્વભાવથી વસ્તુનો ઉત્પાદ નથી અને જે સ્વભાવસિદ્ધ નથી તેની સત્તા પણ નથી, તેનું અસ્તિત્વ પણ નથી, તેનો ઉત્પાદ પણ નથી. અને જેનો ઉત્પાદ નથી તેનો નાશ કેમ હોય ? તેનું નાસ્તિત્વ પણ કેમ હોય ? માટે તેને શૂન્ય કહેવું કે સાપેક્ષ કહેવું એ જ ઉચિત ગણાય. આમ વસ્તુના બે અંત ઉત્પત્તિ અને વિનાશ એ નહિ પણ વસ્તુ મધ્યમાર્ગી છે. તે નથી ઉત્પન્ન કે નથી વિનષ્ટ પણ શૂન્ય છે, પ્રતીત્યસમુત્પન્ન છે, મધ્યમમાર્ગી છે.

આ રીતે શૂન્યવાદીઓએ વસ્તુવિચારના બે છેડામાં જે વિરોધ છે તેનું જ સ્પષ્ટીકરણ કર્યું છે—એ બે છેડા આ છે—એક એવું વિધાન છે કે જે કાંઈ સત્ છે તેનો સ્વભાવ હોવો જોઈએ અને બીજું વિધાન છે કે બધી જ વસ્તુઓની ઉત્પત્તિ અન્યથી થાય છે. આ બંને વિધાનોમાંના પ્રથમથી એ ફલિત થાય છે કે જે કાંઈ સત્ છે તે સ્વાભાવિક હોઈ તેની ઉત્પત્તિ સંભવે જ નહિ, કારણ સ્વભાવનું નિર્માણ થઈ શકતું નથી. માટે તે ઉત્પન્ન થતાં નથી. અને નષ્ટ પણ થતાં નથી. માટે કહેવું જોઈએ કે સ્વભાવ એ નિરપેક્ષ છે અને પરિણામ કે પરિવર્તનથી શૂન્ય છે. બીજા વિધાનનો ફલિતાર્થ એ છે કે જગતની બધી જ વસ્તુઓ અન્યથી ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. અર્થાત્ બધી જ વસ્તુઓ સાપેક્ષ છે, પરિવર્તનશીલ છે. આમ બંને પરસ્પરવિરોધી વિધાનોનો વચલો માર્ગ માધ્યમિકો સ્વીકારે છે કે બધું જ શૂન્ય છે, કશામાં કોઈ સ્વભાવ નથી.

વિગ્રહવ્યાવર્તિનીમાં નાગાર્જુન પોતાના મંતવ્યનો સાર આપી દે છે કે—

यश्च प्रतीत्य भावो भावानां शून्यतेति साह्युक्ता । यश्च प्रतीत्य भावो भवति हि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्यास्वभावत्वम् ॥२२॥

આ શૂન્યતાનું પ્રયોજન શું ? તેનું સ્પષ્ટીકરણ નાગાર્જુને કર્યું છે કે—

कर्मक्लेशक्षयान्मोक्षः कर्मक्लेशा विकल्पतः । ते प्रपञ्चात् प्रपञ्चस्तु शून्यतायां निरुध्यते ॥ म॰ १८.५

પ્રપંચની વ્યાખ્યામાં ચન્દ્રકીર્તિએ લૌકિક પ્રપંચ કેવો છે તે બતાવ્યું છે—

ते च विकल्पाः अनादिमत्संसाराभ्यस्तात् ज्ञान-ज्ञेय-वाच्य-वाचक-कर्ता-कर्म-करण-क्रिया-घट-पट-मुकुट-रथ-रूप-वेदना-स्त्री-पुरुष-लाभ-अलाभ-सुख-दुःख-यशोऽयशो-निन्दा-प्रशंसा-दिलक्षणाद्विचित्रात्प्रपञ्चात् उपजायन्ते ॥ म॰ टी॰ १८.५

સંસાર એ વ્યાવહારિક કે સાંવૃતિક સત્ય છે. એનો અર્થ એવો તો નથી જ કે તે વન્ધ્યાપુત્ર જેમ સર્વથા અવાસ્તવિક છે. એ સંસારમાં રહીને જ મોક્ષને પ્રાપ્ત કરવાનો છે. તે સંસારની વ્યાખ્યા કે વિચારણા તર્કથી થઈ શકતી નથી. તેના સ્વરૂપનો નિર્ણય કે તે સત્ છે કે અસત્ થઈ શકતો નથી માટે તે તર્કાગોચર છે. એ જ રીતે નિર્વાણ પણ જે પારમાર્થિક છે તે પણ તર્કાગોચર તો છે જ. આમ એ બંનેના સ્વરૂપમાં કાંઈ ખાસ ભેદ નથી. બંને અવાચ્ય છે, જ્ઞાનના અગોચર છે. આથી નાગાર્જુને કહ્યું કે—

न संसारस्य निर्वाणात् किञ्चिदस्ति विशेषणम् ।
न निर्वाणस्य संसारात् किञ्चिदस्ति विशेषणम् ॥
निर्वाणस्य च या कोटिः कोटिः संसरणस्य च ।
न तयोरन्तरं किञ्चित् सुसूक्ष्ममपि विद्यते ॥ म॰ २५ः १९-२०

સંસાર અને નિર્વાણમાં કશો જ ભેદ નથી. કારણ કે

सर्वं तथ्यं न वा तत्थं तथ्यं चातथ्यमेव च ।
नैवातथ्यं नैव तथ्यमेतद्बुद्धानुशासनम् ॥ म. १८.८

ભગવાન બુદ્ધ લોકોનું અનુકરણ કરીને તેમને સન્માર્ગે લાવવા માટે કદીક આ બધું તથ્ય છે એમ કહે છે. કારણ કે બુદ્ધનું વચન છે કે—

लोको मया सार्धं विवदति, नाहं लोकेन सार्धं विवदामि ।

यल्लोके संमतं तन्ममापि अस्ति संमतं, यल्लोके नास्ति संमतं, ममापि तन्नास्ति संमतम् ॥
म॰ टी॰ १८.८

આ રીતે લોકોની ભાષામાં જ તેમની જ સમજનો આધાર લઈને તેમણે ઉપદેશ આપવો શરૂ કર્યો એટલે તેમણે કહ્યું કે હા, તમે જેને તથ્ય કહો છો તે તથ્ય છે જ. પણ જુઓ એનો અન્યથાભાવ પણ થાય છે તે તો તમે જોયું ને માટે તેને અતથ્ય પણ જાણવું. આથી આગળ જઈને તેમણે સમજાવ્યું કે જુઓ બાલજન જેને તથ્ય સમજે છે તેને આર્યજન અતથ્ય સમજે છે. આમ તથ્ય એ અતથ્ય પણ છે—તથ્યાતથ્ય છે અને એથી આગળ વધીને જેની બુદ્ધિમાં માત્ર જરાક આવરણ રહી ગયું છે તેને એમ ઉપદેશ છે કે ભાઈ, આ તથ્ય પણ નથી અને અતથ્ય પણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ વન્ધ્યાસુતને શ્યામ પણ ન કહી શકાય અને અવદાત પણ ન કહી શકાય તેમ આ બધી જ વસ્તુને તથ્ય કે અતથ્ય પણ ન કહી શકાય. આમ ક્રમે કરી બુદ્ધ શિષ્યોને તત્ત્વસ્પર્શી માર્ગે લાવે છે. મ૦ ૧૮.

પ્રતીત્યસમુત્પાદ વિશે થોડી વધારે ચર્ચા કરવી જરૂરી છે. નાગાર્જુને પ્રતીત્યસમુત્પાદ માટે પ્રારંભમાં જ નિષેધપરક આઠ વિશેષણો આપ્યાં છે—

अनिरोधमनुत्पादमनुच्छेदमशाश्वतम् ।
अनेकार्थमनानार्थमनागममनिर्गमम् ॥
यः प्रतीत्यसमुत्पादं.........। म॰ १, १, २.

આ આઠેય નિષેધપરક વિશેષણો એવાં છે જેમાં દાર્શનિક મૌલિક વિવિધ માન્યતાઓ અને કલ્પનાઓનો સંગ્રહ થઈ જાય છે. તે કહે છે—વસ્તુ ઉત્પન્ન નથી, વિનષ્ટ નથી; તેનો ઉચ્છેદ નથી, તે શાશ્વત નથી; તે અભિન્ન નથી. ભિન્ન નથી, તેનો આગમ નથી અને નિર્ગમ પણ નથી.

ચન્દ્રકીર્તિએ સ્પષ્ટીકરણ કર્યું છે કે પ્રથમ જો ઉત્પત્તિ જ નથી—એ જો નિશ્ચિત થાય તો બાકીના જે પ્રતિષેધો છે તેને સમજવામાં સરલતા પડશે. એટલે જ નાગાર્જુન સૌ પ્રથમ ઉત્પત્તિની કલ્પનાનું નિરાકરણ કરે છે—

न स्वतो नापि परतो न द्वाभ्यां नाप्यहेतुतः ।
उत्पन्ना जातु विद्यन्ते भावाः क्वचन केचन ॥ મ૦ ૧.૩

સ્વતઃ ઉત્પત્તિ નિરર્થક જ ઠરે તેથી લાભ પણ શું ? તે પોતે વિદ્યમાન છે જ, પછી ઉત્પન્ન થવાનો શો અર્થ ? માટે સ્વતઃ ઉત્પત્તિ ઘટે નહિ. વળી તેમ માનવા જતાં અનવસ્થા પણ થાય.

પરથી પણ ઉત્પત્તિ થતી નથી. કારણ 'પર' એ સિદ્ધ નથી અને સિદ્ધ હોય તોપણ અપેક્ષિત એક સિવાયના બધા જ પર છે, તો તેથી જો ઉત્પત્તિ થતી હોય તો સંસારના સમગ્ર 'પર' જનક માનવા પડશે. બધું જ બધા પદાર્થોથી ઉત્પન્ન થાય છે એમ માનવું પડે, કારણ-

'तुल्यं परत्वमखिलेऽजनकेऽपि यस्मात् ।' મધ્યમકાવતાર ૬.૧૪.

અજનક મનાતા એવા બધા જ 'પર' રૂપે સમાન છે. તો બધા જ અજનકો 'પર' હોવાને કારણે જનક બની જશે

અને સ્વ અને પર એ બંનેથી પણ કાંઈ ઉત્પન્ન થઈ શકે નહિ, કારણ એ બંનેમાં દોષોનું દર્શન કરાવ્યું જ છે.

અહેતુથી પણ કાંઈ ઉત્પન્ન થાય નહિ. હેતુ ન હોય તો કાર્યકારણ એવો વિભાગ જ ન બને. વળી જો હેતુ વિના કશુંક ઉત્પન્ન થઈ શકતું હોય તો વંધ્યાપુત્ર, ગગનકુસુમ—એ બધું પણ ઉત્પન્ન થઈ જાય.

આમ વસ્તુનો ઉત્પાદ ઘટતો નથી (મ૦ ૨૧.૧૨) અને જેનો ઉત્પાદ જ નથી તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરોધની ચર્ચા જ વ્યર્થ છે. (મદ ૧.૧૧; ૭.૨૯)

આટલી ઉત્પાદની ચર્ચાથી નાગાર્જુનની દલીલો કેવી છે તે વિશે આપણે જાણી શકીએ છીએ.

આ શૂન્યવાદ વિશે દાર્શનિકોને ઘણું કહેવાનું છે પણ તે વિશે ફરી કોઈ વાર.

**સંદર્ભગ્રંથો**

**નાગાર્જુન**-મધ્યમકશાસ્ત્ર, ચંદ્રકીર્તિકૃત ટીકા સાથે—વિગ્રહવ્યાવર્તિની, પ્ર૦ બૌદ્ધ સંસ્કૃત ગ્રંથાવલી-૧૦

**આર્યદેવ**-ચતુઃશતક, આલોક પ્રકાશન, નાગપુર.

**શાંતિદેવ**-બોધિચર્યાવતાર અને શિક્ષાસમુચ્ચય, પ્ર૦ બૌદ્ધ સંસ્કૃત ગ્રંથાવલી-૧૧-૧૨.

T. R. V. Murti—The Central Philosophy of Buddhism, George Allen and Unwin, 1960.

B. K. Matilal—Epistemology, Logic and Grammar in Indian Philosophical Analysis-Mouton, 1971.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન દર્શન અને જીવનસાધના

## (પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલ વ્યાખ્યાન)

જૈન દર્શનનો ઇતિહાસ જોઈએ તો તેનાં મૂળ જૈન આગમોમાં છે અને જૈન આગમોમાં જે સાહિત્યનો સમાવેશ છે તે એક કાળનું નથી. આથી જૈન દર્શનના ઇતિહાસની કથા અટપટી છે. તેમાં જવાનું આ સ્થાન નથી, પણ આગમ સ્થિર થયા અને વ્યવસ્થિત થયા તે કાળ સુધીમાં જૈન દર્શને જે રૂપ લીધું તેની વાત કરીએ. આ કાળ ભગવાન મહાવીરથી માંડી લગભગ એક હજાર વર્ષ સુધીનો ગણી શકાય. એટલે આ એક હજાર વર્ષમાં આગમમાં જૈન દર્શને જે રૂપ લીધું અને તેની વ્યવસ્થા થઈ તે વિશે અહીં ચર્ચા કરવી છે.

સર્વપ્રથમ એ તો નક્કી થયું જ હતું કે જૈન દર્શન એ ક્રિયાવાદી દર્શન છે, આત્મવાદી દર્શન છે અને કર્મવાદી દર્શન છે. આ ત્રણે શબ્દો ભલે જુદા રહ્યા પણ તેનો ભાવાર્થ એક જ છે કે તે આસ્તિકદર્શન છે. પ્રાચીન કાળમાં નાસ્તિકદર્શન માટે અક્રિયાવાદી એવો શબ્દ હતો. તેનું તાત્પર્ય એ હતું કે સત્કર્મ કે દુષ્કર્મ જેવું કાંઈ નથી, આ લોક સિવાય પરલોક નથી, અને જે કાંઈ છે તે આ લોકમાં જ છે. આવું દર્શન કદાચ આત્મા માને તો પણ કર્મ અને તેના ફળનો સ્વીકાર કરતું ન હોઈ તે નાસ્તિક જ ઠરે. આમ આત્મવાદ સાથે કર્મવાદ અને ક્રિયાવાદ સંકલિત હોય તે જ સાચો આત્મવાદ કહેવાય અને આસ્તિકવાદ કહેવાય એવું તે કાળે મંતવ્ય હતું. ક્રિયા એ પણ પ્રાચીન કાળમાં કર્મ માટે જ વપરાતો શબ્દ હતો. તે ઘસાતો-ભૂંસાતો થયો ત્યારે કર્મવાદ તેના વિકસિત રૂપમાં આવ્યો.

જૈન દર્શને આગમિક કાળમાં એ મંતવ્ય તો સ્થિર કર્યું જ હતું કે આત્મા છે અને તેને કર્મનું બંધન છે. એ બંધન અનાદિ છતાં તેમાંથી છુટકારો સંભવે છે. અને છુટકારો એટલે મોક્ષ, સિદ્ધિ કે નિર્વાણ. આ નિર્વાણનો માર્ગ એ જ ધર્મ અને એ ધર્મની પ્રરૂપણા અરિહંતો કરે છે. આગમકાળમાં સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય, આ ત્રણને મોક્ષનાં સાધન કહ્યાં છે અને સંક્ષેપમાં જ્ઞાન અને ક્રિયા અથવા ચારિત્ર એમ છે. જ્ઞાન સમ્યક્ તો જ હોય જો દર્શન અથવા તો સમ્યક્ત્વ શ્રદ્ધા—સાચી શ્રદ્ધા જીવે પ્રાપ્ત કરી હોય. આથી દર્શનને અહીં જુદું ગણ્યું નથી.

સંસારી જીવ અનાદિકાળથી કર્મથી બંધાયેલો છે અને એક વાર જો બંધન છૂટે તો પુનઃ બંધનમાં પડવાને તેને કોઈ કારણ રહેતું નથી. કર્મનું બંધન એ જીવનો અજીવ સાથેનો સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ ઉપનિષદમાં માત્ર એક જ તત્ત્વ બ્રહ્મ કે આત્મા મનાયું હતું અથવા તો નાસ્તિકોમાં માત્ર અજીવ તત્ત્વ જ મનાયું હતું, તેને સ્થાને જૈન દર્શનમાં જીવ અને અજીવ એમ બે તત્ત્વોની માન્યતા રૂઢ થઈ. ક્રમે કરી અજીવ એટલે પરમાણુ-પુદ્‌ગલ એવો જડ પદાર્થ સ્વીકૃત થયો. આ જડ પદાર્થમાં રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ આ ગુણો છે, જ્યારે આત્મા અથવા જીવમાં આમાંનું કાંઈ જ નથી. તે અરૂપી, અગંધ, અરસ અને અસ્પર્શ્ય મનાયો. પરમાણુ-પુદ્‌ગલ મૂર્ત મનાયા એટલે કે તેમનું જ્ઞાન ઇન્દ્રિયો કરી શકે તેવો તે પદાર્થ છે, જ્યારે આત્મા કે જીવ અતીન્દ્રિય મનાયો. તેનું જ્ઞાન ઇન્દ્રિયથી ન થઈ શકે તેવો તે અમૂર્ત પદાર્થ છે, આમ જીવ અને અજીવનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું.

આપણી આસપાસ દેખાતું જગત છે તેની તો ના કહી શકાય નહીં. પણ તેની ઉત્પત્તિ અને સ્વરૂપ વિશેના અનેક પ્રશ્નો પ્રાચીન કાળથી થતા આવ્યા છે. તેની ઉત્પત્તિ કોઈ એક પદાર્થથી થઈ છે કે અનેક પદાર્થથી, તેની ઉત્પત્તિ કોણે કરી છે, ક્યારે કરી છે, આવા અનેક પ્રશ્નો દાર્શનિક જગતમાં ચર્ચાતા હતા. જૈન આગમપૂર્વેની માન્યતા એવી હતી કે જગતમાત્ર પાંચ ભૂત ધરાવે છે—પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ. એ પાંચમાંથી જ કોઈ એક આત્માની ઉત્પત્તિ છે અને તેમના વિનાશ સાથે આત્માનો પણ વિનાશ થાય છે. વળી એવી પણ એક માન્યતા હતી કે એક જ નાના રૂપે દેખાય છે. અને તે વિજ્ઞ અથવા તો આત્મા છે. વળી કોઈની એવી માન્યતા હતી કે સંસારમાં પાંચ મહાભૂતો છે અને તે ઉપરાંત છઠ્ઠો આત્મા છે. તેમને મતે આત્મા અને લોક શાશ્વત છે અને બધું જ નિયત છે. સંસારને ક્ષણિક માનનારની વળી એવી માન્યતા હતી કે આ લોકમાં માત્ર પાંચ સ્કંધો છે. વળી એવી પણ માન્યતા હતી કે આ લોકની ઉત્પત્તિ ઈશ્વરે કરી છે, અથવા તો સ્વયંભૂએ કરી છે કે બ્રહ્મ અથવા તો અંડથી આ લોક ઉત્પન્ન થયો છે. આ બધી જ માન્યતાઓથી જુદા પડીને જૈન દર્શને આગમકાળમાં સ્વીકાર્યું કે લોક તો અનાદિ છે. તેનું નિર્માણ કોઈએ કર્યું નથી. પરંતુ ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્‌ગલ—આ પાંચ મળીને જ લોક છે. તેની ઉત્પત્તિ કોઈએ કદી કરી નથી. તે અનાદિકાળથી જ છે અને અનંતકાળ સુધી રહેવાનો છે. આ લોકના અધો, મધ્ય અને ઊર્ધ્વ એવા ત્રણ ભાગ છે. મધ્યલોકમાં મનુષ્ય અને તિર્યંચ જીવો છે અને ઊર્ધ્વલોકમાં દેવો અને અધોલોકમાં નારકો છે. લોકાગ્રે—એટલે કે ઊર્ધ્વલોકના છેડે સિદ્ધ કે મુક્ત જીવોનો નિવાસ છે. જીવ પોતાના કર્મ અનુસાર ત્રણે લોકમાં નાના જન્મ ધારણ કરે છે અને એ જ્યારે કર્મવિહીન થઈ મુક્ત થાય છે ત્યારે સદૈવ માટે લોકના અગ્ર ભાગમાં સ્થિત થાય છે. ત્યાંથી તેને કદી પાછા વળવાનું નથી. આમ જીવ અને તેના કર્મને કેન્દ્રમાં રાખીને લોકની વ્યવસ્થા છે એ સ્પષ્ટ થાય છે. આથી જીવ અને કર્મ—એ બે તત્ત્વો જ મુખ્ય છે. બાકીના તેને આધારે, તેના સ્પષ્ટીકરણ માટે જરૂરી એવાં તત્ત્વો સ્વીકૃત થયેલાં છે. તે આ પ્રમાણે :—

જીવ કે આત્માને જૈન દર્શનમાં પ્રારંભથી જ ગતિશીલ માનેલ છે એટલું જ નહિ પણ શરીરપરિમાણી પણ માનેલ છે. એક તરફ જીવને શરીરપરિમાણી માન્યો અને બીજી તરફથી તેની મુક્તિનું સ્થાન ઊર્ધ્વલોકમાં અને તેના પુનર્જન્મનું સ્થાન લોકમાં અનેક જગ્યાએ માન્યું—વળી આકાશ તો અનંત અને તેના અમુક જ ભાગમાં લોક—આવી માન્યતા બંધાઈ. પરિણામે ધર્મનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વ સ્વીકારવું અનિવાર્ય જણાયું, જે જીવ અને પુદ્ગલને ગતિમાં સહાય કરે પણ જીવની ગતિ પાછી અમર્યાદિત ન બની જાય અને ખાસ કરી મુક્ત જીવ સદૈવ ગતિ જ ન કર્યા કરે પણ ઊર્ધ્વલોકમાં અંતે સ્થિર થાય—આવી વિચારણાને પરિણામે ધર્માસ્તિકાયને લોકમાં મર્યાદિત એવું તત્ત્વ સ્વીકારવું પડ્યું. જીવ અને પુદ્ગલને જેમ ગતિ માટે ધર્મ તેમ સ્થિતિ માટે અધર્મની પણ કલ્પના કરવી પડી. એટલે કે જીવની ગતિશીલતા અને શરીર પરિમાણતા—આ બેના અનુસંધાનમાં ધર્મ અને અધર્મ—આ બે અસ્તિકાયોનો સ્વીકાર થયો છે. અન્ય મતાવલંબીને આવો કોઈ સ્વીકાર કરવો પડ્યો નથી, કારણ તેમને મતે આત્મા વ્યાપક છે, તે સર્વત્ર વિદ્યમાન છે. હલન-ચલન માત્ર શરીરાશ્રયી છે તેથી આત્મામાં ગતિનો પ્રશ્ન જ નથી. માત્ર જૈન દર્શન જેને મતે જીવ શરીરમાં પરિમાણી હોઈ ગતિશીલ માનવો પડ્યો અને તેથી તદનુષંગી ધર્મ અને અધર્મ પણ સ્વીકારવા પડ્યા.

આગમકાળમાં એવો સમય મળી આવે છે, જ્યારે આ ધર્મ અને અધર્મ વિશેનો સ્વીકાર થયેલો નથી. વિચારણાને આધારે પછીથી તેનો સ્વીકાર થયો છે એ સ્પષ્ટ છે. આથી જ ભગવતીસૂત્રમાં એવા પ્રસંગો મળી આવે છે જ્યાં આજની પ્રચલિત વિચારણા પ્રમાણે ધર્મ કે અધર્મનું અસ્તિત્વ હોવું જોઈએ ત્યાં પણ તે બાબતનો કોઈ નિર્દેશ મળતો નથી. વળી આ બે તત્ત્વો માટેના જે શબ્દો છે તે પણ અન્યત્ર આવા જ અર્થમાં પ્રચલિત નથી. આથી ભગવતીમાં તેના પર્યાયો જે આપવામાં આવ્યા છે તે પ્રચલિત અર્થોને ધ્યાનમાં લઈને હોઈ વ્યાખ્યાનકારોને મૂંઝવણ ઊભી કરે છે, અને વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એવા ભેદોનો આશ્રય લઈ વ્યાખ્યા કરવી પડે છે.

દર્શનવિચારણાનું પ્રયોજન જેમ આ સૃષ્ટિ, લોક કે જગતનું સ્પષ્ટીકરણ છે, તેમ મોક્ષ પણ પ્રયોજન છે જ. આથી લોકવિચારણામાં જેમ પાંચ પૂર્વોક્ત અસ્તિકાયો-જીવ-અજીવ-ધર્મ-અધર્મ-આકાશ-ની ચર્ચા થઈ તેમ મોક્ષલક્ષી તત્ત્વવિચારણામાં સાત કે નવ તત્ત્વની વિચારણા છે અને આનો સંબંધ જીવનસાધના સાથે છે. તે સ્પષ્ટ છે. સાત તત્ત્વો છે-જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ. તેમાં પુણ્ય અને પાપ બે ઉમેરીએ તો નવ તત્ત્વ થાય છે. આ તત્ત્વોનું વિશેષ નિરૂપણ અહીં જરૂરી નથી, કારણ સૌ શ્રોતા એનાથી પરિચિત છે. પરંતુ અહીં જીવનસાધના આ તત્ત્વોને લક્ષીને જે છે તે વિશે વિશેષ વિચાર કરવો છે.

પ્રાચીન કાળથી જ જૈન ધર્મ વિશે આક્ષેપ થતો આવ્યો છે કે તેમાં પાપના કારણભૂત મનને મહત્ત્વ આપવામાં આવતું નથી પણ કાય એટલે કે શરીરને મહત્ત્વ આપવામાં આવે છે. તાત્પર્ય એવું છે કે સામાન્ય રીતે પ્રચલિત "मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः" આ સિદ્ધાન્ત જૈનોને માન્ય નથી. આ આક્ષેપની તપાસ થવી જરૂરી છે. એ સાચું છે કે જૈનોએ 'देहदुक्खवं महाफलम्'. આ વાત કહી છે અને માની પણ છે પરંતુ વસ્તુસ્થિતિને જરા ઊંડાણથી વિચારવી જરૂરી છે. ભગવાન મહાવીરની જે સાધનાનું વર્ણન છે તે ઉપરઉપરથી જોતાં એમ લાગે કે તેમણે પોતાના શરીરને ઘણું કષ્ટ આપ્યું—અનેક ઉપવાસો કર્યાં અને અનેક પ્રકારનાં શારીરિક કષ્ટો સહન કર્યાં. તેથી જાણે કે દેહને કષ્ટ આપવાથી બધું સિદ્ધ થઈ જતું હોય એવી ભાવના થાય. પરંતુ તેમણે જે કાંઈ કષ્ટ સહ્યું તે તો ગૌણ છે. તેમની સાધનામાં અપ્રમાદ અને તે પૂર્વક ધ્યાન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નું જે મહત્ત્વ છે તે સૌના ધ્યાનમાં આવતું નથી. વળી અન્ય ધર્મો કરતાં જૈન ધર્મનું કડક આચરણ પણ આવી માન્યતા માટે જવાબદાર છે એ ભૂલવું ન જોઈએ. પરંતુ એ કડક આચરણ અથવા તો કષ્ટ સહેવાની તૈયારી અને આવશ્યકતા જે મનાઈ છે તે પાછળ પણ ધ્યાન માટેની અનુકૂળ ભૂમિકા જ રહેલી છે તે તરફ તો ધ્યાન અપાયું નથી. આથી જ આવો ભ્રમ ફેલાવા પામ્યો છે કે જૈનો તો માત્ર દેહદમનમાં માને છે. ભગવાન મહાવીરની સાધનાના વર્ણનમાં તેમનાં કષ્ટોની વાત છે જ પરંતુ તેઓ સતત ધ્યાનમાં રહેતા. આ બાબત પણ વિશેષરૂપે જણાવી છે. પરંતુ જૈન પરંપરામાં પણ આ એક દોષ દાખલ થઈ જ ગયો કે ધ્યાન સિદ્ધ કરવા દેહકષ્ટો હતાં તેને બદલે દેહકષ્ટોથી જ જાણે સર્વ સિદ્ધિ હોય એવો બાહ્યાચાર ગોઠવાયો. આમ જૈનોનો બાહ્ય આચાર જ આવો ભ્રમ ઊભો કરવા માટે જવાબદાર છે. વસ્તુસ્થિતિ એથી ઊલટી જ છે. જૈનોની પ્રત્યેક આચારક્રિયામાં કાયોત્સર્ગની જે વાત આવે છે તેનું તો મહત્ત્વ ભુલાઈ ગયા જેવું છે અને બાહ્ય આચરણનું મહત્ત્વ વધી ગયું છે. ભગવાને સ્પષ્ટપણે પ્રમાદને કર્મ કહ્યું છે. તે માનસિક અથવા આંતરિક જ છે, આ રીતે જોઈએ તો બાહ્ય ક્રિયાથી બંધ નહિ પણ પ્રમાદથી જ બંધ થાય છે તે તરફ ધ્યાન અપાતું નથી એટલે જૈનોને કાયદંડ મહત્ત્વનો છે અને મનોદંડ નહિ એવી ખોટી માન્યતા પ્રચલિત થઈ છે. પરંતુ હિંસા આદિની વ્યાખ્યામાં વધ કે હત્યાને જીવના મરણને જેટલું મહત્ત્વ નથી અપાયું તેટલું આત્માના પ્રમાદને મહત્ત્વ અપાયું છે તે મૌલિક પરંપરા છે અને તેની ઉપેક્ષા થવાથી જ બાહ્યાચાર જોઈને આક્ષેપ કરવામાં આવ્યો છે અને જો આજના જૈનોનું જીવન જોઈને જ કોઈ નિર્ણય કરવાનો હોય તો તે આક્ષેપ સાચો જ ઠરે. એટલી હદ સુધી જૈનોનું પતન થયું છે એમ માનવું જોઈએ.

પરંતુ મૂળ માન્યતામાં તો અને સમગ્ર ભાવે કર્મ-વિચારણામાં પણ કર્મબંધનું ખરું કારણ કાયિક પ્રવૃત્તિ નહીં પણ કષાયો જ છે—એ વાત આજસુધી પણ માન્ય છે. તેમાં કશો ભેદ કોઈ પણ આચાર્યે પાડ્યો નથી. આથી કહી શકાય કે જૈનોને મતે પણ માનસિક ક્રિયા જ કર્મબંધનું કારણ છે એ સ્વીકૃત હકીકત છે. આથી જૈન ધર્મ ઉપર કાયદંડના મહત્ત્વનો જે આક્ષેપ છે તે ઉચિત નથી.

જીવનસાધનામાં તપનું મહત્ત્વ છે. ભ૦ મહાવીરપૂર્વે તપ એટલે શરીરકષ્ટો સહેવાં એ માત્ર અર્થ હતો. પણ ભગવાન મહાવીરે તપનો અર્થ વિસ્તૃત કર્યો છે. બાહ્ય અને આન્તર એવા તપના બે વિભાગ કર્યા છે અને બાહ્યને તો માત્ર આન્તરતપનું સાધન માન્યું છે, અને આન્તરતપમાં ધ્યાન અને સમાધિનું વિશેષ મહત્ત્વ સ્વીકાર્યું છે. આવી સ્થિતિમાં અનશન વગેરે કરવા જરૂરી ખરા પણ તે જો સમાધિ કે ધ્યાનમાં બાધક ન બનતા હોય તો—આ વસ્તુ આપણે સમજી લેવી જોઈએ. પરંતુ આજે તો આંતરતપનું કોઈ મહત્ત્વ રહ્યું નથી, માત્ર બાહ્ય તપસ્યાનું મહત્ત્વ વધી ગયું છે. આ જોઈ કોઈ આક્ષેપ કરે તો તેમાં તેનો દોષ નથી પણ જૈનોના આચરણનો દોષ છે. આ વસ્તુમાં વિવેકની જરૂર છે અને બાહ્ય આચરણની જે મર્યાદા છે તે સમજી લેવી જરૂરી છે. તે ન સમજવાથી તપસ્યા કર્યા છતાં મોહ-મમતા રાગ-દ્વેષ ઓછા થતા નથી અને છતાં ધર્મ કર્યાનો સંતોષ લેવાય છે તે અવિવેકની પરાકાષ્ઠા છે.

બૌદ્ધોમાં જેને વિપશ્યના કહેવામાં આવી છે તેની સિદ્ધિ જૈનોમાં અનુપ્રેક્ષાથી થાય છે. પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુપ્રેક્ષાની સમગ્ર પદ્ધતિ જીવનવ્યવહારમાંથી લુપ્ત થઈ ગઈ હોય તેવું દેખાય છે. આથી જૈન પરંપરામાં ધ્યાનપ્રક્રિયાનો પુનરુદ્ધાર કરવાની જરૂર છે.

બૌદ્ધ વિપશ્યનામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યની સાધના જરૂરી મનાઈ છે. તે જ પ્રમાણે જૈન સાધનામાં પણ તેને સ્થાન અપાયું જ છે. વળી હિંસા આદિ દોષો આ લોક અને પરલોક બન્ને માટે હિતકર નથી એવું ચિંતન અને વર્તન બન્ને ધર્મમાં સમાન ભાવે સ્વીકૃત છે. તે જ પ્રમાણે જગત અને સ્વશરીરના સ્વભાવ વિશેનું ચિંતન પણ, અને તદનુરૂપ વ્યવહારનું પણ મહત્ત્વ બન્ને ધર્મોમાં સરખું છે. જૈનોમાં અનુપ્રેક્ષાનો ઉપદેશ છે તેમાંની અનિત્ય ભાવના, અશરણભાવના, એકત્વભાવના અને અશુચિભાવના પણ બન્નેમાં એક જેવી જ છે. આમ જીવનસાધનાનો ક્રમ, જ્યાં ક્યાંય સાધનાની વાત હોય ત્યાં એક જેવો જ હોઈ શકે, ભલે દર્શનવિચારણામાં ભેદ હોય. આની પ્રતીતિ ગીતાનિર્દિષ્ટ સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અને જૈન-બૌદ્ધમાં સાચા શ્રમણના લક્ષણોની તુલના કરવાથી સહેજે થઈ જાય છે.

સંસાર અનિત્ય, અશુચિ અને અશરણ છે, એ તાત્ત્વિક વાત સાચી હોય તો પણ વ્યવહારમાં ખાન-પાન નિવાસ અને વસ્ત્ર વિના ચાલતું નથી. સુખ-સગવડ વિના ચાલતું નથી અને તે માટે જીવનનો સમગ્ર પ્રપંચ આપણે ઊભો કરીએ છીએ એ હકીકત છે. વૈરાગ્ય માટે સંસારને અનિત્ય, અશુચિ કે અશરણ માનીએ એ એક વાત છે પણ વર્તન તેથી સાવ જુદું હોય છે તે હકીકત છે. આવી સ્થિતિમાં આ બાબતમાં આપણે આ ટાણે વિચાર કરવો જરૂરી છે. જીવનનો વ્યવહાર બધું જ અનિત્ય માનવાથી ચાલી શકે છે કે નહિ, એ વિચારણાનો મુદ્દો છે. જૈન આચાર્યોએ જ કહ્યું છે કે જો એકાંતઅનિત્ય બધું માનવામાં આવે તો વ્યવહાર ચાલી શકે જ નહિ. આ મુદ્દા ઉપર તો જૈનોએ બૌદ્ધોનું ખંડન કર્યું છે અને ક્ષણિકવાદનું નિરાકરણ કર્યું છે, અને છતાંય અનિત્યની ભાવના ભાવવાની વાત આગળ ધરવામાં આવે છે તો આ વસ્તુ વિચારણીય બની જાય છે. અનિત્યનું તાત્પર્ય માત્ર સંબંધો અનિત્ય છે એટલું જ છે. જન્મજન્માન્તરમાં આપણે માનીએ છીએ અને જો બધા જ સંબંધોનો નિત્ય માનીએ તો આપણું જીવન જ દુર્ઘટ બની જાય. આ જન્મની પત્ની કદાચ પૂર્વે જન્મની માતા પણ હોય ! આ જન્મનો પુત્ર પૂર્વ જન્મમાં પિતા પણ સંભવે અને શત્રુ-મિત્રના સંબંધો વિશે પણ આમ જ છે. અને જો આ બધા જ સંબંધોનો વિચાર કરીને આ જન્મમાં વ્યવહાર કરવાનો હોય તો વ્યવહાર કેમ ચાલે એ વિચારો. આથી જ સમજવું જોઈએ કે સંબંધમાત્ર અનિત્ય છે; પછી તે શરીરનો હોય કે કુટુંબીજનોનો, એટલે મમત્વની માત્રા એટલી તો ન જ વધારવી કે તે આપણા વિકાસમાં આડે આવે. આત્મિક વિકાસ એ મુખ્ય ધ્યેય છે તે તરફ આગળ વધવાનું છે. સંસારની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી જેથી ક્રમે કરી વિકાસ પણ થાય અને સંસારચક્ર સુચારુ ચાલે. પતિ-પત્નીના સંબંધ પણ અનિત્ય તો છે જ, પણ પરણીને તરત કોઈ એ સંબંધની અનિત્યતા વિચારી ત્યાગ કરે તો તેના તે કર્તવ્યને આપણે સારું ન માની શકીએ. કોઈ પણ કૃત્યમાં વ્યવસ્થા હોવી જોઈએ. અને કયું કામ ક્યારે ઉચિત ગણાય તે વિચારી લેવું જરૂરી છે. સંસારમાં રહ્યા છતાં સંસારની ઉપેક્ષા નહિ પણ તે સુંદર કેમ બને, સંવાદી કેમ બને, એનો જ વિચાર કરવો જોઈએ, નહિ કે તેનો તિરસ્કાર. જ્યારે છોડવો હોય ત્યારે પણ તેમાં એક જાતની પૂરી સમજ માત્ર પોતાની નહિ પણ સમગ્ર સંબંધીઓ સંમતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ જરૂરી છે. જવાબદારી ઉઠાવ્યા પછી તેમાંથી ભાગવાનો પ્રયત્ન તો કાયરતા છે. ઘરમાં રહીને પણ ત્યાગ-તપસ્યાને પૂરો અવકાશ છે. ખરી રીતે તે સાધનાની ખરી પરીક્ષા તો ઘરમાં જ થાય છે, ઘર છોડ્યા પછી નહિ. એટલે જો ઘરની પરીક્ષામાં પાસ થવાય તો જ ઘર છોડીને નીકળે તે સાર્થક થાય. અન્યથા બેજવાબદારી જ ઉત્તરોત્તર વધે. આ પ્રક્રિયા સચવાતી નથી તેને લઈને જ સમગ્ર શ્રમણવર્ગમાં અવ્યવસ્થા ઊભી થઈ છે, અને સંવાદ જોવા મળતો નથી.

એક મૌલિક પ્રશ્ન એ પણ છે કે સાંસારિક સામગ્રીનો-એટલે કે વિજ્ઞાને ઊભી કરેલી સામગ્રીનો ત્યાગ કરવો એ એક વાત છે પણ તે સામગ્રીના વિકાસમાં સંસારી જીવે કોઈ રુચિ ન દાખવવી એ બીજી વાત છે. સંસારી જીવો સાંસારિક સામગ્રીના વિકાસથી જે વિમુખ થાય તો પરિણામે જે સંસારમાં બધી બાબતમાં વિકાસ થઈ રહ્યો છે તે થાય નહિ અને પરિણામ એ આવે કે આદિકાળના મનુષ્ય જેવું જીવન જીવવાનું પસંદ કરવું પડે, આ અશક્ય છે. આથી વૈજ્ઞાનિક દૃષ્ટિ તો અપનાવવી જ પડે અને તે એ કે મનુષ્યના જીવનમાં બધી જ સુખ-સગવડો ઊભી કરવી. એક વૈજ્ઞાનિક રાત-દિવસ સમાધિ લગાવી નવી શોધમાં તત્પર છે અને તેનું ધ્યેય તો એક માત્ર એ જ હોય છે કે તેનો લાભ દુનિયાને મળે, પોતાને જ લાભ મળે તે નથી હોતો. આ પ્રક્રિયાને અટકાવવાની જરૂર નથી. પરંતુ મનુષ્યના મનને જ માત્ર સુધારવાની જરૂર છે. તે સ્વાર્થી ન થાય—જે કાંઈ હોય તે વહેંચીને ભોગવવાની ભાવનાવાળો થાય. આવું કરવાની જરૂર છે. બધા જ કાંઈ સંસારત્યાગી થઈ શકે નહિ, તો પછી સંસારને ભયંકર બનાવી ત્યાગ કરાવવાનો કાંઈ અર્થ નથી. પણ પ્રાપ્તિ છતાં તેમાંથી વૈરાગ્ય જન્મે અને વહેંચીને ખાતો થાય એ કરવાની જરૂર છે. સંસારમાં અત્યારે હવે વિશ્વકુટુંબની ભાવનાને વિકસાવવાનો પૂરો અવસર છે અને તે ભાવના વિકસે તો સંસારના જે દોષો દેખાય છે તે દૂર થાય પછી સંસાર શા માટે છોડવો પડે ?

શરીરને અશુચિનો ભંડાર માની વૈરાગ્ય કેળવવાની વાત પણ વિચારણીય છે. અશુચિ છે માટે છોડવું એમ શા માટે ? તેને શુચિ બનાવવા પ્રયત્ન કેમ ન કરવો ? અને જીવનમાં જુઓ તો જણાશે કે અશુચિ તાત્ત્વિક રીતે માન્યા છતાં વ્યવહારમાં શુચિતા લાવવા આપણે પ્રયત્ન નથી કરતા ? જો શુચિતા માટે પ્રયત્ન ન કરતા હોત તો આજે જે સુઘડતા દેખાય છે—શરીરની કે ઘરની કે શેરીની કે ગામની તે શક્ય હતી ? અને વસ્તુતઃ શરીરને અશુચિ માનવા છતાં પણ તેને નીરોગી બનાવવા શક્ય તેટલા બધા પ્રયત્ન આપણે નથી કરતા ? એ પ્રયત્નો બિનજરૂરી છે એમ માનવાની જરૂર નથી. કારણ, શરીર એ તો ધર્મનું પ્રથમ સાધન છે. જ્યારે માત્ર લક્ષ આત્માનું બને ત્યારે શરીરની ઉપેક્ષા સહન થાય, પરંતુ ત્યારે પણ શરીરને તેનો ખોરાક કેવળી પણ આપે જ છે એ ભૂલવું ન જોઈએ. એટલે અશુચિ છે માટે તે ઉપેક્ષણીય છે એમ માની લેવાની જરૂર નથી પણ તેની પાસેથી યથેચ્છ કામ લેવા માટે તેની જરૂરી દરકાર તો રાખવી જ જોઈએ. આમ અશુચિ છે માટે તેને કાદવમાં ખદબદતું રાખી વધારે અશુચિ બનાવવાની જરૂર નથી પણ તેને શુચિ અને સુંદર બનાવવાની જરૂર છે. આ માટે જ ભક્તામરમાં ભગવાનના શરીરના પુદ્ગલપરમાણુને અશુચિ માન્યા નથી, પરંતુ શુચિ માન્યા છે. આવી સ્થિતિમાં માત્ર વૈરાગ્ય અને તે પણ જડ બુદ્ધિવાળાને લાવવા માટે અશુચિની વાત હતી તેને વિસ્તારી અશુચિમાં પડવાની જરૂર નથી પરંતુ સમગ્ર વાતાવરણમાં શુચિતા લાવવા પ્રયત્નની જરૂર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે પણ જૈન શ્રમણોને શુચિનો પૂરો ખ્યાલ નથી, તેની આવશ્યકતા સમજાઈ નથી તેથી તેમના મળથી રસ્તાની શેરીઓ ગંદી કરતા આંચકો લાગતો નથી. આ સર્વથા અનુચિત છે. જ્યારે વિજ્ઞાને શુચિ-સાધનો ઉપલબ્ધ કરી આપ્યાં છે ત્યારે તેના ઉપયોગથી દૂર રહેવામાં બુદ્ધિમત્તા નથી.

અશરણભાવના વિશે પણ વિચાર જરૂરી છે. એ વાત સાચી છે કે મૃત્યુ કે રોગ-દુઃખના ભાગી કોઈ બની શકતા નથી. એટલે અશરણભાવના ભાવવી જરૂરી છે પણ જીવનમાં કોઈને કોઈનો સહકાર લીધા વિના ચાલતું પણ નથી-એ પણ હકીકત છે. એટલે જીવનવ્યવહાર તો શરણ સ્વીકાર્યા વિના ચાલતો નથી તો પરસ્પરના સહકારપૂર્ણ જીવનવ્યવહાર કેમ ન ગોઠવવો ? આખું સંસારચક્ર જો ખરી રીતે વિચારીએ તો સહકારથી જ ચાલી રહ્યું છે. તો સહકારની ભાવનાને જ શા માટે વધારે વિશુદ્ધ ન કરવી અને તેને જ આધારે સમગ્ર જીવનવ્યવહાર કેમ ન ગોઠવવો ? સાધુ થયા પછી પણ ગૃહસ્થસંઘની સહાય વિના તો ચાલતું જ નથી. ઘર નહિ તો ઉપાશ્રયમાં મમત્વ બંધાતું જોવાય છે અને ભક્તો વિના શ્રમણજીવનનો વ્યવહાર પણ ચાલી શકતો નથી. આવી સ્થિતિમાં અશરણભાવનાનું રૂપાંતર સહકારની ભાવનામાં કેમ ન કરવું ? જીવનની સહકાર ભાવના એ અનિવાર્ય શરત છે અને તે જન્મથી માંડી મૃત્યુપર્યંત જરૂરી છે.

આ રીતે જોઈએ તો જીવનનો આધાર જ સહકાર છે એટલે તેની જ ભાવના કેળવવી જરૂરી છે. મૃત્યુ સમયે વૈરાગ્ય અને મમત્વના ત્યાગ અર્થે અશરણ ભાવના કેળવીએ પણ જીવન પર્યંત તો સહકાર જ કેળવીએ. આમ થાય તો તેમાં જીવનસાધનામાં કાંઈ ઊણપ આવે એવું નથી. ઊલટાનું તે સમૃદ્ધ બનશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અમર યશોવિજયજી

ભારતીય દર્શનોની વિભિન્ન પરંપરાઓના નિર્માણમાં ખાસ એક વ્યક્તિના નહિ પણ સરખા વિચારો ધરાવનાર એક વર્ગની બુદ્ધિ કાર્ય કરે છે. તે તે વર્ગમાંની કોઈ એક વિશેષ વ્યક્તિ જ્યારે તે વર્ગના વિચારોને વ્યવસ્થિત રૂપ આપે છે ત્યારે તે તે પરંપરા તે તે વ્યક્તિવિશેષને નામે પ્રસિદ્ધિને પામે છે. પણ તેનો અર્થ એ નથી કે તે વ્યક્તિએ તે તે પરંપરાને વ્યવસ્થિત કરી એટલે પછી બીજાઓએ કશું જ કરવાનું રહેતું નથી.

ભારતીય ન્યાયદર્શનને ગૌતમે વ્યવસ્થિત કર્યું એટલે તેનું દર્શન ત્યાં જ સમાપ્ત થાય એમ નથી. બીજું ગૌતમમાં જે મૂળ વિચારો વ્યવસ્થિત થયા છે તેનું સમર્થન કરનારા આજ પણ વિદ્યમાન છે અને એ જ હકીકત ભારતીય બધાં દર્શનો વિશે કહી શકાય.

ભગવાન મહાવીરે જૈન ધર્મ કે દર્શનને જે વ્યવસ્થિત રૂપ આપ્યું તેના વિશે પણ ઉક્ત ન્યાયે કહી શકાય કે તેમાંનું બધું તેમનું પોતાનું હતું જ નહિ પણ સરખી વિચારધારા અનુસાર એક વર્ગના વિચારોનું પ્રતિબિંબ તેમની વ્યવસ્થામાં હતું. જે વસ્તુ એક વ્યક્તિની હોય છે, તે તેના મૃત્યુ પછી ભુલાઈ જાય તેવો સંભવ છે પણ જે વસ્તુ એક વર્ગની હોય છે તેનો અંત શીઘ્ર આવતો નથી. એ જ કારણ છે કે ભારતીય દર્શનોની પરંપરા લંબાય છે અને તેને અનુસરનાર એક વર્ગ હોય છે. પશ્ચિમમાં એથી ઊલટું બને છે. ત્યાં જે દાર્શનિકો થયા છે તે મોટે ભાગે વૈયક્તિક દર્શનને મહત્ત્વ આપે છે. પરિણામે તે તે દાર્શનિકોની પરંપરા બહુ લંબાતી નથી. જેને કંઈ કહેવું હોય છે તે પૂર્વ દાર્શનિકના સમર્થનમાં નહીં પણ તેના ખંડનમાં જ મોટે ભાગે કહે છે. પરિણામે પ્લેટો કે કાન્ટની પરંપરા ઘડાતી કે લંબાતી નથી પણ તેઓ એકલા અટૂલા જેવા રહી જાય છે.

આવી પરિસ્થિતિમાં ભારતીય દર્શનોમાં કોઈપણ દાર્શનિકને સ્વતંત્ર દાર્શનિકનું પદ મળવું સંભવિત નથી. પણ એનો અર્થ એ પણ નથી કે ભારતના દાર્શનિકોને પોતાનું કશું જ દેવાનું પણ હોતું નથી.

દિઙ્નાગ, ધર્મકીર્તિ, વાત્સ્યાયન, ઉદ્દ્યોતકર, શંકરાચાર્ય, રામાનુજ, વાચસ્પતિ, કુમારિલ, પ્રશસ્તપાદ જેવા મહાન ભારતીય દાર્શનિકોએ કોઈ નવું દર્શન ભલે ન સ્થાપ્યું હોય, પરંતુ પોતાનાં દર્શનો માટે જે કંઈ તેમણે કર્યું છે, તે એક સ્વતંત્ર દાર્શનિકના કાર્ય કરતાં જરા પણ ઊતરતું નથી. તે જ પ્રમાણે જૈન દર્શન વિશે પણ કહી શકાય કે સિદ્ધસેન, સમન્તભદ્ર, જિનભદ્ર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકલંક, હરિભદ્ર, વિદ્યાનંદ કે યશોવિજયજી જેવાઓએ જૈન દર્શનના નિરૂપણમાં જે ફાળો આપ્યો છે તે તેમને સ્વતંત્ર દાર્શનિકો તરીકે ભલે યશ ન અપાવે પરંતુ તેમનાં કાર્યોનું મહત્ત્વ તેથી કંઈ ઓછું થતું નથી. તેનાં કારણોનો વિચાર પણ અહીં થોડો કરી લેવો જોઈએ.

ન્યાયદર્શન કે વૈશેષિકદર્શન ભેદમૂલક દર્શન છે અને તેને મતે આત્મા જેવા પદાર્થો નિત્ય છે, તેથી વિપરીત વેદાંતમાં અભેદને પ્રાધાન્ય છે. જ્યારે બૌદ્ધ દર્શનમાં બધી જ વસ્તુઓ ક્ષણિક-અનિત્ય છે. ગૌતમ કે કણાદે ભેદની સ્થાપનામાં જે દલીલો આપી હોય તેનું નિવારણ વેદાન્તે કરવું જોઈએ અને નિત્યની સ્થાપનાનું ઉત્થાપન બૌદ્ધોએ કરવું જ જોઈએ. આ પરિસ્થિતિમાં ભારતીય દર્શનોમાં પારસ્પરિક ખંડનની પરંપરા ચાલે એ સ્વાભાવિક છે. એથી જ આપણે જોઈએ છીએ કે ન્યાયસૂત્રમાં પોતાના સમય સુધીમાં ન્યાયપરંપરા સામે અન્ય પરંપરામાં જે આક્ષેપો થયા હતા તે બધાનો ઉત્તર આપવાનો પ્રયત્ન થયો છે અને પોતાની માન્યતાને નવી દલીલોથી દૃઢ કરવામાં આવી છે. ન્યાયસૂત્રકાર પછી જે બૌદ્ધ વિદ્વાનો થયા તેમણે ન્યાયસૂત્રની સ્થાપનાને ઉત્થાપી હતી. તેનો ઉત્તર વાત્સ્યાયને આપીને ન્યાયદર્શનને દૃઢ કરવાનો પ્રયત્ન કર્યો. પણ તેનું ખંડન દિઙ્નાગે કર્યું અને બૌદ્ધપક્ષને સ્થિર કર્યો. આ રીતે ન્યાય અને બૌદ્ધોનું જેમ વાગ્યુદ્ધ થયું છે તેમ બીજાં દર્શનોનું પણ પરસ્પર યુદ્ધ થયું છે. પ્રત્યેક દર્શનના પ્રમુખ વિદ્વાનનું એ કર્તવ્ય મનાયું છે કે તેણે પોતાના સમય સુધીમાં તે તે દર્શન વિશે જે આક્ષેપો થયા હોય તેનું નિવારણ કરીને નવી દલીલો આપી પોતાના પક્ષને દૃઢ કરવો જોઈએ. આથી પોતાના પક્ષને દૃઢ કરવાનું કાર્ય કોઈ પણ નવી સ્થાપનાથી જરા પણ ઓછા મહત્ત્વનું નથી. એ આપણને સહજમાં સમજાઈ જાય છે. આ વસ્તુસ્થિતિના પ્રકાશમાં વાચક યશોવિજયજીનો જૈન દર્શન અને તે દ્વારા ભારતીય દર્શનોમાં જે ફાળો છે તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેમનું મહત્ત્વ આપણી આગળ ઊપસી આવે છે.

આચાર્ય ગંગેશે ભારતીય દર્શનમાં નવ્યન્યાયની સ્થાપના કરી અને વિચારને વ્યક્ત કરવાની એક ચોકસાઈભરેલી પ્રણાલીનો આવિર્ભાવ કર્યો. ત્યાર પછી બધાં દર્શનોને એ નવી શૈલીનો આશ્રય લેવો પડ્યો છે. એનું કારણ એક જ છે કે કોઈપણ વિચારને સ્પષ્ટ અને ચોક્કસ રૂપમાં મૂકવામાં એ શૈલી જે પ્રકારે સહાયક બને છે તેવી સહાયતા પ્રાચીન પ્રણાલીમાં મળતી ન હતી. આથી શાસ્ત્રકારોને પોતાના વિચારો એ શૈલીના આશ્રયે વ્યક્ત કર્યા સિવાય ચાલે તેમ ન હતું. આ જ કારણ છે કે વ્યાકરણ અને અલંકાર જેવા વિષયોમાં પણ તેનો આશ્રય લેવામાં આવ્યો છે. એ પછી તો બધાંય દર્શનો તેનો આશ્રય લે તેમાં કશી જ નવાઈ ન લેખાય. પરંતુ એ શૈલીના ચારસો વર્ષના પ્રચલન છતાં જૈન દર્શનમાં એ શૈલીનો પ્રવેશ થયો ન હતો. ચારસો સાડાચારસો વર્ષના એ વિકાસથી જૈન દર્શન અને જૈન ધર્મ સંબંધી સમસ્ત સાહિત્ય સાવ વંચિત હતું. ભારતીય સાહિત્યના બધાં ક્ષેત્રે એ શૈલીનો પ્રવેશ થયો છતાં પણ જૈન સાહિત્યમાં એ ન પ્રવેશી તેમાં જૈનાચાર્યોની શિથિલતાને જ કારણ માનવું જોઈએ. કારણ, જો પોતાના શાસ્ત્રને નિત્યનૂતન રાખવું હોય તો જે જે અનુકૂલ કે પ્રતિકૂલ વિચારો પોતાના સમય સુધી વિસ્તર્યા હોય તેનો યથાયોગ્ય રીતે પોતાના શાસ્ત્રમાં સમાવેશ કરવો આવશ્યક છે. અન્યથા તે શાસ્ત્ર બીજાં શાસ્ત્રોની હરોળમાં ઊભું રહી શકે જ નહીં. એ ચારસો સાડાચારસો વર્ષના વિકાસનો સમાવેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકલે હાથે વાચક યશોવિજયજીએ જૈન શાસ્ત્રમાં કર્યો છે. તેમના આ મહાન કાર્યનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેમની પ્રતિભાને નમન કર્યા વિના છૂટકો નથી થતો. તેમણે અનેક વિષયોના ગ્રંથો લખ્યા છે પણ તે ન જ લખ્યા હોત તો પણ તેમણે જે જૈન દર્શનને નવ્ય ન્યાયની શૈલીમાં મૂકીને અપૂર્વ કાર્ય કર્યું છે તેને લઈને તેઓ અમર થઈ ગયા છે.

અઢારમી સદીમાં ઉપાધ્યાયજી મ૦ શ્રી યશોવિજયજીએ જે કાર્ય કર્યું તે પાછું ત્યાં જ અટકી ગયું. ત્યાર પછી ભારતીય દર્શનોમાં પણ કશો વિશેષ વિકાસ થયો નથી જે હાલમાં વીસમી સદીના પૂર્વાર્ધમાં થયો છે. ડૉ૦ રાધાકૃષ્ણ જેવાએ પશ્ચિમનાં દર્શનોનો અભ્યાસ કરીને પૂર્વ અને પશ્ચિમનો સમન્વય કરતું નૂતન વેદાંત દર્શન આપ્યું છે અને એ રીતે ભારતીય દર્શનોમાંના વેદાંત પક્ષને અદ્યતન બનાવવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આધુનિક દર્શન શાસ્ત્રમાંથી ગ્રાહ્ય કે ત્યાજ્યનો વિચાર કરનાર હજુ કોઈ જૈન દાર્શનિક પાક્યો નથી. એ જ્યાં સુધી નહિ પાકે ત્યાં સુધી વાચક યશોવિજયજી જૈન દર્શન વિશે અંતિમ પ્રમાણ રહેશે, પરંતુ વાચક યશોવિજયજીના આત્માને એથી સંતોષ ભાગ્યે જ થાય. તેમણે અષ્ટસહસ્રી જેવા ગ્રંથને દશમી સદીમાં બહાર કાઢીને અઢારમી શતાબ્દીનો બનાવી દીધો તે તેમના એ અષ્ટસહસ્રીના વિવરણને જ્યાં સુધી કોઈ વીસમી સદીમાં લાવીને ન મૂકે ત્યાં સુધી એમનો આત્મા અસંતુષ્ટ જ શા માટે ન રહે ? જૈન સમાજ તેમના સારસ્વત સત્ર નિમિત્તે એ સુકાઈ ગયેલા વિદ્યાસ્રોતને ફરી સજીવન કરશે તો તેની ભક્તિ સાચી અને મૂલ્યવાન ગણાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' : એક નોંધ

શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા દ્વારા ઉપા૦ યશોવિજયજીકૃત 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' તેના ટબા સાથે ઈ૦ ૧૯૩૮માં પ્રકાશિત થયેલ છે. તેમાં વિસ્તૃત વિષયાનુક્રમ ઉપરાંત અંતમાં તેના 'છૂટા બોલ' પણ છાપવામાં આવ્યા છે. આ કૃતિ જૂની ગુજરાતી ભાષામાં લખાઈ છે.

સંસ્કૃતમાં લખાયેલ 'દ્રવ્યાનુયોગતર્કણા' નામનો ગ્રંથ છે. આના કર્તા ભોજ સાગર છે. ભોજ સાગરે યશોવિજયજીના 'દ્રવ્યગુણપર્યાયરાસ'નો આધાર લઈને આની રચના કરી છે.

'દ્રવ્યગુણપર્યાયનો રાસ' એ ગ્રંથ ઘણા ભાગે ગુજરાતીમાં તે સૈકામાં લખાયેલ એક માત્ર દાર્શનિક ગ્રંથ હોવાનો સંભવ છે. આમ ગુજરાતી ભાષામાં લખાયેલ દાર્શનિક સાહિત્યમાં આનું મહત્ત્વનું સ્થાન છે.

આ ગ્રંથની જૂનામાં જૂની હસ્તપ્રત સં૦ ૧૭૨૯(ઈ૦ ૧૬૭૩)માં લખાયેલી મળે છે. એટલે એ પૂર્વે ક્યારેક તેની રચના ઉપાધ્યાય યશોવિજયજીએ કરી હશે એમ માની શકાય. ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'જંબૂસ્વામીનો રાસ' સં૦ ૧૭૩૯માં રચાયો છે એટલે 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' એ પૂર્વે જ રચાયો છે એમાં શંકા નથી.

જૂના કાળથી ચાલી આવતી ચર્ચા જ્ઞાન ચડે કે ક્રિયા—એ ચર્ચા એમના કાળમાં પણ શમી ન હતી. એટલું જ નહીં પણ કેટલાક જ્ઞાનની સર્વથા ઉપેક્ષા જ કરતા હતા. તેમાં સ્થાનકવાસી સંપ્રદાય પણ એક હતો. એટલે ગ્રંથના પ્રારંભમાં શાસ્ત્રનાં અવતરણો આપીને ઉપાધ્યાયજીએ સિદ્ધ કર્યું છે કે જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ છે અને આચારમાં પણ અપવાદ કરવા પડે તો તેમ કરીને પણ જ્ઞાનની આરાધના કરવી જોઈએ એમ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન ઉપાધ્યાયજીએ કર્યો છે.

આ ગ્રંથનું નિર્માણ કરવામાં ઉપાધ્યાયજીએ અનેક ગ્રંથોનાં અવતરણોનો ઉપયોગ કરેલ છે. તેથી તેમની બહુશ્રુતતા સિદ્ધ થાય છે અને તેથી જ કહી શકાય કે ભગવાન મહાવીરથી માંડીને ઈસાની સત્તરમી સદી સુધીમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વિશે ભારતીય દર્શનોમાં જે વિચારણા થઈ હશે તેનું પરીક્ષણ આમાં છે. અને છેવટે તે બાબતમાં જૈન દર્શનની માન્યતાની સ્થાપના ઉપાધ્યાયજી જેવા બહુશ્રુત વિદ્વાન કરે એ પણ અપેક્ષિત છે જ. ગ્રંથનું પારાયણ કરતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે આમાં ઉપાધ્યાયજીએ એ અપેક્ષાને ન્યાય આપ્યો જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારતીય દર્શનોમાં ભેદવાદ અને અભેદવાદના વ્યવસ્થાપકો થયા છે અને એ વાદોની પરાકાષ્ઠા થયા પછી જ જૈન દર્શને વાદવિવાદમાં પ્રવેશ કર્યો છે એટલે સ્વાભાવિક છે કે તે દર્શનમાં વિરોધી વાદોના સમન્વયને સ્થાન મળે તેથી જ જૈનોના ભેદાભેદવાદ છે. આમ જૈન દર્શન સમન્વયવાદી હોઈ તે અનેકાંતવાદી દર્શન તરીકે પ્રતિષ્ઠિત થયું છે.

અન્ય દર્શનોએ પદાર્થ વિશે વિચાર કર્યો છે તેમાં વેદાંતના અદ્વૈતદર્શનમાં એકમાત્ર બ્રહ્મપદાર્થનું અસ્તિત્વ માન્યું છે. બાકી બધો તેનો જ પ્રપંચ છે અને તે તેનાથી ભિન્ન નથી—આમ અભેદવાદનું પ્રાધાન્ય તેમાં છે. એ સિવાયના દાર્શનિકોએ પદાર્થની સંખ્યા એકાધિક માની છે. એ બધાનો ભેદભાવ એટલા માટે છે કે એકાધિક પદાર્થો એકબીજાથી સર્વથા ભિન્ન છે. એવી સૌની માન્યતા સ્થિર થયેલી છે. આ બન્ને વાદોનો સમન્વય કરી જૈનોએ ભેદાભેદવાદની સ્થાપના કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં એવી સ્થાપના છે કે જગતમાં પદાર્થ બે જ છે—દ્રવ્ય અને પર્યાય. ગુણ એ પર્યાય જ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય—આમ ત્રણ પદાર્થ માનનારા જૈનોમાં પણ થયા છે, પરંતુ ઉપાધ્યાયજીએ એ મત સ્વીકાર્યો નથી પણ ગુણ અને પર્યાયની એકતા માની છે. આમ બે જ મૂળ પદાર્થો જૈનોને માન્ય છે એમ ઉપાધ્યાયજીની સ્થાપના છે.

વૈશેષિક અને નૈયાયિકોએ પદાર્થની લાંબી યાદી આપી હતી તેમાં તેમણે પણ દ્રવ્ય અને ગુણનો સ્વીકાર કર્યો જ છે. ભેદ એ છે કે તેમણે ગુણ અને દ્રવ્યનો આત્યંત ભેદ માની તેમને જોડનાર એક અન્ય પદાર્થ સમવાય નામના સંબંધનો સ્વીકાર કર્યો છે; જ્યારે જૈનોએ તેમને જણાવ્યું કે સમવાય નામના સંબંધને કારણે જ બે પદાર્થો જોડાતા હોય તો એ ત્રીજા પદાર્થ સમવાયને પણ દ્રવ્ય-ગુણ સાથે જોડનાર અન્ય પદાર્થ કલ્પવા જતાં અનવસ્થા થશે માટે દ્રવ્ય અને ગુણનું તાદાત્મ્ય=અભેદ માનવો જોઈએ. એ બન્ને અભિન્ન છતાં લક્ષણભેદને કારણે અનુભવને આધારે તેમને ભિન્ન માની શકાય. અનુભવ એવો છે કે ગુણના ગ્રહણ માટે કોઈ એક જ ઇન્દ્રિય કામે લાગે છે, જ્યારે દ્રવ્યગ્રહણ એકાધિક ઇન્દ્રિયો વડે થઈ શકે છે. આમ બન્ને અભિન્ન છતાં તેમને ભિન્ન માનવામાં આપત્તિ નથી.

ગુણને પર્યાય એટલા માટે કહેવામાં આવે છે કે ગુણ સદૈવ પરિવર્તનશીલ છે. તેનું અસ્તિત્વ દ્રવ્ય સાથે સદૈવ છે જ પણ તે નવાનવા રૂપે તેમાં રહે છે, એક રૂપે નહીં. આથી તેને પર્યાય સંજ્ઞા દીધી છે.

અહીં એક બીજી ચર્ચા પણ શરૂ થાય છે કે પર્યાય જે નવાનવા રૂપે આવે છે તે કાર્ય હોઈ તેને સત્કાર્ય—એટલે કે વિદ્યમાન એવું કાર્ય માનવું કે અસત્કાર્ય એટલે કે સર્વથા વિદ્યમાન ન હોય છતાં નવું જ ઉત્પન્ન થાય છે, એમ માનવું. અહીં પણ બે પક્ષો છે. નૈયાયિકો કાર્યને અસત્કાર્ય માને છે જ્યારે સાંખ્યો અને બીજા અભેદવાદીઓ સત્કાર્ય માને છે. અહીં પણ જૈનોને મતે કાર્ય સત્-અસત્ બન્ને છે. તે ગુણ રૂપે સદૈવ સત્ છે જ. વળી દ્રવ્યના અભેદને કારણે પણ સત્ છે જ. તે કાર્ય અવ્યક્ત હતું તે માત્ર હવે વ્યક્ત રૂપે પ્રકટ થયું છે તેથી તે સત્ અને અસત્ બંને છે. અવ્યક્ત રૂપે હતું જ માટે સત્ અને વ્યક્ત ન હતું માટે અસત્—આમ બે વિરોધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતોનો સમન્વય કાર્ય પરત્વે પણ જૈનોએ કર્યો છે તે અહીં રાસમાં પણ ઉપાધ્યાયજીએ સ્પષ્ટ કર્યું છે.

દ્રવ્યનું વ્યાવર્તક લક્ષણ તેનો ગુણ જ બને છે તેથી ગુણને દ્રવ્યથી સર્વથા ભિન્ન માની શકાય નહીં કારણ તે તેનો સ્વભાવ છે. અને સ્વભાવને ભિન્ન માનવા જતાં તે વ્યાવર્તક બની શકશે નહીં. છતાં પણ ભિન્ન એટલા માટે માનવો ઘટે કે દ્રવ્ય ધ્રુવ છે જ્યારે ગુણ પરિવર્તનશીલ છે. આમ દ્રવ્ય અને ગુણનો ભેદાભેદ ઉપાધ્યાયજીએ સિદ્ધ કર્યો છે.

નૈયાયિકોએ સામાન્ય અને વિશેષ નામે સ્વતંત્ર પદાર્થો સ્વીકાર્યા છે. તે બાબતમાં ઉપાધ્યાયજીએ સ્પષ્ટ કર્યું છે કે દ્રવ્ય એ જ સામાન્ય છે અને પર્યાય એ વિશેષ છે. તેથી તેમને ભિન્ન માનવાની જરૂર નથી.

મુખ્ય રૂપે આ ચર્ચા પછી સપ્તભંગી અને નયોની ચર્ચા વિસ્તારથી દ્રવ્યગુણના સંદર્ભમાં કરવામાં આવી છે, અને ગ્રંથને પૂર્ણ કરવામાં આવ્યો છે. અંતના પદ્યમાં જશ એવું નિર્દિષ્ટ હોઈ તે નિશ્ચિત રૂપે યશોવિજયજીની કૃતિ છે—

જે દિનદિન એમ ભાવએ દ્રવ્યાદિ વિચાર

તે લેશે જશ સંપદા સુખ સઘળા સાર. (૧૪.૧૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# HINDĪ SECTION

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# प्राचीन जैन साहित्य के प्रारंभिक निष्ठासूत्र

प्रश्न यह है कि हम जैन साहित्य को अन्य साहित्य से अलग क्यों करते हैं ? इसका उत्तर यह है कि भारतीय साहित्य में वेद से लेकर अब तक जो साहित्य प्रकाश में आया है उसमें हम जिसे जैन साहित्य के नाम से पहचानते हैं वह अन्य वैदिक साहित्य से सर्वथा अलग है । इसका मुख्य कारण यह है कि जहाँ अन्य साहित्य-विशेष रूप से धार्मिक साहित्य-वेदमूलक है अर्थात् वेद को ही प्रमाण मानकर जिसकी रचना हुई है, वहीं जिसे हम जैन साहित्य कहते हैं उसका प्रारम्भ ही वेद के प्रामाण्य के विरोध हेतु हुआ है ।

यह विरोध प्रारम्भ में दो तरह से प्रकट होता है : एक तो भाषा को लेकर और दूसरा प्रतिपाद्य वस्तु को लेकर ।

वैदिक साहित्य की भाषा जो शिष्ट-मान्य संस्कृत थी उसके बदले जैन साहित्य का प्रारम्भ प्राकृत, अर्थात् लोक भाषा से हुआ । वेदों और उसकी भाषा ने 'मन्त्र' का पद प्राप्त किया था । अतएव उसके उच्चारण आदि में कोई फर्क नहीं पड़ना चाहिए और उसके विधिपूर्वक उच्चारण मात्र से कार्य-सिद्धि की धारणा वैदिकों में दृढ़रूप से प्रस्थापित हो चुकी थी । इसके विरोध में जैन साहित्य ने प्राकृत को अपनी भाषा के रूप में स्वीकार किया और तीर्थंकर लोक-भाषा अर्धमागधी में उपदेश देते हैं ऐसी मान्यता स्थिर हुई । फलस्वरूप प्रारम्भिक जैन साहित्य की रचना प्राकृत में ही हुई है वह भी यहाँ तक कि ईसा की चौथी सदी तक तो हमें यह स्पष्ट दिखाई देता है ।

परन्तु जब गुप्त काल में संस्कृत भाषा और वैदिक धर्म के पुनरुत्थान का प्रारम्भ होने लगा तब जैनों ने भी प्राकृत के उपरांत संस्कृत भाषा को भी अपनाया । वह भी यहाँ तक कि मूल जैन आगमों की टीकायें-गद्य या पद्य में, प्राकृत में लिखी जाती थी उसके बदले ईसा की सातवीं शताब्दी के प्रारम्भ से संस्कृत में लिखी जाने लगी और फिर कभी भी प्राकृत में लिखी ही नहीं गई और एक बार जब परम्परा में संस्कृत भाषा का प्रवेश हुआ फिर तो (फलस्वरूप) साहित्य के सभी प्रकारों में प्राकृत के बदले मुख्य रूप से संस्कृत को अपना लिया गया । यह तो हुई भाषा की बात ! अब हम प्रतिपाद्य वस्तु के बारे में विचार करें ।

वेद, ब्राह्मण, आरण्यक और उपनिषद् काल के बाद का ही जैन साहित्य हमें उपलब्ध

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

है यह निर्विवाद है । अतः वैदिक साहित्य के प्रभाव से सर्वथा मुक्त ऐसा जैन साहित्य शक्य ही नहीं । परन्तु वैदिक धर्म की निष्ठा है, जो सिद्धांत है उनसे जैन साहित्य कहाँ अलग पड़ता है, इसी का विचार करना अभीष्ट है । प्रारम्भ में ऐसा हुआ है कि वैदिक विचारों को ही कुछ बातों में अपना लिया गया परन्तु कालक्रम से उनमें परिवर्तन आया । उदाहरण के तौर पर, आचारांग में आत्मा के पारमार्थिक स्वरूप के निरूपण में मात्र वैदिक विचार ही नहीं, उसकी परिभाषा को भी अपना लिया गया, परन्तु जब यह मालूम हुआ कि जैन सम्मत स्वतन्त्र विचार के साथ वेद सम्मत आत्म-स्वरूप का समग्र भाव से कोई मेल नहीं है तब कालक्रम से उसमें परिवर्तन किया गया ।

